૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 74 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૨૯ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મ્યાનમાર, થાઈલૅન્ડ સહિત પાંચ દેશમાં ભૂકંપ

## ૨૨૭ મોત
## ૧૦૦૦થી વધુ ઘાયલ
## સેંકડો લાપતા



**ભૂકંપઃ** થાઈલૅન્ડની રાજધાની બૅંગકોકમાં શુક્રવારે ૭.૭ની તીવ્રતાના આવેલા ભૂકંપને કારણે તૂટતી બહુમાળી ઈમારત. થાઈલૅન્ડ, મ્યાનમાર ઉપરાંત ભારત, બાંગ્લાદેશ અને ચીનના કેટલાક શહેરોમાં ધરતીકંપના આંચકા લાગ્યા હતા અને તેમાં જાનમાલને ભારે હાનિ થઈ હતી. (એજન્સી)

નવી દિલ્હીઃ મ્યાનમાર અને થાઈલેન્ડના અનેક શહેરમાં ૭.૭ની તીવ્રતાવાળા ધરતીકંપના આચકા અનુભવાયા હતા. આ ઉપરાંત, ભારત, ચીન, બાંગ્લાદેશના અમુક શહેરમાં ભૂકંપના આચકા લાગ્યા હતા. ધરતીકંપમાં જાનમાલની ભારે હાનિ થઇ હતી. ભૂકંપને લીધે ઓછામાં ઓછા ૨૨૭ લોકો માર્યા ગયા હતા, ૧૦૦૦ થી વધુ ઘાયલ થયા હતા અને સેંકડો લોકો લાપતા છે. લોકો ગભરાઈને ઘરોમાંથી બહાર દોડી ગયાં હતાં, અનેક ઘરો તૂટી પડ્યા હતા.

મ્યાનમાર અને થાઇલૅન્ડની મોટા ભાગની ફ્લાઇટ રદ કરાઇ હતી. ભારતમાં દિલ્હી, કોલકાતા, મેઘાલય સહિત અનેક સ્થળે આંચકા અનુભવાયા હતા. બેંગકોકમાં ૩૦ માળનું મકાન ધરાશાયી થતાં અનેક લોકો માર્યા ગયા હોવાના અહેવાલ મળ્યા છે. મ્યાનમારમાં શુક્રવારે ૧૧.૫૦ વાગ્યે ૭.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ત્યાર પછી મ્યાનમારે પોતાની રાજધાનીમાં કટોકટી જાહેર કરી છે, જે તેનું બીજું સૌથી મોટું શહેર છે. શુક્રવારે થાઇલેન્ડ અને પડોશી મ્યાનમારમાં ભૂકંપના વિનાશક આંચકા અનુભવાયા હતા, જેના કારણે દક્ષિણપૂર્વ એશિયાના દેશો અને અન્ય કેટલાક (જુઓ પાનું ૨) ▶▶

## ભારત ભૂકંપગ્રસ્તોને તમામ શક્ય મદદ કરવા તૈયારઃ મોદી

નવી દિલ્હી. : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મ્યાનમાર અને થાઈલેન્ડમાં આવેલા વિનાશક ભૂકંપ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ભારત બંને દેશોને તમામ શક્ય સહાયતા આપવા તૈયાર છે.

''મ્યાનમાર અને થાઈલેન્ડમાં ભૂકંપના પગલે પરિસ્થિતિથી ચિંતિત. દરેકની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરું છું,'' એમ મોદીએ એક્સ પર કહ્યું હતું.

તેમણે કહ્યું કે, ''ભારત તમામ સંભવ મદદ કરવા તૈયાર છે. આ સંદર્ભે, અમારા સત્તાવાળાઓને સ્ટેન્ડબાય રહેવા કહ્યું છે. તેમ જ વિદેશ મંત્રાલયને મ્યાનમાર અને થાઈલેન્ડની સરકારો સાથે સંપર્કમાં રહેવા કહ્યું છે.''

થાઈલેન્ડના વડા પ્રધાન પેટોન્ગટાર્ન શિનાવાત્રાએ ભૂકંપની અસરનું મૂલ્યાંકન કરવા ઈમરજન્સી બેઠક બોલાવી છે. ભૂકંપે થાઈલેન્ડના ઘણા ભાગોને હચમચાવી નાખ્યા છે, જેમાં તેની રાજધાની બૅંગકોકનો સમાવેશ થાય છે, બિમસ્ટેક પ્રાદેશિક જૂથની આગામી સપ્તાહની (જુઓ પાનું ૨) ▶▶

## કોલકાતા, ઈમ્ફાલમાં આંચકા

કોલકાતા/ઈમ્ફાલ : થાઈલેન્ડની રાજધાની બૅંગકોકમાં ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ શુક્રવારે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, ઓડિશા, મધ્ય પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, ત્રિપુરા, આસામ અને સિક્કિમ જેવા ભારતના ઉત્તર-પૂર્વ રાજ્યોમાં ખૂબ જ મજબૂત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ બાદ લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. બહુમાળી ઇમારતોમાં રહેતા લોકો સૌથી વધુ તણાવમાં હોવાનું જણાયું હતું. ખુલ્લી જગ્યામાં ઝડપથી દોડતા જોવા મળી રહ્યા છે. જો કે, ભારતમાં તેની અસર એટલી તીવ્ર નથી જેટલી મ્યાનમાર અને બાંગ્લાદેશમાં છે. ઉત્તર પ્રદેશથી લઈને બિહાર અને બંગાળ સુધી ધરતી ધ્રૂજી ઊઠી હતી. કોલકાતા અને ઈમ્ફાલમાં પણ હળવા આંચકા અનુભવાયા હતા. દિલ્હી એનસીઆર, કોલકાતા અને આજુબાજુના વિસ્તારોના રહેવાસીઓએ ભૂકંપ દરમિયાન હળવી ધ્રુજારી અને મકાનો હલતા જોવાની જાણ કરી (જુઓ પાનું ૨) ▶▶

## આજે સૂર્યગ્રહણઃ ભારતમાં દેખાશે નહીં

નવી દિલ્હીઃ સૂર્યમંડળમાં ગ્રહણ ભલે એક ખગોળીય ઘટના હોય, પરંતુ જ્યોતિષ શાસ્ત્ર અનુસાર તેની અસર ફાયદાકારક કે નુકસાનકારક હોઇ શકે છે. તેમ જ તેની અસર લાંબા સમય સુધી રહી શકે છે. ૨૯ માર્ચ એટલે કે આજે વર્ષનું પહેલું સૂર્યગ્રહણ થવા જઇ રહ્યું છે. સાથે આજે શનિ અમાસનો સંયોગ પણ બની રહ્યો છે.

જ્યોતિષ શાસ્ત્રમાં સૂર્યગ્રહણને એક મહત્ત્વપૂર્ણ ખગોળીય ઘટના માનવામાં આવે છે. જે આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ વખતનું સૂર્યગ્રહણ આંશિક રહેશે. જ્યારે ચંદ્ર સૂર્ય અને પૃથ્વીની વચ્ચે આવે છે ત્યારે આ ખગોળીય ઘટના બને છે, જેને સૂર્યગ્રહણ કહેવામાં આવે છે. વર્ષ ૨૦૨૫નું પહેલું સૂર્યગ્રહણ ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની અમાસ એટલે કે આજે થશે. આ ખંડગ્રાસ સૂર્યગ્રહણ એટલે કે આંશિક હશે. જે ભારતમાં દેખાશે નહીં. જેથી ધાર્મિક દ્રષ્ટિએ પાળવાનું રહેતું નથી. આ સૂર્યગ્રહણ મૂળભૂત રીતે દક્ષિણ અમેરિકા, આંશિક ઉત્તર અમેરિકા, ઉત્તર એશિયા, ઉત્તર-પશ્ચિમ આફ્રિકા, યુરોપ, ઉત્તર ધ્રૂવ, આર્કટિક મહાસાગર અને એટલાન્ટિક મહાસાગરમાં દેખાશે. ભારતીય માનક સમય મુજબ સૂર્યગ્રહણ આજે બપોરે ૨-૨૧ વાગ્યે શરૂ થશે અને સાંજે ૬-૧૪ વાગ્યે સમાપ્ત થશે. આ ગ્રહણનો કુલ (જુઓ પાનું ૨) ▶▶

## બૅન્કોની 'ખાસ ક્લિયરિંગ' કામગીરી સોમવારે ચાલુ રહેશે

મુંબઈઃ વર્ષ ૨૦૨૪ના તમામ સરકારી ટ્રાન્ઝેક્શન માટે 'ખાસ ક્લિયરિંગ'ની કામગીરી સોમવારે ફરજિયાત ચાલુ રાખવા આરબીઆઈએ તમામ બૅન્કોને શુક્રવારે જણાવ્યું હતું. ભારત પહેલી એપ્રિલથી ૩૧મી માર્ચના નાણાકીય વર્ષનું અનુસરણ કરે છે. વીકઍન્ડ અને ઈદ-અલ-ફિત્રનો તહેવાર હોવા છતાં દેશભરની ઈન્કમ ટેક્સ અને જીએસટી ઑફિસો ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ચાલુ રહેશે એવી જાહેરાત અગાઉ કરવામાં આવી હતી. એજન્સી બૅન્કો દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટેનાં તમામ સરકારી ટ્રાન્ઝેક્શનોને એ જ નાણાકીય વર્ષમાં ગણતરીમાં લેવાનું અગાઉ આરબીઆઈએ જણાવ્યું હતું. આ માટે દેશની તમામ (જુઓ પાનું ૨) ▶▶

### સીજીએસટીની ઑફિસો પણ ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ખુલ્લી રહેશે

નવી દિલ્હીઃ દેશભરની સેન્ટ્રલ જીએસટી (સીજીએસટી) ઑફિસો પણ ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ખુલ્લી રહેશે, એમ સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિસ ઍન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)એ શુક્રવારે કહ્યું હતું. આ તમામ દિવસોની ગણતરી કામના દિવસોમાં કરવામાં આવશે. ખાતાનું બાકી રહેલું કામ પૂરું કરી શકાય તે માટે આવકવેરા ખાતાની તમામ ઑફિસો ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચે ખુલ્લી રાખવાના સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિ (સીબીડીટી)એ આપેલા આદેશના એક દિવસ બાદ સીબીઆઈસીએ પણ એ જ ધોરણે એવો જ આદેશ બહાર પાડ્યો હતો. ૩૧મી માર્ચ વર્તમાન નાણાકીય વર્ષનો છેલ્લો દિવસ છે અને આ નાણાકીય વર્ષને લગતા તમામ સરકારી પેમેન્ટ અને સેટલમેન્ટ ૩૧મી માર્ચ સુધીમાં પૂરાં કરવાનાં હોય છે. વર્ષ ૨૦૨૩-૨૪નું અપડેટેડ આઈટીઆર ફાઈલ કરવા માટે પણ ૩૧મી માર્ચ છેલ્લો દિવસ હોય છે. (એજન્સી)

## સુરતના ચાર જણની તમિળનાડુમાં ધરપકડ

કોચીઃ કેરળ પોલીસે શુક્રવારે સોનાના કણોવાળી માટી વેચવાનો ખોટો દાવો કરીને તમિલનાડુના નમક્કલના સોનીઓ સાથે છેતરપિંડી કરવાના આરોપમાં ગુજરાતના-સુરતના ચાર વ્યક્તિઓની ધરપકડ કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, સુરતના સંદીપ હસમુખ ભાઈ (૩૭), વિપુલ માંજી ભાઈ (૪૩), ધર્મેશ ભાઈ (૩૮) અને કૃપેશ ભાઈ (૩૫) નામના આ ચાર આરોપીઓએ પીડિતો સાથે ૫૦ લાખ રૂપિયા રોકડા અને ૧૮ લાખ રૂપિયાના ચેકની છેતરપિંડી કરી હતી. તમિળનાડુ (જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા પોતાની ચિંતા કરે, ભારતની નહીં

**અમેરિકા** આખી દુનિયાનો ઉતાર છે અને અમેરિકાની એજન્સીઓ ને સરકાર પણ બધાં જ પાપ કરે છે પણ પોતે સુધરવાના બદલે દુનિયાના બીજા દેશોએ શું કરવું જોઈએ તેની સૂફિયાણી સલાહો આપ્યા કરે છે. આ સલાહો આપવા માટે અમેરિકાની સરકારે જાત જાતની સંસ્થાઓ ઊભી કરી છે કે જે ફલાણા દેશમાં આમ ચાલે છે ને ઢીંકણા દેશમાં આમ ચાલે છે એવા રિપોર્ટ પબ્લિશ કર્યા કરે છે ને બીજા દેશોને ઘોંચપરોણા કર્યા કરે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રીલિજિયસ ફ્રીડમ (USCIRF) આવી જ એક સંસ્થા છે કે જે દર વર્ષે દુનિયાના ક્યા દેશમાં ધાર્મિક સ્વાતંત્ર્યની સ્થિતિ શું છે તે અંગે રિપોર્ટ બહાર પાડ્યા કરે છે ને બધાંને સૂફિયાણી સલાહ આપ્યા કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રીલિજિયસ ફ્રીડમ (USCIRF) એ હમણાં એટલે કે ૨૦૨૫માં દુનિયાભરમાં ધાર્મિક સ્વાતંત્ર્ય મુદ્દે શું સ્થિતિ છે તેનો નવો રિપોર્ટ બહાર પાડ્યો છે.

આ રિપોર્ટમાં ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા જોખમમાં હોવાની વરસો જૂની રેકર્ડ તો ફરી વગાડી જ છે પણ ભારતની ગુપ્તચર સંસ્થા એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) પર પ્રતિબંધની માગ પણ કરી છે. USCIRF નું કહેવું છે કે, ભારતમાં લઘુમતીઓની સ્થિતિ બગડી રહી છે એટલે ભારતને ખાસ ચિંતાનો દેશ જાહેર કરવો જોઈએ. આ પ્રકારની સંસ્થાઓ લઘુમતીની વાત કરે ત્યારે મુસ્લિમ એમ જ સમજવું એ કહેવાની જરૂર નથી. USCIRF એ તેના ૨૦૨૫ના અહેવાલમાં એમ પણ કહ્યું છે કે, ભારતની ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) શીખ અલગાવવાદીઓની હત્યાના કાવતરામાં સામેલ હોવાથી તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

આ રિપોર્ટમાં બીજી પણ ઘણી મોં-માથા વિનાની વાતો છે અને એ વાતો કરવાનો કોઈ મતલબ નથી કેમ કે તેમાં કોઠી ધોઈને કીચડ જ કાઢવાનો છે. સ્વાભાવિક રીતે જ ભારતે અમેરિકન સરકારના આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા પંચ એટલે કે USCIRF ના અહેવાલને ફગાવી દીધો છે. ભારતે આ રિપોર્ટને પક્ષપાતી અને રાજકીય પ્રેરિત ગણાવ્યો.

વિદેશ મંત્રાલયે સત્તાવાર રીતે કહ્યું છે કે, USCIRF નાની નાની ઘટનાઓને વિકૃત રીતે અને ખોટી રીતે રજૂ કરીને ભારતના વૈવિધ્યસભર સમાજને નબળા પાડવાનું કામ કરે છે અને આ રિપોર્ટ પણ તેનો એક ભાગ છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, આ રિપોર્ટને વાસ્તવિકતા સાથે કોઈ લેવાદેવા નથી. ભારતમાં ૧.૪ અબજ લોકો રહે છે અને પોતાના મનપસંદ ધર્મોનું પાલન કરે છે. આ લોકો કોઈ તકલીફ વિના ભારતમાં જીવે છે પણ અમેરિકાની સંસ્થાને આ બધી વાતો સાથે કંઈ લેવાદેવા નથી. તેમને ભારતની બદનામી કરવામાં રસ છે.

મોદી સરકારની વાત સો ટકા સાચી છે. ભારતમાં લઘુમતી એટલે કે મુસ્લિમો સાથે ભેદભાવ થાય છે એ પ્રકારની વાતો નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા ત્યારથી થાય છે પણ એ વાતો રાજકીય એજન્ડાથી વધારે કંઈ નથી. ભારતમાં સહિષ્ણુતા નથી એવી વાતો ફેલાવીને ભારતમાં માહોલ બગડી રહ્યો છે એવા દાવા થાય છે પણ તેમાં દમ નથી. ભારતમાં મુસ્લિમો પર હુમલાની ઘટનાઓ બની છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ ખાલી મુસ્લિમો પર જ હુમલાની ઘટનાઓ બને છે એવું નથી. હુમલા બધાં પર થાય છે અને અપરાધો બધે થાય છે પણ મુસ્લિમો પરના હુમલાની ઘટનાઓને ધાર્મિક સ્વાતંત્ર્ય સાથે જોડીને ચગાવાય છે. બીજું એ કે, હુમલા દુનિયાભરના બધા દેશોમાં થાય છે. અમેરિકામાં હુમલા નથી થતા?

ભારતમાં મુસ્લિમ વિરોધી નિવેદનો અપાય છે એ પણ સાચું છે પણ એ રાજકીય પાર્ટીઓ દ્વારા કરાય છે. આ પ્રકારનાં નિવેદનો દુનિયાના બધા દેશોમાં થાય છે. રાજકીય પક્ષો પોતપોતાના એજન્ડા પ્રમાણે નિવેદનો આપતા હોય છે. તેમાં ધર્મવિરોધી નિવેદનો હોય, જ્ઞાતિ વિરોધી નિવેદનો હોય, સંગઠન વિરોધી નિવેદનો પણ હોય પણ તેના કારણે જે તે દેશમાં ધાર્મિક સ્વાતંત્ર્ય જોખમમાં નથી આવી જતું. અમેરિકામાં જ ડોનલ્ડ ટ્રમ્પની નજીકનાં કહેવાય એવા લોકો કેવાં મુસ્લિમ વિરોધી નિવેદનો આપી ચૂક્યાં છે અને આપી રહ્યાં છે તેની વાત કરીશું તો આ લેખ નાનો પડી જશે તેથી તેની વાત નથી કરતા પણ રાજકીય નિવેદનોને ધાર્મિક સ્વાતંત્ર્ય સાથે ના જોડી શકાય. એ રીતે જોવા જઈએ તો ભારતમાં કેટલાક મુસ્લિમ નેતા હિંદુ વિરોધી નિવેદનો પણ આપે છે. તેના કારણે કંઈ ભારત હિંદુ વિરોધી દેશ થોડો થઈ ગયો ?

અમેરિકા જે કંઈ કરે છે એ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા કરે છે અને ધાર્મિક સ્વાતંત્ર્યના નામે ઘોંચપરોણા અમેરિકાની આ વ્યૂહરચનાનો ભાગ છે. વાસ્તવમાં દુનિયામાં અમેરિકાથી વધારે દંભી કોઈ દેશ નથી. અમેરિકાની માનસિકતા ડાહી સાસરે ના જાય ને ગાંડીને શિખામણ આપે એવી છે. અમેરિકામાં ગોરા ના હોય એવાં લોકો સાથે કેવા વ્યવહાર થાય છે, કઈ રીતે કનડગત થાય ને કેવા ભેદભાવ થાય છે એ આપણી નજર સામે છે. જ્યોર્જ ફ્લોયડના કિસ્સાએ તો આખી દુનિયાને માથે લીધી હતી. આ ઘટનાના કારણે બ્લેક પ્રજા પર થતા અત્યાચારોનો મુદ્દો ચગેલો. તેની સામે અમેરિકાની બ્લેક પ્રજાએ દર્શાવેલો આક્રોશ પણ આખી દુનિયાએ જોયો હતો. અમેરિકાએ કદી દુનિયા સામે કબૂલ્યું કે, અમે આ ખોટું કર્યું છે ? અમેરિકા તેની ચિંતા કરતું નથી ને દુનિયાના બીજા દેશોને કઈ રીતે વર્તવું ને શું કરવું તેની શિખામણો આપ્યા કરે છે.

અમેરિકાએ આપણી જાસૂસી સંસ્થા રો પર પ્રતિબંધની તરફેણ કરી છે. જેમની એજન્સીઓનો ઈતિહાસ જ બીજા દેશોમાં અરાજકતા અને અશાંતિ ઊભી કરવાનો છે, ગમે તેને ઢાળી દેવાનો છે એ દેશ આપણી એજન્સી પર હત્યાના આરોપ મૂકીને પ્રતિબંધની વાત કરે તેનાથી હાસ્યાસ્પદ વાત બીજી કોઈ હોઈ ના શકે.

આપણે અમેરિકાની વાતોને કાને ધરવાની જરૂર નથી. અમેરિકાના કહેવાથી ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા નથી એવું સાબિત થતું નથી. આ દેશમાં મુસ્લિમો પર હુમલાના બનાવો બન્યા હશે કેમ કે મુસ્લિમો આ દેશના નાગરિકો છે ને આ દેશનો અવિભાજ્ય હિસ્સો છે પણ તેના કારણે ધાર્મિક રીતે વિભાજન કરાતું હોય કે લઘુમતીઓને નિશાન બનાવાતા હોય એવું ના કહેવાય. અમેરિકા પોતાના સ્વાર્થ ખાતર ગમે તે કહે, ભારતમાં લઘુમતીઓ સલામત છે ને હંમેશાં રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૯–૩–૨૦૨૫

- ભારતીય દિનાંક ૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ –30
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ–30
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૭મો સરોશ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ 30મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૯–૨૬ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૨–૦૦, મધ્યરાત્રે ક. ૦૦–૦૭
- ઓટઃ સાંજે ક. ૧૮–૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૬–૧૮ (તા. ૩૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ–અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, ખંડગ્રાસ સૂર્યગ્રહણ (ભારતમાં નહીં દેખાય), પંચક, શનિ મીનમાં ૨૧–૪૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ ગ્રહદેવતાનું પૂજન, અહિર્બુધ્ન્ય, ધ્રુવ, દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ–અભિષેક પૂજા, બગીચાના કામકાજ, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, કીર્તન, ભક્તિ ભજન, તીર્થમાં શ્રાદ્ધ, સ્નાન, દાન, જપ, તપ, નિત્ય થતાં ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય યુતિ આંખોની કાળજી લેવી.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય યુતિ, ફાલ્ગુન અમાસ યોગ, ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.

- ગોચરગ્રહોઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–મિથુન, વક્રી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, શનિ–કુંભ/મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

### ભડકાઉ ગીત મામલે ઈમરાન પ્રતાપગઢીને રાહત

# ગુજરાત પોલીસની એફઆઈઆર રદ કરતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોટ 'ભડકાઉ' ગીતના કેસમાં કૉંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢી વિરુદ્ધ ગુજરાત પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઇઆર રદ કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા એ લોકશાહીનું અભિન્ન અંગ છે. નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું એ કોર્ટની ફરજ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે બંધારણ અને બંધારણના આદર્શોનું ઉલ્લંઘન ન થાય તે સુનિશ્ચિત કરવાની પણ કોર્ટની ફરજ છે. કોર્ટે કહ્યું કે કવિતા, નાટક, ફિલ્મો, વ્યંગ અને કલા સહિતનું સાહિત્ય માનવ જીવનને વધુ અર્થપૂર્ણ બનાવે છે. પોલીસે લોકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું જોઈએ.

જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુઇયાની બેન્ચે કહ્યું હતું કે જો મોટી સંખ્યામાં લોકો કોઈ બીજાના વિચારો પસંદ ના કરતા હોય પરંતુ વિચારો વ્યક્ત કરવાના વ્યક્તિના અધિકારનું સન્માન કરવું જોઇએ અને તેનું રક્ષણ થવું જોઈએ. સ્વસ્થ સમાજમાં વાણી સ્વાતંત્ર્યનું સન્માન કરવું જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે વિચારો અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા વિના બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ ગૌરવપૂર્ણ જીવન જીવવું અશક્ય છે. સ્વસ્થ લોકશાહીમાં વ્યક્તિ અથવા વ્યક્તિઓના જૂથ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યોનો વિરોધ અન્ય દૃષ્ટિકોણ વ્યક્ત કરીને થવો જોઈએ. જો મોટી સંખ્યામાં લોકો અન્ય લોકો દ્વારા વ્યક્ત કરેલા મંતવ્યો નાપસંદ કરતા હોય તો પણ વ્યક્તિના મંતવ્યો વ્યક્ત કરવાના અધિકારનો આદર અને રક્ષણ થવું જોઈએ. કવિતા, નાટક, ફિલ્મ, વ્યંગ, કલા સહિતનું સાહિત્ય માનવ જીવનને વધુ સાર્થક બનાવે છે.

અગાઉ ૩ જાન્યુઆરીએ જામનગરમાં યોજાયેલા સમૂહલગ્ન સમારોહ દરમિયાન ભડકાઉ ગીતો ગાવા બદલ પ્રતાપગઢી સામે કેસ નોંધવામાં આવ્યો હતો. કૉંગ્રેસ લઘુમતી સેલના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રતાપગઢી પર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૯૬ (ધર્મ, જાતિ વગેરેના આધારે નફરતને પ્રોત્સાહન આપવી) અને ૧૯૭ (રાષ્ટ્રીય એકતા માટે ખતરનાક હોવાનો દાવો) સહિત અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ઇમરાન પ્રતાપગઢી દ્વારા 'એક્સ' પર અપલોડ કરાયેલ ૪૬ સેકન્ડના વીડિયોમાં તેમને ચાલતા, હાથ હલાવતા દર્શાવવામાં આવ્યા હતા જ્યારે તેમના પર ફૂલોની પાંખડીઓનો વરસાદ કરવામાં આવ્યો હતો અને એક ગીત વગાડવામાં આવ્યું હતું. એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેના ગીતો ઉશ્કેરણીજનક, રાષ્ટ્રીય એકતા માટે હાનિકારક અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારા છે.

# ચીનના યુનાનમાં ભૂકંપ

બેઇજિંગ/કુનમિંગ, : શુક્રવારે દક્ષિણ-પશ્ચિમ ચીનના યુનાન પ્રાંતમાં મ્યાનમારની સરહદે જોરદાર આંચકા અનુભવાયા હતા, સત્તાવાર મીડિયાએ અહીં અહેવાલ આપ્યો હતો.

ચાઇના અર્થક્વેક નેટવર્ક સેન્ટર દ્વારા જારી કરાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભૂકંપ ૩/ કિમીની ઊંડાઇએ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર ૨૧.૮૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૯૫.૯૫ ડિગ્રી પૂર્વ રેખાંશ પર મોનિટર કરવામાં આવ્યું હતું. રાજ્ય સંચાલિત ઝિન્હુઆ સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે યુનાનમાં હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. પ્રાંતીય રાજધાની કુનમિંગના ઘણા રહેવાસીઓએ જ્યારે બપોરે ૨.૨૦ વાગ્યે ભૂકંપનો આંચકો અનુભવ્યો હતો. મ્યાનમારની સરહદે આવેલા ઝિશુઆંગબન્ના દાઈ ઓટોનોમસ પ્રીફેક્ચરના જિંગહોંગ શહેરમાં લગભગ એક મિનિટ સુધી ધ્રુજારીનો આંચકો અનુભવાયો હતો.

# બાંગ્લાદેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા

ઢાકાઃ મ્યાનમાર સાથે ઢાકા અને ચટ્ટોગ્રામ સહિત બાંગ્લાદેશના વિવિધ ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે હજુ સુધી કોઈ જાનહાનિ થઈ નથી. બાંગ્લાદેશ હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશ સરહદની નજીક મ્યાનમારના મંડલેમાં ભૂકંપના આંચકા બપોરે ૧૨.૨૫ કલાકે અનુભવાયા હતા. ઢાકાથી ભૂકંપનું કેન્દ્રનું અંતર ૫૯૭ કિલોમીટર છે. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર મ્યાનમારના સાગાઈંગથી ૧૬ કિલોમીટર ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

### શિંદેને લગતા જોક્સનો કેસ

# કુણાલ કામરાને આગોતરા જામીન

ચેન્નઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પર જોક્સ કરવાને મામલે લોકોના ભારે રોષનો સામનો કરી રહેલા કોમેડિયન કુણાલ કામરાને મદ્રાસ હાઈ કોર્ટે શુક્રવારે આગોતરા જામીન આપ્યા હતા. કોર્ટે કામરાને સાત એપ્રિલ સુધીના જામીન આપ્યા હતા. તમિળનાડુના વિલુપુરમના વાનુરસ્થિત જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને સંતોષ થાય એવો બૉન્ડ કરવાની શરતે કોર્ટે કામરાને આ રાહત આપી હતી. ન્યાયાધીશ સુંદર મોહને અન્ય પ્રતિવાદી (ખાર પોલીસ)ને પણ નોટિસ પાઠવી હતી અને કેસની સુનાવણી માટે સાત એપ્રિલ મુકરર કરી હતી. કામરાએ રજૂઆત કરી હતી કે તે વર્ષ ૨૦૨૧માં મુંબઈથી તમિળનાડુ રહેવા જતો રહ્યો હતો અને ત્યારથી તે આ રાજ્યનો સામાન્ય નાગરિક છે. મુંબઈ પોલીસ મારી ધરપકડ કરશે એવો ભય પણ તેણે વ્યક્ત કર્યો હતો.

ન્યાયાધીશે એ વાતની નોંધ લીધી હતી કે વિલુપુરમ જિલ્લાના રહેવાસી અરજકર્તાએ કેસને મામલે કામરાની ધરપકડનો વિરોધ કર્યો હતો.

વકીલે રજૂઆત કરતા જણાવ્યું હતું કે અરજકર્તા પર આક્ષેપ છે કે સ્ટેન્ડઅપ કોમેડી શો દરમિયાન તેણે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અંગે ચોક્કસ ટિપ્પણી કરી હતી જેને કારણે તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હતી. તેમણે કહ્યું હતું કે આ આક્ષેપોને પગલે મારા અસીલનું કસ્ટોડિયલ ઈન્ટરોગેશન ન થઈ શકે. મારો અસીલ મહારાષ્ટ્રમાં આગોતરા જામીનની માગણી કરી શકવા અસમર્થ હતો કેમ કે પક્ષના પ્રધાનો અને કાર્યકર્તાઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વારાણસીમાં ચૈત્ર નવરાત્રી દરમિયાન માંસ-માછલીની દુકાનો બંધ રહેશે

વારાણસીઃ ઉત્તર પ્રદેશના વારાણસીમાં ચૈત્ર નવરાત્રીને લઇને મ્યુનિસિપલ કોર્પોરેશને માંસની દુકાનો બંધ રાખવાનો આદેશ આપ્યો છે. વારાણસીમાં પહેલી વાર ચૈત્ર નવરાત્રી દરમિયાન મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતી તમામ માછલી અને માંસની દુકાનો બંધ રહેશે.

આ સંદર્ભે ગુરુવારે વારાણસી મ્યુનિસિપલ કોર્પોરેશનની કારોબારીની બેઠકમાં સર્વાનુમતે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયની શુક્રવારે જાહેરાત કરતાં મેયર અશોક તિવારીએ જણાવ્યું કે કાશીના ધાર્મિક મહત્ત્વ અને ભક્તોની ભાવનાઓને ધ્યાને લઇને ચૈત્ર નવરાત્રી દરમિયાન તમામ માછલી અને માંસની દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેયરે વધુમાં જણાવ્યું કે આ આદેશનું ઉલ્લંઘન કરનાર કોઇપણ દુકાનદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## પહેલા પાનાનું ચાલુ

### મ્યાનમાર, થાઈલૅન્ડ

પ્રદેશોમાં બહુમાળી ઇમારતો અને સેંકડો ઘરો પત્તાની જેમ તૂટી પડયાં હતાં, જેના વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવ્યા હતા. આ તમામ શહેરોમાં સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે, ભૂકંપને કારણે મઠો અને અન્ય માળખાઓ પણ નાશ પામ્યા છે.

યુએસ જીઓલોજિકલ સર્વે અને જર્મનીના જીએફઝેડ સેન્ટર ફોર જીઓસાયન્સે જણાવ્યું હતું કે મધ્યાહનનો ભૂકંપ ૧૦ કિલોમીટર ઊંડો હતો, જેનું કેન્દ્ર મ્યાનમારમાં હતું.

પ્રારંભિક અહેવાલો અનુસાર ૧૨ મિનિટ પછી આ વિસ્તારમાં ૬.૪ની તીવ્રતા સાથેનો બીજો ભૂકંપ આવ્યો હતો.

બેંગકોકમાં બહુમાળી છતનાં પૂલમાંથી પાણી મકાન ધ્રૂજતાંની સાથે નીચે ઢોળાયું હતું અને ઘણી ઇમારતો પરથી કાટમાળ પડ્યો હતો.

વડા પ્રધાન પેટોન્ગટાર્ન શિનાવાત્રાએ મ્યાનમાર, બેંગકોક અને રાજધાની નાયપિતાવ સહિત અન્ય છ પ્રદેશમાં ભૂકંપને કારણે કટોકટીની સ્થિતિની જાહેરાત કરી હતી.

મ્યાનમારમાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે અને ઘણા વિસ્તારોમાં સરળતાથી પહોંચી શકાતું નથી.

તે તરત જ સ્પષ્ટ થયું ન હતું કે સૈન્ય કયા રાહત પ્રયાસો પ્રદાન કરવામાં સક્ષમ હશે.

### કોલકાતા, ઈમ્ફાલમાં

હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ભૂકંપના કારણે શહેરમાં જાનમાલને નુકસાન કે જાનહાનિના કોઈ અહેવાલ નથી.

મણિપુરમાં, આંચકાએ ઇમ્ફાલના થંગલ બજારના રહેવાસીઓમાં ગભરાટ ફેલાવ્યો હતો, જ્યાં ઘણી જૂની બહુમાળી ઇમારતો આવેલી છે. જોકે, હજુ સુધી કોઈ નુકસાન થયું નથી, એમ પોલીસે જણાવ્યું હતું.

### ભારત ભૂકંપગ્રસ્તોને

શિખર બેઠકનું સ્થળ છે, જેમાં મોદી અન્ય નેતાઓની સાથે હાજરી આપવાના છે.

ભારત અને થાઈલેન્ડ ઉપરાંત, બિમસ્ટેક (હુ જ્ઞર ઇયક્ષલફહ ઈંક્ષશશિંફશિંદ્ય રજ્ઞિ ખિીહશિં-જ્યભજ્ઞિંફિહ ઝયભવક્ષશભફહ ફક્ષમ ઊભજ્ઞક્ષજ્ઞળશભ ઈંજ્ઞફ્રાયફિ-શિંજ્ઞક્ષ) માં શ્રીલંકા, બાંગ્લાદેશ, મ્યાનમાર, નેપાળ અને ભૂતાનનો સમાવેશ થાય છે. બૅંગકોક સમિટમાં, બિમસ્ટેકનાં નેતાઓ સભ્ય રાષ્ટ્રો વચ્ચે સહકારને વધુ વેગ આપવા માટેના માર્ગો અને માધ્યમો પર વિચાર-વિમર્શ કરે તેવી અપેક્ષા છે.

### આજે સૂર્યગ્રહણ

સમયગાળો ૩ કલાક ૫૩ મિનિટનો રહેશે.

આ ગ્રહણ ભારતમાં દેખાશે નહીં, તેથી તેનો સૂતક કાળ અહીં અસરકારક નહીં રહે. જેનો સીધો અર્થ એ છે કે આ ગ્રહણની ભારત કે દુનિયા પર કોઇ પણ પ્રકારની ભૌતિક, આધ્યાત્મિક, ધાર્મિક કે સૂતક અસર થશે નહીં. આ સમયગાળા દરમિયાન ભારતના લોકોની દિનચર્યા રોજની જેમ સામાન્ય જ રહેશે. શાસ્ત્રો અનુસાર ગ્રહણની અસર ફક્ત તે વિસ્તારો પર પડે છે જ્યાં તે જોઇ શકાય છે. ભારતમાં આ ગ્રહણ દેખાશે નહીં તેથી ભારતીયો પર તેની કોઇ અસર થશે નહીં.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ થયું હતું, તે પણ ભારતમાં જોવા મળ્યું ન હતું. જે અમેરિકા અને અન્ય કેટલાક દેશોમાં જોવા મળ્યું હતું.

### બૅન્કોની 'ખાસ ક્લિયરિંગ'

બૅન્કોને ૩૧મી માર્ચ સુધી સામાન્ય કામના કલાકો દરમિયાન તમામ બ્રાન્ચ ખુલ્લી રાખવાનું આરબીઆઈએ જણાવી દીધું છે.

દેશની તમામ બૅન્કો માટે આ ફરજિયાત હશે એમ આરબીઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

### સુરતના ચાર જણની

સ્થિત સોનીઓ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે તપાસ બાદ આ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ અહીં પલારીવટ્ટોમમાં નોર્થ જનતા રોડ પર એક મકાન ભાડે રાખ્યું હતું અને પીડિતોને ખાતરી આપી હતી કે તેમણે સોનાના દાગીનાની ફેક્ટરીમાંથી સોનાના કણોવાળી માટી એકત્રિત કરી છે. તેઓએ આ માટી લગભગ ૫૦૦ બોરીઓમાં પેક કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે પીડિતોને પોતાના દાવા પર વિશ્વાસ અપાવવા માટે આરોપીઓએ તેમને બોરીઓમાંથી પાંચ કિલોગ્રામનો નમૂનો એકત્રિત કરવાની મંજૂરી આપી હતી. આરોપીઓએ એક અલગ રૂમમાં ખાસ તૈયાર કરેલું ટેબલ ગોઠવ્યું હતું. જ્યારે પીડિતોએ ટેબલ પર વજન માપવાના સ્કેલ પર સેમ્પલ કીટ મૂકી ત્યારે આરોપીઓમાંથી એક આરોપી કે જે ટેબલ નીચે છુપાયેલો હતો, તેણે સ્કેલ અને ટેબલ બંનેમાં પહેલાથી બનાવેલા છિદ્ર દ્વારા નમૂનામાં સોનાનું દ્રાવણ દાખલ કરવા માટે એક સિરીંજનો ઉપયોગ કર્યો.

પોલીસે જણાવ્યું હતું કે આ યુક્તિથી પીડિતોને ખાતરી થઈ કે માટીમાં સોનું વધુ માત્રામાં છે. દાવા પર વિશ્વાસ કરીને તમિળનાડુના સોનીઓએ ૫૦ લાખ રૂપિયા રોકડા ચૂકવ્યા અને પાંચ ટન માટી ખરીદવા માટે બે ચેક આપ્યા હતા. જોકે, પ્રારંભિક નમૂનાની પ્રક્રિયા કર્યા પછી પીડિતોએ અસામાન્ય રીતે વધુ સોનાનું પ્રમાણ જોયું જેનાથી શંકા જાગી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આનાથી તેઓએ પલારીવટ્ટોમ પોલીસનો સંપર્ક કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે ગુનાના સ્થળેથી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હતી.

કોચી શહેર પોલીસ કમિશનર પુટ્ટા વિમલાદિત્યના નિર્દેશ પર કાર્યવાહી કરતા અધિકારીઓએ શહેરમાં તેમના છુપાયેલાં સ્થળોએથી આરોપીઓને શોધી કાઢ્યા અને ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વધુ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ વિરુદ્ધ તમિળનાડુના સેન્થમંગલમ પોલીસ સ્ટેશન અને અહીંના એર્નાકુલમ નોર્થ પોલીસ સ્ટેશનમાં સમાન છેતરપિંડીના કેસ નોંધાયેલા છે. આ કેસોની તપાસ ચાલી રહી છે. આરોપીઓને અહીંની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

# બૅન્કોનું એટીએમ વાપરવું પહેલી મેથી મોંઘું બનશે

મુંબઈઃ આરબીઆઈએ બૅન્કોને એટીએમમાંથી કેશ વિથડ્રોલ્સના પ્રતિમાસિક મુકરર કરવામાં આવેલા નિર્ધારિત ટ્રાન્ઝેક્શન કરતાં વધુ ટ્રાન્ઝેક્શન કરવા બદલ ગ્રાહકો પાસેથી વધુ ફી વસૂલવાની પરવાનગી આપતાં ગ્રાહકો માટે પહેલી મેથી બૅન્કોનું એટીએમ વાપરવું મોંઘું બનશે.

એટીએમમાંથી રોકડ રકમ કઢાવવા મુકરર કરવામાં આવેલા નિર્ધારિત ફ્રી ટ્રાન્ઝેક્શન બાદના વધારાના પ્રત્યેકના ટ્રાન્ઝેક્શન પર બે રૂપિયા વધારવાની આરબીઆઈએ બૅન્કોને પરવાનગી આપી હોવાને કારણે બૅન્કો હવે પહેલી મેથી ગ્રાહકો પાસેથી વધારાના પ્રત્યેક ટ્રાન્ઝેક્શન માટે અગાઉ વસૂલવામાં આવતા વધુમાં વધુ રૂ. ૨૧ને બદલે રૂ. ૨૩ વસૂલી શકશે.

મેટ્રો સેન્ટરમાં ફાઈનાન્શિયલ તેમ જ નોન-ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન સહિત ગ્રાહકો જે બૅન્કમાં ખાતું ધરાવતા હોય તેનાં એટીએમમાંથી દર મહિને પાંચ અને અન્ય બૅન્કના એટીએમમાંથી ત્રણ ટ્રાન્ઝેક્શન મફત કરી શકે છે. નોન મેટ્રો સેન્ટરમાં આ સંખ્યા પાંચની હશે. હાલ બૅન્કો ફ્રી ટ્રાન્ઝેક્શન બાદનાપ્રત્યેક ટ્રાન્ઝેકશન માટે ગ્રાહકો પાસેથી રૂ. ૨૧ વસૂલે છે. (એજન્સી)

# રેસ્ટોરાં અને હૉટેલમાં સર્વિસ ચાર્જ મરજિયાત

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે એક કેસ પર પોતાનો ચુકાદો આપતા કહ્યું હતું કે હોટેલ અને રેસ્ટોરાં ફૂડ બિલમાં સર્વિસ ચાર્જ ફરજિયાત બનાવી શકતા નથી. જો ગ્રાહક ઈચ્છે તો તે પોતાની ઈચ્છા મુજબ તે પૂરું પાડી શકે છે પરંતુ તેને ફરજિયાત કરી શકાતું નથી. જસ્ટિસ પ્રતિભા એમ. સિંહે આ ચુકાદો નેશનલ રેસ્ટોરાં એસોસિએશન ઓફ ઈન્ડિયા (એનઆરએઆઇ) અને ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરાં એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) ની માર્ગદર્શિકાને પડકારતી અરજીઓ પર આ ચુકાદો આપ્યો હતો. આ સાથે કોર્ટે આ અરજીઓ ફગાવી દીધી છે.

કોર્ટે સીસીપીએ માર્ગદર્શિકાને પડકારવા બદલ રેસ્ટોરાં એસોસિએશન પર ૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. સીસીપીએ એ અન્યાયી વેપાર પ્રથાઓ અને ગ્રાહક અધિકારોના ઉલ્લંઘનને રોકવા માટે માર્ગદર્શિકા જાહેર કર્યા હતા.

# સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સનું ડીએ વધ્યું

દિલ્હીઃ કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓને એક મોટી ભેટ આપી હતી. સરકારે કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થાં (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર) માં બે ટકાના વધારાને મંજૂરી આપી હતી. આ વધારો ૧ જાન્યુઆરીથી અમલમાં આવશે. આનાથી લગભગ ૪૮.૬૬ લાખ સરકારી કર્મચારીઓ અને ૬૬.૫૫ લાખ પેન્શનરોને ફાયદો થશે.

સરકારના મતે, મોંઘવારી ભથ્થાં અને મોંઘવારી રાહતમાં વધારાથી સરકારી તિજોરી પર દર વર્ષે ૬૬૧૪.૦૪ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. મોંઘવારી ભથ્થાં અને મોંઘવારી રાહતમાં આ ફેરફાર કરવામાં આવ્યો છે કારણ કે તેમના દર વર્ષમાં બે વાર બદલાય છે. એક ફેરફાર સામાન્ય રીતે માર્ચમાં થાય છે અને બીજો દિવાળી પહેલા ઓક્ટોબરમાં કરવામાં આવે છે.

કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૫ માટે મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો મંજૂર કર્યો છે, ત્યારબાદ તે વધીને ૫૫ ટકા થઈ ગયો છે. અગાઉ ગયા વર્ષે જૂલાઈ મહિનામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જે પછી તે ૫૦ ટકાથી વધીને ૫૩ ટકા થયો હતો.

# ગુજરાતમાં હડતાળ પર ઊતરેલા આરોગ્ય કર્મીઓને હરિયાણાના કર્મચારીઓએ સપોર્ટ કર્યો

અમદાવાદઃ છેલ્લા ૧૨ દિવસથી ગુજરાતના પંચાયત વિભાગના આરોગ્ય કર્મીઓ ગાંધીનગરમાં એકઠા થઈને હડતાળ કરી રહ્યા છે. સરકારે આ કર્મચારીઓમાંથી ૨૨૦૦ જેટલા કર્મીઓને નોકરીમાંથી છૂટા કરી દીધા હતાં. આ હડતાળ મુદ્દે સરકારે એસ્મા એક્ટ લાગુ કરી દીધો છે. બીજી તરફ ગુજરાતનાં આરોગ્ય કર્મચારીઓના સમર્થનમાં હરિયાણાના આરોગ્ય કર્મચારીઓએ પણ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો. ગાંધીનગરમાં ગત ૧૭મી માર્ચથી હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓ સરકાર સામે બાંયો ચડાવીને બેઠા છે. સરકારે ૨૨૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી પાણીચું આપી પાંચ હજારથી વધુ કર્મચારીઓને કારણદર્શક નોટીસ ફટકારી હતી. સરકારે આ કર્મચારીઓને ફરજ પર હાજર થવા સૂચના આપી હતી અને જો હાજર નહીં થાય તો અન્ય કડક પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારતાં કેટલાક કર્મચારીઓ હાજર થયા હતાં. આ અંગે આરોગ્ય મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા ૨૫ જિલ્લાના કર્મચારીઓને છૂટા કરવાનું અલ્ટિમેટમ આપ્યું છે. અમારે સરકાર સાથે નિર્ણાયક બેઠક જોઈએ છે. આ વખતે અમે છેક સુધી લડવા તૈયાર છીએ. ૩૩ જિલ્લામાં ૨૨૦૦ જેટલા કર્મીઓને ટર્મિનેટ કરાયા છે. એસ્મા ૧૯ તારીખે લાગ્યો, ૨૪ તારીખે ૨૨૦૦ને ટર્મીનેટ કર્યા છે, આ વખતે અમે નક્કી કરીને આવ્યા છીએ કે અમારો હક્ક લઈને રહીશું. આ વખતે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ચાલુ રહેશે.

# ગુજરાતના ૩૩ જિલ્લા પૈકી બાવીસ જિલ્લામાં ડૉક્ટરોની પચીસ ટકા અછત

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના અંતિમ દિવસે કેગનો અહેવાલ રજૂ કરાયો હતો. જેમાં કરવામાં આવેલી ટિપ્પણીમાં રાજ્યમાં પચીસ ટકા જેટલા ડોક્ટરોની અછતનો આંકડો જાહેર થયો હતો. આ અહેવાલમાં રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી બાવીસ જિલ્લાઓમાં ડોક્ટરોની પચીસ ટકા કરતા વધુ અછત નોંધાઈ હતી. ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ૨૨ જિલ્લાઓમાં ડોક્ટરોની ૨૫ ટકા કરતા વધુ અછત નોંધાઈ છે. પેરામેડિક્સની કમી ૧૯ જિલ્લાઓમાં વધી રહી છે. મહિલા અને બાળકોના આરોગ્ય કેન્દ્રોમાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોની જગ્યાઓમાંથી ૨૮ ટકા ખાલી છે, જ્યારે જિલ્લા હોસ્પિટલોમાં આ આંકડો ૩૬ ટકા છે.

# ગુજરાતમાં જીએસટી આવકમાં ૧૧.૨૩ ટકાનો વધારોઃ કેન્દ્ર સરકારે ૧૦,૬૯૩.૪૭ કરોડનું વળતર ચૂકવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં સીએજીનો અહેવાલ રજૂ થયો હતો જેમાં ગુજરાત સરકારના નાણાકીય હિસાબોનું ઓડિટ કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સનું સકારાત્મક ચિત્ર જોવા મળ્યું હતું. વર્ષ ૨૦૨૩ ૨૪ દરમિયાન ૫૨,૧૫૪.૨૩ કરોડની સરખામણીએ ૫૮૫૫.૬૩ કરોડ એટલે કે ૧૧.૨૩ ટકાનો વધારો નોંધાયો છે.

રાજ્યએ ૨૦૨૩-૨૪ દરમિયાન જીએસટીના અમલીકરણને કારણે ઊભી થતી આવકમાં નુકસાનને કારણે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦,૬૯૩.૪૭ કરોડનું વળતર મેળવ્યું છે. તદુપરાંત, રાજ્યએ રાજ્યના અધિકતમ કરજ બાબત નાણાં પંચ દ્વારા નિયત કરાયેલ નિયમો હેઠળ ગણતરીમાં ન લેવાના હોય તેવા જીએસટી વળતરના બદલે કેન્દ્ર સરકાર તરફથી ૨૦૨૩-૨૪(૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ ૨૨૨,૨૬૧. ૨૧ કરોડના કુલ એક પછી એક લોન)ના વર્ષ દરમિયાન બેક ટુ બેક લોન તરીકે કોઇપણ વળતર સ્વીકાર્યું ન હતું.

૨૦૨૩-૨૪ના વર્ષ દરમિયાન આરબીઆઈએ નોંધેલા રાજ્ય જીએસટી (એસજીએસટી)આંકડા અને નાણાં હિસાબોમાં નોંધાયેલા આંકડા વચ્ચે કોઈ તફાવત નહોતો. વર્ષ ૨૦૧૩-૨૪ દરમિયાન ૨૦.૨૧ કરોડનું ખર્ચ મહેસૂલ અનુભાગના બદલે મૂડી અનુભાગ હેઠળ ખોટી રીતે નોંધવામાં આવ્યું હતું. કારણ કે, ખર્ચના હેતુસર રાજ્યએ તેમ કરવા નક્કી કર્યું હતું. પ્રાપ્તિ/મૂડી ખર્ચ અંગેના ખોટા વર્ગીકરણની અસર ફકરા ૬ હેઠળ આપવામાં આવી છે. પ્રાપ્તિ ખર્ચ ૨૦.૨૧ જેટલું ઓછું દર્શાવવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા ૨૨,૧૬,૯૦૬.૪૭ કરોડની પ્રાપ્તિ (૬૨,૨૨,૭૬૨.૭૩ કરોડની કુલ પ્રાપ્તિના ૯૭.૩૭ ટકા) અને રૂ. ૧,૭૩,૨૭૬.૩૯ કરોડનો ખર્ચ (૨૧,૮૯,૨૮૫.૭૦ કરોડના કુલ ખર્ચના ૯૧.૫૪ ટકા) અને ૬ ૫૩૭૫૦.૯૮કરોડનું મૂડી ખર્ચ ( ૨૫૫,૬૭૯.૨૫ કરોડ મૂડી ખર્ચના ૯૬.૫૪ ટકાનો હિસાબમેળ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગી ૨,૬૬૬.૬૧ ( રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી કુલ લોન અને પેશગીના ૧૦૦ ટકા)નો હિસાબ મેળ કરવામાં આવ્યો હતો.

છેલ્લા ૨૦૨૩-૨૪ના વર્ષની સરખામણીમાં, રૂ.૧,૯૨,૬૦૮.૪૯ કરોડ (રૂ.૧,૯૯૪૦૮.૩૨ કરોડ કુલ પ્રાપ્તિના ૯૬.૫૯ ટકા) અને રૂ.૧,૬૫,૪૩૩.૬૧ કરોડ મહેસૂલ ખર્ચ (રૂ.૧,૭૯,૫૪૩.૨૯ કરોડ કુલ ખર્ચના ૯૨.૧૫ ટકા) અને ૨૩૪,૨૦૪.૭૯ (૬૩૫,૪૯૮.૮૨ મૂડી ખર્ચના ૯૬.૩૫ ટકા)નો રાજ્ય સરકાર દ્વારા હિસાબ મેળ કરવામાં આવ્યો હતો. ૨૧,૪૬૫.૭૮ (રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ કુલ લોન અને પેશગીઓના ૧૦૦ ટકા)ની રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓનો છેલ્લા વર્ષ દરમિયાન હિસાબમેળ કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારના ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પૂરાં થતા વર્ષના નાણાકીય હિસાબો દર્શાવતું આ સંપાદન, રાજ્યના એકત્રિત ફંડ અને આકસ્મિકતા નિધિ અને જાહેર હિસાબમાંથી અથવા/અને તેમાં લેવડદેવડ સમાવિષ્ટ કરતા વર્ષ માટેની રાજ્યની નાણાકીય સ્થિતિ અને વર્ષ દરમિયાનની સરકારની પ્રાપ્તિઓ અને ચુકવણીઓના હિસાબ દર્શાવે છે.

# ગુજરાતમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ લાભાર્થીઓને ૨૩૭.૫૮ કરોડની સહાય ચૂકવાઈ

અમદાવાદઃ ગુજરાત સરકારની કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સરકારે છેલ્લાં ચાર વર્ષમાં ૨.૦૭ લાખથી વધુ લાભાર્થીઓને ૨૩૭ કરોડથી વધુની સહાઇ ચૂકવી છે. વિધાનસભામાં માહિતી આપતા સામાજિક અને ન્યાય અધિકારિતા રાજ્ય પ્રધાન ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, રાજ્યમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ છેલ્લાં ચાર વર્ષમાં નિયત કરેલાં ૧,૦૯,૧૬૬ ના લક્ષ્યાંક સામે કુલ ૨,૦૭,૮૮૧ લાભાર્થીઓને ૨૩૭.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. સામાજિક અને ન્યાય અધિકારિતા રાજ્ય પ્રધાન ભીખુસિંહ પરમારે જણાવ્યું કે વર્ષ ૧૯૯૫માં આ યોજના શરૂ કરવામાં આવી હતી. જેમાં સહાયની રકમમાં વખતોવખત વધારો કરીને હાલ લાભાર્થી દીઠ રૂ.૧૨ હજારની સહાય આપવામાં આવે છે. આ જ પ્રકારે, સાત ફેરા યોજનામાં પણ રૂ. ૧૨ હજારની સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ અનુસુચિત જાતિઓના કુટુંબની પુખ્ત વયની એક કન્યાના લગ્નપ્રસંગે મામેરા માટે રૂપિયા ૧૨,૦૦૦ની સહાય સરકાર તરફથી આપવામાં આવે છે. ચાર વર્ષની વિગતો આપતાં તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૬,૬૦૪ લાભાર્થીઓને રૂ. ૨૬.૬૦ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૫,૦૬૫ લાભાર્થીઓને રૂ. ૩૭.૬૯ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯,૫૯૨ લાભાર્થીઓને રૂ. ૬૯.૬૮ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૬,૬૨૦ લાભાર્થીઓને રૂ. ૧૦૩.૬૧ કરોડ એમ કુલ નિયત કરાયેલા ૧,૦૯,૧૬૬ના લક્ષ્યાંક સામે ૨,૦૭,૮૮૧ લાભાર્થીઓને ૨૩૭.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી.

# ગુજરાતમાં ગરમીનું પ્રમાણ વધવાની આગાહીઃ એપ્રિલની શરૂઆતમાં જ તાપમાનનો પારો ૪૦ને પાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના હવામાનમાં ફરેફાર થવાની સંભાવનાઓ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં ગરમીનું પ્રમાણ વધવાની આગાહી કરી હતી. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ઉત્તર ભારતથી આવતા ઠંડા પવનોના લીધે ગરમીમાં સામાન્ય ઘટાડો થયો હતો પરંતુ તે પસાર થઈ જવાથી તાપમાનનો પારો ઊંચો જવાની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગે તાપમાન ૪૦ની નજીક પહોંચવાની શક્યતાઓ વ્યક્ત કરી હતી અને આગામી દિવસોમાં આગાહીને જોતા તાપમાન રાજ્યમાં ૪૦ને પાર જવાની શક્યતાઓ વધી છે. રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ રાજ્યમાં માવઠાની સંભાવનાઓ પણ વ્યક્ત કરી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસે જણાવ્યું છે કે, આગામી ૭ દિવસો દરમિયાન હવામાન શુષ્ક રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરી હતી. આગામી ૫ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવનાઓ છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારો થવાની શક્યતાઓ નથી. ૩૧ માર્ચથી ૧ એપ્રિલ દરમિયાન વધારે ગરમીવાળું વાતાવરણ રહેવાની સંભાવનાઓ છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

એકે દાસે વધુ માહિતી આપીને જણાવ્યું હતું કે, પવનની દિશા ઉત્તરથી ઉત્તર-પૂર્વની છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો પરંતુ રાજ્યમાં ફરી એકવાર ગરમીનું પ્રમાણ વધવાની શક્યતાઓ જોવાઈ રહી છે. ગુજરાતમાં તાપમાનનો પારો ૪૦ને નજીક પહોંચી ગયો છે અને આગામી દિવસોમાં તાપમાન ૪૦ને પાર જવાની સંભાવનાઓ વધી છે. ઉત્તર ભારતથી આવતા ઠંડા પવનોના કારણે રાજ્યના તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો. પરંતુ હવે તાપમાનમાં આગામી દિવસોમાં વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન આકરી ગરમી રહેતી હોય છે જેની શરૂઆત નજીકના દિવસોમાં થઈ શકે છે.

# ગુજરાતમાં એક જ માસમાં કિલો લીંબુના ભાવ ૯૦ ટકા વધી ₹ ૨૦૦ સુધી પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ લીંબુના ભાવમાં આકાશને આંબતો વધારો નોંધાયો છે. ઉનાળાની સિઝનમાં લીંબુની ડિમાન્ડ વધુ હોય છે તેવા સમયે જ લીંબુની અછત સામે ભાવ ૧૦૦ રૂપિયાથી વધીને ૧૫૦-૨૦૦ રૂપિયે કિલો પહોંચી ગયો છે. જેની અસર ગૃહિણીઓના બજેટ ઉપર પડી રહી છે. ગુજરાતમાં શાકભાજીથી માંડીને શરબત, શેરડીના રસમાં વપરાતા લીંબુમાં ૯૦ ટકાના તોતિંગ વધારાથી લીંબુ શિકંજી, શરબત લોકોના ખિસ્સા ખાલી કરાવશે. ગરમીથી બચવા લોકો લીંબુ શરબત, શેરડીનો રસ, શિકંજી સહિતની પીણાં પીતા હોય છે, જ્યારે તબીબો દ્વારા પણ ઉનાળાની ગરમીથી બચવા માટે અને શરીરને ઠંડક તથા એનર્જી માટે લીંબુ શરબત પીવાનું જણાવાતું હોય છે. તેવામાં ઉનાળાની શરૂઆત થતાં જ લીંબુના ભાવ આસમાને પહોંચી જતા હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રિટેલ બજારમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ લીંબુના ભાવ ૧૮૦થી ૨૦૦ રૂપિયા કિલો અને કેટલાક દિવસ તો તેનાથી પણ વધુ ભાવમાં વેચાઈ રહ્યા છે. હાલમાં રમજાન મહિનો ચાલી રહ્યો છે તેમાં પણ લીંબુનું સેવન વધતું હોય છે, પરંતુ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે હોલસેલ બજારમાં લીંબુના ભાવમાં મંદી ચાલી રહી છે. અત્યારે માર્કેટમાં ક્વોલિટી પ્રમાણે ૧૬૦ રૂપિયાથી લઈને ૨૦૦ રૂપિયા સુધીના લીંબુ મળે છે. ભાવમાં વધારો થતા લોકો ૫૦૦ ગ્રામ લીંબુની જગ્યાએ ૨૫૦ ગ્રામ લીંબુ ખરીદે છે.

# વિધાનસભામાં ગુજરાત જમીન મહેસૂલ સુધારા વિધેયક પસાર, લાખો ગેરકાયદે બાંધકામોને કાયદેસરતા મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૫ બિલ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. આ સુધારાથી રાજ્યમાં બિનખેતી કરાવ્યા વિનાની જમીન પર મંજૂરી વિના કરવામાં આવેલા બાંધકામ અને મિલકતોને કાયદેસરના હક્કો મળશે, જેનાથી લાખો નાગરિકોને વિશેષ આર્થિક લાભ થશે.

વિધાનસભા ગૃહમાં આ વિધેયક રજૂ કરતાં મહેસૂલ પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે રાજ્યનાં શહેરોની આસપાસના વિસ્તારોમાં ઘણા નાગરિકો સરકારના વિવિધ કાયદાઓ હેઠળ શરતભંગ થતો હોવા છતાં ચોક્કસ રકમ ચૂકવીને મકાનો કે સોસાયટીઓમાં વસવાટ કરી રહ્યા છે. આવાં બાંધકામોને નિયમિત કરવા માટે પરિવર્તનીય વિસ્તાર તરીકે જાહેર કરીને તેમને કાયદેસરતા આપવાના ઉમદા હેતુથી આ સુધારો લાવવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારનો આશય નાગરિકોને રહેણાકની પાયાની જરૂરિયાતના કાયદેસરના હક્ક પ્રાપ્ત થાય અને તેમનાં સર્વાંગી હિતો સુનિશ્ચિત કરવાનો છે. આ સુધારા દાખલ થવાથી કાયદા સંબંધિત અર્થઘટનના પ્રશ્નો, લિટિગેશન અને વહીવટી ગૂંચવણો પણ ઘટશે.

તેમણે ભૂતકાળમાં થયેલા શહેરીકરણ અને ઔદ્યોગિકરણનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ઘણા નાગરિકો કાયદાની અજ્ઞાનતાના કારણે જરૂરી મંજૂરી લીધા વિના રહેણાંકનાં બાંધકામો કરી ચૂક્યા છે અને હવે તેઓ યોગ્ય અવેજ ચૂકવીને તેમાં રહે છે. આવાં મકાનોમાં રહેતા નાગરિકોના રહેઠાણને કાયદેસરતા આપવી ખૂબ જ જરૂરી હતી.વર્ષ ૨૦૧૭માં લાવવામાં આવેલા સુધારા કાયદાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેનાથી ફેરફારના રજિસ્ટર અને હક્કપત્રકને તેની વર્તમાન સ્થિતિમાં લાવવા માટે પૂરક સેટલમેન્ટ દાખલ કરવામાં આવ્યા હતા. આ નવા સુધારાથી ગણોત ધારાની કલમ-૪૩, અન્ય કૃષિ જમીન અધિનિયમોની કલમ-૫૭ અને જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ અને કલમ-૬૮ હેઠળની જમીનો પર સરકારની પૂર્વમંજૂરી વિના થયેલા ગેરકાયદે બાંધકામોને પણ મહેસૂલી રેકર્ડ પર લાવવામાં આવશે અને આવી મિલકતોના હિતધારકોને તેમની લાંબા સમયગાળાની (૨૦૦૫ પહેલાંની) મિલકતોના હક્કો આપી શકાશે.

મહેસૂલ પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આ બિલનો લાભ સરકારી જમીન પર કે સ્થાનિક સત્તા મંડળની જમીન પર ગેરકાયદે બાંધકામ કરનારા લોકોને મળવાપાત્ર નથી. આ સુધારો એવા લોકો માટે છે જેમણે પોતાની જમીન પર બાંધકામ કર્યું છે, પરંતુ જરૂરી પરવાનગીઓ લેવાનું ચૂકી ગયા છે અથવા કાયદાની જાણકારીના અભાવે સરતભંગ થયો છે.

તેમણે જણાવ્યું હતું કે આ સુધારાથી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ હેઠળની સોસાયટીઓને, જ્યાં ગણોતધારાની કલમ ૮૪ (ગ) અથવા કલમ-૧૨૨ હેઠળની કાર્યવાહી ચાલુ હોય, તેમને પણ નિયત માંડવાળ ફી અને પ્રીમિયમ ભરીને પરિવર્તનીય વિસ્તાર જાહેર કરી શકાશે, જેનાથી લોકો પોતાની મિલકતને જમીન મહેસૂલ રેકર્ડ પર લાવી શકશે અને બેંકો પાસેથી સરળતાથી લોન મેળવી શકશે. આ ઉપરાંત, બિનખેતીની પરવાનગી અને પ્લાન પાસ કરાવ્યા વિના ગેરકાયદે ઠરાવવામાં આવેલી મિલકતોને પણ આ સુધારાથી રક્ષણ મળશે અને માલિકોને સલામતીનો અહેસાસ થશે.

# વિધાનસભા ગૃહમાં ગુજરાત મત્સ્યોદ્યોગ (સુધારા) વિધેયક સર્વાનુમતે પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહમાં ગુજરાત મત્સ્યોદ્યોગ વિધેયક વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. મત્સ્યોદ્યોગ પ્રધાન રાઘવજી પટેલે ગુજરાત મત્સ્યોદ્યોગ વિધેયક રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતનું મત્સ્યોદ્યોગ ક્ષેત્ર રાજ્યના વિકાસને નવી દિશા આપશે. ગુજરાતના મત્સ્ય ખેડૂતોની આવક બમણી કરવા અને મત્સ્ય હાર્બર ખાતે અદ્યતન સુવિધાઓ પૂરી પાડવી એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વ્યાપક વિકાસ તેમજ એક્વાકલ્ચર, ઝીંગા ઉછેર, પ્રોન ઉછેર, સી-વીડ ઉછેર અને સંવર્ધનમાં આ સુધારા વિધેયક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાઘવજી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ-૨૦૦૩માં સુધારો કરીને ગુજરાતમાં ફીશરીઝ ડેવલોપમેન્ટ અને એક્વાકલ્ચર પ્રમોશન માટે આ વિધેયક મહત્ત્વપૂર્ણ સાબિત થશે. તેમણે ઉમેર્યું હતું કે, આ સુધારા વિધેયકના પરિણામે ગુજરાતના મત્સ્ય હાર્બર અને લેન્ડિંગ સેન્ટરો ખાતે સલામતી અને સ્વચ્છતાની વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. સાથે જ, આ વિધેયકથી રાજ્ય સરકાર અને માછીમાર બન્ને માટે દીવાદાંડી સમાન એક વિશેષ સત્તામંડળ ઊભું થશે.

ગુજરાતને દેશના સૌથી લાંબા દરિયા કિનારાની કુદરતી ભેટ મળી છે. તદુપરાંત મીઠાં અને ભાંભરા પાણીના સ્રોતો પણ વિપુલ પ્રમાણમા ઉપલબ્ધ હોવાથી આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી મત્સ્યપાલન કરવાની વ્યાપક સંભાવનાઓ વિકસી રહી છે. માછીમારોને માનવ સંસાધન વિકાસ, તાલીમ અને કૌશલ્ય વિકાસ દ્વારા વધુ સજ્જ બનાવી શકાશે. વૈજ્ઞાનિક સંશોધન અને ટેક્નોલોજી સ્થાનિક માછીમાર ઉદ્યોગ સુધી પહોંચશે. માછીમારોને ગુણવત્તાવાળા બીજ, ફીડ, દવાઓ,અને સાધનોનો પ્રમાણિત પુરવઠો મળશે. રોગચાળાની પહેલાંથી ચેતવણી મળશે અને રોગનિયંત્રણની વ્યવસ્થાથી માછીમારોને થતું નાણાકીય નુકસાન ટાળી શકાશે. માછીમારો વૈશ્વિક બજારમાં તેમની પ્રોડક્ટનું મૂલ્ય સમજી શકશે.હેચરીઝ, ફીડ મિલ્સ અને પ્રોસેસિંગ યુનિટ્સ જેવાં મૂલ્યવર્ધક સાધનો માટે સહાય મળી રહેશે. એક્વા ઉદ્યોગમાં રોકાણ આકર્ષવા માટેનો માર્ગ મોકળો થશે. એકીકૃત હાર્બર વ્યવસ્થાથી બંદરોમાં સલામતી અને સ્વચ્છતા જળવાશે. રાજ્યની આવકમાં વધારો થશે અને નિકાસના માધ્યમથી વિદેશી હૂંડિયામણ વધશે. ખાસ કરીને કોસ્ટલ વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઊભી થશે. પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણીય સુરક્ષાનાં ધોરણોને પાલન કરાવાશે.

# ગુજરાતના ૩૮ શહેરમાં ઘરવિહોણા ગરીબો માટે ૧૧૬ રેનબસેરા સ્થાપિત કરાયાઃ ૪૩૫.૬૮ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા શહેરોમાં મજૂરીકામ માટે આવતા કે શહેરોની જ ફૂટપાથ પર સૂઈ રહેતા ઘરવિહોણા લોકો માટે રેનબસેરાઓ સ્થાપિત કરવામાં આવ્યાં છે. હાલમાં રાજ્યના કુલ ૩૮ શહેરોમાં ૧૧૬ રેનબસેરાઓ કાર્યરત છે. જેમાં રોજ આશરે ૧૦,૦૦૦ ઘરવિહોણા લોકો આશ્રય લઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આ રેનબસેરાઓ માટે કુલ ૪૩૫.૬૮ કરોડ મંજૂર કરાયા છે, જેમાંથી કુલ ૨૧૯ કરોડ સંબંધિત મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને ફાળવી દેવામાં આવ્યા છે. રાજ્યમાં મંજૂર થયેલ ૧૧૬ શેલ્ટર હોમમાંથી કુલ ૮૭ શેલ્ટર હોમ કાર્યરત થઈ ચૂક્યા છે અને અન્ય બાંધકામના જુદા-જુદા તબક્કામાં છે. રાજ્યમાં કાયમી રીતે સ્થપાયેલ કુલ ૮૭ શેલ્ટર હોમ તમામ પાયાની સુવિધાઓથી સજ્જ છે. આ શેલ્ટર હોમમાં રસોડા અને ડાઇનિંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ શેલ્ટર હોમમાં આવનાર આશ્રિતોને એક સમયનું જમવાનું સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિના મૂલ્યે આપવામાં આવે છે.

રાજ્યના જે ૩૮ શહેરોમાં રેન બસેરા તૈયાર કરવામાં આવ્યા છે, તેમાં સૌથી વધુ ૩૨ રેન બસેરા અમદાવાદ મહાનગરમાં છે. ત્યાર બાદ સુરત મહાનગરમાં ૭, ભાવનગર તેમજ રાજકોટ મહાનગરોમાં ૬-૬, વડોદરા મહાનગરમાં ૫, જૂનાગઢ મહાનગરમાં ૪ અને જામનગર મહાનગર તથા પાલનપુર શહેરમાં ૨ રેનબસેરાઓ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત; ખંભાળિયા, સુરેન્દ્રનગર, લુણાવાડા, રાજપીપળા, મોડાસા, મોરબી, નડિયાદ, નવસારી, જેતપુર, આણંદ, અમરેલી, ભરૂચ, બોટાદ, છોટા ઉદેપુર, ડીસા, પાટણ, ગાંધીનગર, ગોધરા, ગોંડલ, હિંમતનગર, વલસાડ, વાપી અને વ્યારા ખાતે ૧-૧ રેન બસેરા કાર્યરત છે.

# આસારામને ત્રણ મહિનાના હંગામી જામીન આપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુષ્કર્મ કેસમાં જેલવાસ ભોગવી રહેલા આસારામે ૬ મહિનાના હંગામી જામીન માટે હાઈ કોર્ટમાં અરજી કરી હતી. ૨૫ માર્ચે યોજાયેલી સુનાવણી દરમિયાન બંને પક્ષોને સાંભળીને હાઈ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. ત્યારબાદ શુક્રવારે યોજાયેલી સુનાવણીમાં હાઇ કોર્ટે આસારામને મેડિકલ ગ્રાઉન્ડ પર ૩ મહિનાના હંગામી જામીન આપ્યા હતા. હવે આસારામ જૂન મહિના સુધી જેલની બહાર રહી શકશે. શુક્રવારે હાઈ કોર્ટમાં યોજાયેલી સુનાવણીમાં બે જજના મંતવ્ય અલગ હતાં. એક જજે ૩ મહિનાના જામીન આપવા મંતવ્ય આપ્યું હતું. જ્યારે બીજા જજનો અભિપ્રાય અલગ હોવાથી ખંડિત ચુકાદો આપ્યો હતો. ત્યાર બાદ એક્ટિંગ ચીફ જસ્ટિસ બીરેન વૈષ્ણવ સમક્ષ આસારામના વકીલે રજૂઆત કરી અને હાઇકોર્ટ જજ એ.એસ. સુપેહિયાને આસારામની જામીન અરજી રિફર કરવામાં આવી હતી. બપોર બાદ આસારામની જામીન અરજી ઉપર એ. એસ.સુપેહિયાની કોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં જસ્ટિસ ઈલેશ વોરા ૩ મહિનાના જામીન આપવાના સમર્થનમાં હતા. જ્યારે જસ્ટિસ સંદીપ ભટ્ટ વિરોધમાં હતા. આસારામના વકીલ શાલીન મહેતાએ દલીલ કરતાં કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે મેડિકલ ગ્રાઉન્ડ ઉપર વધુ જામીન મેળવવા હોય તો સંલગ્ન હાઇ કોર્ટમાં જવા કહ્યું હતું. આસારામના રિપોર્ટ કોઈ ખાનગી હોસ્પિટલના નહીં પણ એઈમ્સના છે. ૮૬ વર્ષની ઉંમરે હાર્ટ સર્જરીથી તેનું મૃત્યુ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે તેની મેડિકલ કન્ડિશન જોઈને જ હંગામી જામીન આપ્યા હતા. સુપ્રીમના ઓર્ડરમાં મેડિકલની જરૂરિયાત પર જરૂર જણાય તો હાઇકોર્ટમાં અરજી કરવા છૂટ અપાઈ હતી. બંને પક્ષોની દલીલો સાંભળીને હાઈ કોર્ટે આસારામને મેડિકલ ગ્રાઉન્ડ પર ત્રણ મહિનાના જામીન આપ્યા હતાં.

# દેવી દેવતાઓની નિંદા કરનારા સાધુઓને આચાર્ય રાકેશપ્રસાદની ટકોર

અમદાવાદઃ વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આચાર્ય રાકેશપ્રસાદ મહારાજે હિંદુ દેવી દેવતાઓની નિંદા કરનારા સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓને આકરી ફટકાર લગાવી હતી. તેમણે આવા સાધુઓને મર્યાદામાં રહેવાનો આદેશ આપ્યો હતો અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, હિંદુ દેવી દેવતાઓની નિંદા કરનારા સાધુઓ સમાજમાં ક્લેશ ઊભો કરે છે. આચાર્ય રાકેશપ્રસાદ મહારાજે જણાવ્યું હતું કે શ્રીજી મહારાજે પોતે શિવરાત્રી અને જન્માષ્ટમી જેવા પવિત્ર તહેવારો ઉજવવાનું કહ્યું છે. એટલું જ નહીં, તેમણે દ્વારિકાની યાત્રા કરવી અને જગન્નાથ ભગવાનનો પ્રસાદ આરોગવાની પણ આજ્ઞા કરી હતી. આચાર્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વામિનારાયણ સંપ્રદાયનું આચરણ હિન્દુ ધર્મના મૂળ સનાતન રીતનું જ છે. વધુમાં, તેમણે દાનના હેતુથી મંદિરો બાંધનારા લોકોને પણ આ બાબતે સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.આચાર્ય રાકેશપ્રસાદે દાન થકી કમાણીના આશયથી મંદિરો બાંધનારા સંપ્રદાયના કેટલાક સાધુઓ અને હરિભક્તોને ઉદ્દેશીને સ્પષ્ટ આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે કેટલાક સાધુઓ અને હરિભક્તોમાં પ્રાઇવેટ મંદિર બાંધીને મોટા થવાનો મોહ જોવા મળી રહ્યો છે, જે યોગ્ય નથી. આચાર્યએ શ્રીજી મહારાજે આપેલા મંત્રને બદલવાની કેટલાક લોકોની કૃતિ પર પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ઉદાહરણ આપતા કહ્યું હતું કે,કેટલાકે શ્રી કૃષ્ણના મંત્રને બદલીને હરિકૃષ્ણ કરી નાખ્યો છે. આવા બદલાયેલા મંત્રની અસરકારકતા પર આચાર્ય રાકેશપ્રસાદે સવાલ ઉઠાવ્યા હતા. આચાર્ય રાકેશપ્રસાદ મહારાજે ફરી એકવાર દેવી દેવતાઓની નિંદા કરનારા સ્વામિનારાયણના સાધુઓને મર્યાદામાં રહેવાનો આદેશ આપ્યો હતો

# ગેરકાયદે ખનન મુદ્દે સરકારને ઘેરતા કૉંગી ધારાસભ્ય વિમલ ચુડાસમાની વિધાનસભામાંથી હકાલપટ્ટી

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં ગીર સોમનાથમાં ચાલી રહેલી ખાણ ખનીજ ચોરીનો મુદ્દો ઉઠતાં ગૃહમાં તંગદિલી છવાઈ હતી. કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ગેરકાયદેસર ખનન માફિયાઓ વિરુદ્ધ સરકાર પાસે જવાબ માગતા વિરોધ નોંધાવ્યો હતો. ગૃહમાં તેમની રજૂઆત પર સંતોષકારક જવાબ ન મળતા તેમણે ઉગ્ર વલણ અપનાવ્યું હતુ. જેના કારણે વિધાનસભા અધ્યક્ષે તેમને ગૃહમાંથી હાંકી કાઢવાનો આદેશ આપ્યો હતો. વિમલ ચુડાસમાએ નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ સમક્ષ ગીર સોમનાથમાં ચાલી રહેલી ગેરકાયદેસર ખાણ ખનીજ ચોરી અંગે રજૂઆત કરી હતી. સરકાર તરફથી સ્પષ્ટ જવાબ ન મળતા તેમણે ફરીથી ગૃહમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. જોકે, પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિયમ અનુસરીને રજૂઆત કર્યા વિના જ બોલવાનું શરૂ કરતાં વિધાનસભા અધ્યક્ષે તેમને ટપાર્યા હતા.ચુડાસમાએ ખનીજ ચોરી રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાની માગણી કરી હતી.

## સંસ્થા સમાચાર

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજમાં ભજનવંદના

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સ્થાપના દિન. રામનવમી, રવિવાર તા. ૬ એપ્રિલ ૨૦૨૫ના દિને સાંજે ૭ વાગે, 'સમાજ' દ્વારા, સમાજ ભવનમાં ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકપ્રિય ગાયક કલાકારો દ્વારા સુંદર સંગીતમય કાર્યક્રમ રજૂ કરવામાં આવશે જે નિઃશુલ્ક અને જાહેર જનતાને આમંત્રણ છે.

### શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિ શરૂ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ તેમના સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત ચાલતા કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિ ફરી શરૂ કરી છે. એના હેઠળ દસથી વધુ વિવિધ કાર્યક્રમ વર્ષભર આયોજિત કરવામાં આવશે. એની વાર્ષિક સદસ્યતા માટે ૧૫૦૦ રૂપિયા સમાજની ઓફિસે જઈને ભરવાના રહેશે. વહેલો તે પહેલોના ધોરણે સદસ્યોની નોંધણી કરવામાં આવશે.

### સ્વામી હરિદાસ સંગીત સમ્મેલનમાં ત્રણ દિવસીય શાસ્ત્રીય નૃત્યનું આયોજન

સુર સિંગાર સંસદ મુંબઈ અને નાણાવટી પર્ફોમિંગ એન્ડ ફાઇન આર્ટસ ફોરમના સંયુક્ત ઉપક્રમે ૬૫મા સ્વામી હરિદાસ સંગીત સમ્મેલનનું આયોજન વિલેપાર્લેમાં કરવામાં આવ્યું છે. ૨૯ માર્ચથી ૩૧ માર્ચ સુધી ત્રણ દિવસીય ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગના સહયોગથી આ કાર્યક્રમ થવાનું છે. દેશભરમાંથી વિવિધ કલાકારો ભારતીય શાસ્ત્રીય નૃત્યોને રજૂ કરશે.

### મહારાણી સિતારાદેવી નૃત્ય મહોત્સવનું બે દિવસીય આયોજન

મહાન નૃત્યાંગના સિતારાદેવી ગુરુકુળ, કલાકૃતિ કેન્દ્ર દ્વારા નૃત્ય સામ્રાજ્ય પદ્મશ્રી સિતારાદેવી મહોત્સવના ૩૧ વર્ષ નિમિત્તે ૨૯ અને ૩૦ માર્ચે ભારતીય વિદ્યા ભવન કેમ્પસ, અંધેરી પશ્ચિમ, સાંજે સાડા છ વાગે નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. એમાં શાસ્ત્રીય નૃત્યની વિવિધ જુગલબંધી જોવા મળશે. દેશના વિવિધ રાજ્યોથી કલાકારો આવીને પોતાની કળા લોકો સમક્ષ રજૂ કરશે. આ મનમોહક મહોત્સવ યાદગાર બની રહેશે.

### પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા.ની નિશ્રામાં યુવાનોને માર્ગદર્શન

અધ્યાત્મનિષ્ઠ પ.પૂ. ગચ્છનાયક આ.ભ. શ્રીકલ્પતરુસૂરિશ્વરજી મ.સા.ના શુભ આશિષ, પ્રશાંત મૂર્તિ પ.પૂ. આ.ભ. શ્રી તીર્થભદ્રસૂરિશ્વરજીમ.સા.ના શુભ શિષ્યરત્ન ઓજસ્વી પ્રવચનકાર પૂ. મુનિરાજજી શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા.ની નિશ્રામાં થાણા (પ) નવપાડા શ્રીવાગડ વિસા ઓસવાળ શ્વે.મૂર્તિ તપોગચ્છ જૈન સંઘના મામા-ભાણેજ કલાપૂર્ણસૂરી આરાધના ભવનમાં ૩૦ માર્ચ રવિવારે સવારે સાડા નવ કલાકે એખ માર્ગદર્શન શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે. એ દરમ્યાન યુવાનોને અભિપ્રાય, ટેલન્ટ, ક્રિએટીવિટી, આધૂનિક યુગને જિનશાસનની પરંપરા સાથે તાલમેળનું માર્ગદર્શન આપવામાં આવશે. આ સંઘમાં પૂ. મુનિરાજ તીર્થસુંદરવિજયજી મ.સા.આદિ થાણા-૪નું આગામી ચાતુર્માસ નક્કી થયું છે.

### યોગ પ્રભા ભારતી (સેવા સંસ્થા) ટ્રસ્ટનો રજત જયંતી સમારોહ

યોગ પ્રભા ભારતી (સેવા સંસ્થા) ટ્રસ્ટે છેલ્લાં પચીસ વર્ષથી નહિમાલયીન સમર્પણ ધ્યાનયોગથના માધ્યમથી લાખો સાધકોને ધ્યાનસાધનાનું જ્ઞાન પ્રદાન કર્યું છે. આ સંસ્થાનો રજત જયંતી સમારોહ ૩૦ માર્ચે સાંજે ૬ કલાકે બોરીવલી પશ્ચિમમાં આવેલા બાળાસાહેબ ઠાકરે મનોરંજન મેદાનમાં આયોજિત કરવામાં આવ્યો છે.

### રામનવમી ઉત્સવનું ભવ્ય આયોજન

મુંબઈ રૂ બજારના વેપારીઓ પ્રેરિત કોટનગ્રીન (પૂ) સ્થિત શ્રી રામચંદ્રજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ૩૦ માર્ચથી ૭ એપ્રિલ સુધી રામનવમી ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ટ્રસ્ટનો ૮૫મો રામોત્સવ છે. આ ઉત્સવ દરમ્યાન દરરોજ સાંજે સાડા ચાર કલાકથી સાત સુધી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પૂ. સ્વામી શ્રી આત્માનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા શ્રીમદ્ ભાગવત કથા, શ્રી જ્ઞાનેશ્વર ગ્રંથ સામુદાયિક પારાયણ કથા, ધાર્મિક પ્રવચન અને કિર્તનનો લાભ શ્રદ્ધાળુઓ લઈ શકશે. આ કાર્યક્રમમાં સામેલ થવા માટે ભક્તોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

દિશા સાલિયન મૃત્યુ કેસ

# શિવસેના (યુબીટી) હવે દિશાના પિતાને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છેઃ નિરુપમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના નેતા સંજય નિરુપમે શુક્રવારે એવો આરોપ લગાવ્યો હતો કે શિવસેના (યુબીટી) દિશા સાલિયનના પિતા સતીશ સાલિયનને બદનામ કરી રહી છે.

દિશા સાલિયન અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર હતી. જૂન ૨૦૨૦માં થોડા દિવસોમાં જ બંનેનું મૃત્યુ થયું હતું.

એક પત્રકાર પરિષદને સંબોધતા સંજય નિરુપમે એવી માગણી કરી હતી કે મુંબઈ પોલીસ દિશા સાલિયનના મૃત્યુ અંગેના ક્લોઝર રિપોર્ટ પાછળનું સત્ય જાહેર કરે. દિશા સાલિયનની હત્યા કર્યા પછી, (શિવસેના) યુબીટી જૂથ હવે તેના પિતા સતીશ સાલિયનને બદનામ કરી રહ્યું છે, એવો દાવો સંજય નિરુપમે કર્યો હતો. નિરુપમે શિવસેના (યુબીટી) પર કેસને દબાવવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, કારણ કે તે સમયે ઉદ્ધવ ઠાકરે રાજ્યના મુખ્ય પ્રધાન હતા.

ભૂતપૂર્વ સાંસદે એવો સવાલ કર્યો હતો કે, શું માલવણી પોલીસે ઠાકરેના દબાણ હેઠળ કેસ દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને નિવેદનો ફરીથી રેકોર્ડ કરવાની માગણી કરી હતી.

નિરુપમે એવો દાવો કર્યો હતો કે (પોલીસના) ક્લોઝર રિપોર્ટમાં સાલિયન પરિવારને બદનામ કરવા માટે ખોટી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આદિત્ય ઠાકરે અને તેના સાથીઓ દિશાની હત્યાના મુખ્ય આરોપી છે અને હવે તેઓ તેના પિતાની પ્રતિષ્ઠા પર હુમલો કરી રહ્યા છે, એમ તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો.

ગયા અઠવાડિયે, સાલિયનના પિતાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી અને જૂન ૨૦૨૦માં તે કેવા પ્રકારના રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી તેની નવેસરથી તપાસની માગણી કરી હતી. તેમણે હાઈકોર્ટને શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે સામે એફઆઈઆર નોંધવાનો અને તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનને ટ્રાન્સફર કરવાનો આદેશ આપવા પણ વિનંતી કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેએ પણ એવો દાવો કર્યો હતો કે રાજપૂતની હત્યા કરવામાં આવી હતી.

દિશા સાલિયન (પાંચમા પાનાનું ચાલુ)

ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ એક ઉચ્ચ અધિકારીને (આકસ્મિક મૃત્યુ રિપોર્ટ માટેના નિયમો મુજબ) સુપરત કરવામાં આવ્યો હતો.

તપાસના ભાગરૂપે માલવણી પોલીસે તેના મિત્રો અને કેટલાક સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા, કેટલાક નિષ્ફળ પ્રોજેક્ટ્સ, મિત્રો સાથે ગેરસમજ અને તેના પિતા દ્વારા તેના પૈસાના દુરુપયોગને કારણે દિશા હતી એવું તપાસમાં બહાર આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દિશા પોતાની કંપની વતી જે કલાકારોના સંપર્કમાં હતી તેમના નિવેદનો પણ પોલીસ દ્વારા નોંધવામાં આવ્યા હતા, એમ પણ અધિકારીએ ઉમેર્યું હતું,

રાજકીય વિવાદ પછી આ કેસના તપાસ માટે પોલીસે એસઆઈટીની રચના કરી હતી અને તેનો અહેવાલ હજી સુધી આવ્યો નથી. ગયા અઠવાડિયે તેના પિતા સતીશ સલિયને દિશાના મોતના કેસની નવેસરથી તપાસ કરાવવા માટેનો આદેશ આપવા બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી. (પીટીઆઈ)

# લશ્કરમાં કોઈ ભેદભાવ નથી હોતાઃ એનડીએની મહિલાઓની પ્રથમ બેચના કેડેટનો પ્રતિભાવ

પુણેઃ શરૂઆતમાં અનિશ્ચિતતા અને અપરીચિતતા હતી પરંતુ સંસ્થાએ અમને એકીકૃત કરવા માટે સંપૂર્ણપણે અપનાવી આમરો વિકાસ કર્યો છે એમ બટાલિયન કેડેટ કેપ્ટન રિતુલે સપ્ટેમ્બર ૨૦૨૧ માં મહિલાઓને સ્થાન આપવાના પ્રતિષ્ઠિત નેશનલ ડિફેન્સ એકેડમીના નિર્ણય વિશે જણાવ્યું હતું.

એનડીએમાં પ્રારંભમાં સ્થાન મેળવનાર પૈકી રાષ્ટ્રીય કક્ષાની એથ્લીટ અને રાજ્ય સ્તરની ડિબેટર રિતુલએ બારમા ધોરણની પરીક્ષામાં ૯૮.૫ ટકા મેળવ્યા હતા અને તેના પુરુષ સમકક્ષ અને બટાલિયન કેડેટ કેપ્ટન પ્રિન્સ કુમાર સિંહ કુશવાહાએ 'યુગાંતર ૨૦૪૭'માં શાળાના ત્રણ હજાર વિદ્યાર્થીઓ સાથે તેમના અનુભવ શેર કર્યા હતા. રિતુલે જણાવ્યું હતું કે 'હું હરિયાણાથી આવી છું અને અમારે ત્યાં લશ્કરમાં જોડાવું એ અત્યંત ગર્વની વાત કહેવાય છે. એનડીએની પરંપરા અને મહિલાઓ માટે તક વિશે વાંચ્યું ત્યારે આ જ રસ્તે આગળ વધવાનું મેં નક્કી કર્યું. મારા નિર્ણયને મારા પરિવાર તરફથી ટેકો મળ્યો. તેમની પ્રતિક્રિયા જોઈ હું વધુ મક્કમ બની હતી.'

એનડીએની મહિલા કેડેટ્સની પ્રથમ બેચના સભ્ય તરીકે રિતુલે સ્વીકાર્યું હતું કે ૭૫ વર્ષ સુધી માત્ર પુરુષોને તાલીમ આપતી સંસ્થામાં મહિલાઓને સામેલ કરવી એ માત્ર કેડેટ્સ માટે જ નહીં, પરંતુ પ્રશિક્ષકો અને અધિકારીઓ માટે પણ એક નવો અનુભવ હતો.

ઉત્તર પ્રદેશના મથુરાના વતની કુશવાહાએ એનડીએની પસંદગીની પ્રક્રિયા દેશની એક અત્યંત પડકારજન્ય પદ્ધતિ હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે 'દર વર્ષે, આશરે ૧૮થી ૨૦ લાખ વિદ્યાર્થીઓ એનડીએમાં સ્થાન મેળવવાની ઇચ્છા રાખે છે અને ૮થી ૧૦ લાખ પરીક્ષા આપે છે. એમાંથી માત્ર ૮ હજાર લોકો જ લેખિત પરીક્ષા પાસ કરે છે અને એસએસબીની કઠોર મુલાકાત પ્રક્રિયા પછી, માત્ર ૩૦૦થી ૩૫૦ જ આગળ વધી શકે છે. પ્રવેશ મેળવ્યા પછી, કેડેટ્સ વિશ્વની સૌથી મુશ્કેલ તાલીમ પ્રક્રિયામાંથી પસાર થાય છે.' આગામી પાસિંગ આઉટ પરેડમાં ૧૭ મહિલા કેડેટ્સનો પ્રથમ બેચ એનડીએનું પ્રશિક્ષણ પૂરું કરવાની તૈયારીમાં છે. (પીટીઆઈ)

# કોમેડિયન સમય રાઈના બીજી વાર મહારાષ્ટ્ર સાયબર સમક્ષ હાજર

મુંબઈઃ યુટ્યૂબના રિયાલિટી શો નઈન્ડિયાથઝ ગૉટ લેટન્ટથમાં જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર રણવીર અલાહાબાદિયાએ માતા-પિતા અને સેક્સ સંબંધી કરેલી બીભત્સ ટિપ્પણી મામલે નોંધાયેલા કેસમાં કોમેડિયન સમય રાઈના શુક્રવારે બીજી વાર મહારાષ્ટ્ર સાયબર સમક્ષ હાજર થયો હતો. દક્ષિણ મુંબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આવેલી સાયબરની ઑફિસમાં રાઈના શુક્રવારની બપોરે પહોંચ્યો હતો. આ સપ્તાહમાં તે બીજી વાર સાયબર સમક્ષ ઉપસ્થિત રહ્યો હતો. અધિકારીઓએ રાઈનાનું નિવેદન નોંધ્યું હતું.

આ જ સપ્તાહમાં ૨૪ માર્ચે પણ રાઈના નવી મુંબીના મ્હાપે ખાતેના સાયબરના મુખ્યાલયમાં રાઈના પૂછપરછ માટે હાજર થયો હતો. રાઈનાના વેબ શો નઈન્ડિયાથઝ ગૉટ લેટન્ટથમાં ફેબ્રુઆરીમાં યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાએ ઉમેદવારને વડીલો સંબંધી અશ્લીલ પ્રશ્ન કર્યો હતો.

આ એપિસોડનો વીડિયો વાયરલ થતાં જ ભારે હોબાળો મચ્યો હતો અને વિવિધ સ્તરેથી વિરોધ કરાયો હતો. લોકોનો રોષ જોઈ સાયબર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. યુટ્યૂબના આ પ્રોગ્રામ સાથે સંકળાયેલા રાઈના, અલાહાબાદિયા અને અન્યો અનેક પોલીસ ફરિયાદનો સામનો કરી રહ્યા છે. (પીટીઆઈ)

# હિન્દુ બહેનના ભાઈના અગ્નિ સંસ્કાર કર્યા મુસ્લિમ-ખ્રિસ્તી ભાઈઓએ

મુંબઈઃ દુઃખના પ્રસંગે ઉપયોગી થાય તે જ ખરો ધર્મ. પુણેમાં માનવી ધર્મનો અનોખો અનુભવ કરાવે એવી ઘટના જોવા મળી છે. રાસ્તા પેઠમાં રહેતી એક મહિલાના ભાઇનું બુધવારે નિધન થયું હતું. મહિલાનું બીજું કોઇ સંબંધી નહોતું. આવા દુઃખના પ્રસંગે તેની મદદ બે વ્યક્તિ દોડી આવી જેમાંથી એક હતી મુસ્લિમ અને બીજી હતી ખ્રિસ્તી.

પાડોશમાં રહેતા માઇકલ સાઠે અને તેના મિત્ર જાવેદ ખાને મૃતદેહને સાસૂન હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઇ ગયા. રાતભર ત્યાં જ રોકાવું પડ્યું. ત્યાર બાદ ગુરુવારે બીજા દિવસે અંતિમસંસ્કારની વિધિ કરવામાં આવી. માઇકલ અને જાવેદે મહિલાના ભાઇને મુખાગ્નિ આપી હતી. હાલમાં ખ્રિસ્તી ધર્મમાં લેન્ટના ૪૦ દિવસના ઉપવાસ શરૂ છે, જ્યારે મુસ્લિમોનો પવિત્ર રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે બન્ને કોઇ પણ ધર્મને વચ્ચે ન લાવતા ફક્ત માનવી ધર્મ સ્વીકારીને મહિલાને મદદ કરી અને તેના ભાઇના અંતિમસંસ્કાર હિન્દુ પદ્ધતિથી કર્યા.

## જૈન મરણ

**ઘોઘારી વિસાશ્રીમાળી જૈન**

રાજપરા (જેસર) હાલ સાયન, સ્વ. ચંદુલાલ કુંવરજી મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. રમાગૌરી (ઉં. વ. ૮૯) તા. ૨૯-૩-૨૫ ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે દીપક-દીવ્યેશ-પરાગ-સ્વાતી મહેશકુમાર-ફાલ્ગુની અતુલકુમાર, મનીષા વિપુલકુમારના માતુશ્રી. ભાવના-કામીનીના સાસુ. રાહુલ-ફોરમ પ્રિયંકકુમાર-દીશી-નીસર્ગના દાદી. તે સ્વ. હેમંતકુમાર, સ્વ. રસીલાબેન ધીરજલાલ-ભાનુમતી સુર્યકાંત, સ્વ. કુંદનબેન ચંદ્રકાંત, સ્વ. ઈલાબેન મોહનકુમારના ભાભી. પીયરપક્ષે સ્વ. લલ્લુભાઈ નેમચંદ દોશી (મહુવા)ની દીકરી. રે.ઠે. દીપક ચંદુલાલ મહેતા ૨૦૦/૧૦ સમીર બિલ્ડિંગ, રામમીલન શુક્લા માર્ગ, સાયન (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

વાસુપૂજયની શેરીના હાલ માટુંગા દેવલ શાહ (ઉં. વ. ૪૭) તે મંગળવાર, તા. ૨૫-૩-૨૫ના રોજ અરિહંતશરણ થયા છે. તે શર્મિષ્ઠાબેન, દીલીપભાઇના પુત્ર. સ્વ. કાંતાબેન મણીલાલના પૌત્ર. સ્વ. વસુમતીબેન હિંમતલાલના દોહિત્ર. ભાવિન તથા કુનાલના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા. વિશા સ્થા. જૈન**

લીંબડી નિવાસી હાલ બોરીવલી ધીરજલાલ છોટાલાલ સંઘવીના સુપુત્ર દીપેન (ઉં. વ. ૬૦) ગુરુવાર, તા. ૨૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પારૂલના પતિ. શ્રીનીલના પિતા. તે નીકીતાના સસરા. સ્વ. ચંદ્રવદન, નરેન્દ્ર, પંકજ, દિવ્યા રજનીકાંત શાહ, નીતા નિલેશકુમાર ગોપાણીના ભાઇ. સ્વ. મનહરલાલ પ્રેમચંદ શાહ (સર્વોદયવાળા, અમદાવાદ)ના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. બી-૧૯૦૧, નીલકંઠ નગર, એસ. વી. રોડ, કોરાકેન્દ્ર ફ્લાય ઓવર પાસે, બોરીવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ (મુંબઇ) દિલીપ શેઠ (ઉં. વ. ૭૨) તા. ૨૬-૩-૨૫ બુધવારના અવસાન પામેલ છે. ઇચ્છાબેન હીરાલાલ શેઠના સુપુત્ર. દમયંતીબેનના પતિ. અમી, દીપેનના પિતાશ્રી. અમિષકુમાર તથા મમતાના સસરા. સ્વ. કિર્તીભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. કિશોરભાઇના ભાઇ. શંકરલાલ રાઘવજી ભીંડે (ભુજ)ના જમાઇ. સાદડી સોમવાર, તા. ૩૧-૩-૨૫ના ૫થી ૭. ઠે. રૂદ્રાક્ષ હેરિટેજ, 'એ' બિલ્ડિંગ, પીર પોડયમ પાર્કિંગ, આર.એચ.બી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ મલાડ સ્વ.કેશવલાલ ન્યાલચંદ પારેખના પુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં. વ. ૮૬) તે સ્વ. હસુમતીબેન (હેમલત્તા)ના પતિ. અલ્પા-અભય, હેમંત-નિશા, ગીતા-નિલેશના પિતા. સાસરાપક્ષે સ્વ. ચત્રભુજ બેચરદાસ દોશીના જમાઈ. દિપક રમણીકલાલ પારેખ, હેમાબેન વિનોદભાઈ છેડા, વીણાબેન નવીનચંદ્ર છેડા, પૂર્ણિમાબેન જયંતભાઈ શાહ, બિન્દુબેન હેતલભાઈ મહેતાના કાકા ૨૭/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ત્વચાદાન તથા ચક્ષુદાન કરેલ છે. ઠે સી/૨૭, અતુલ એપાર્ટમેન્ટ, ભાદ્રણ નગર ૨, એસ વિ રોડ, મલાડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના રમેશ ઠાકરશી પાસુ ઘરોડ (ઉં. વ. ૬૭) ૨૬-૩-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી દેવકાબાઇ ઠાકરશી ઘરોડના સુપુત્ર. વનિતાબેનના પતિ. બીજલ, અંકિતના પિતા. ભોરારા નિર્મળાબેન ડુંગરશી દેઢીયા, હેમલતાબેન લાલજી દેઢીયા, કોકલીઆના પ્રભાબેન પ્રેમજી ગોસર, હરીશ, અશ્વિનના ભાઇ. જસવંતીબેન માવજી ગાલાના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુભાઇ નિસર હોલ, દાદર (વે.), ટા. ૨ થી ૩.૩૦. (ચક્ષુદાન કરેલ છે.) નિ. રમેશ ઘરોડ, ઘરકુલ હા.સો., પ્લોટ નં. ૬૨, ડી-૯, ગોરાઇ-૧, બોરીવલી (વે.).

## પાયદસ્ત

હોમી રતનશા બોગા તે એમી હોમી બોગાના ધની. તે હનોઝ, ફેદી અને બીનાઇશાના પપા. તે નેવીલ, હુફરીઝ ને યાસમીનના ભાઇ. (ઉં. વ. ૬૮) રે. ઠે. ડી-૩/૧૧, પહેલે માળે, શાપુરજી ભરૂચા બાગ, એસ. વી. રોડ, સીટી બેન્ક સામે, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. પાયદસ્ત : તા. ૧-૪-૨૫ને દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી પર.

## હિન્દુ મરણ

**દશા સોરઠીયા વણિક**

હાલરીયા હાલ મુંબઈ, સ્વ. સંતોકબેન તથા સ્વ. નાથાલાલ રાઘવજી ધાથલીયાના પુત્ર ધીરજલાલ (ઉં. વ. ૯૦) તે ચંદ્રિકાબેનના પતિ. દિપક, દેવેન, અમીત તથા રૂપા ધર્મેશ માલવીયાના પિતાશ્રી. ડિમ્પલ તથા ગીતાના સસરા. સ્વ. ગીરધરલાલ, સ્વ. વ્રજલાલ, સ્વ. જગજીવનદાસ, સ્વ. પ્રભુદાસભાઈ તથા કાંતિભાઈ, સ્વ. રામકુવરબેન ભીમજી માધાણી તથા સ્વ. ચંપાબેન ભગવાનદાસ સાંગાણીના ભાઈ. તે સ્વ. નાનાલાલ મોતીચંદના જમાઈ તા. ૨૬-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ભાવનગર ગીરીશભાઇ ગોપાળદાસ સંઘવીના ધર્મપત્ની અ. સૌ. હર્ષાબેન (ઉં. વ. ૭૧) તા. ૨૫-૩-૨૫ મંગળવારે ભાવનગર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે વિપુલ, જય, જાનવીના માતુશ્રી. તે રૂપલ, પ્રિયા, જીજ્ઞેશ મહેતાના સાસુ. સ્વ. વસંતરાય હરિદાસ વોરાના દીકરી. તે સ્વ. વિનાયકભાઇ, સ્વ. બાલકૃષ્ણભાઇ, કિશોરભાઇ, અરવિંદભાઇ, પ્રફુલભાઇ, સતીષભાઇ, ઉર્મિલાબેન, પ્રતિમાબેનના ભાભી. સનત, સંજય, ચેતન, નિમેશ, વર્ષા વિક્રમ મોદીના બેન. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૦-૩-૨૫, ૫થી ૭. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, જે.આર.મ્હાત્રે રોડ, ચંદન સિનેમાની પાસે, જે. વી. પી. ડી. સ્કીમ, જુહુ, મુંબઇ-૪૦૦૦૪૯.

**કપોળ**

ભરૂચવાળા હાલ બોરીવલી, શેખર નરેન્દ્રલાલ ધીરજલાલ ગાંધી (ઉં. વ. ૭૫) તે સ્વ.વર્ષાબેનના પતિ. નલીનભાઇ, સ્વ. હર્ષા ભુપેન્દ્રભાઈ વોરા, રેખા વામન હકાણી, સ્વ. ભામીની અભયકુમાર સંઘવીના મોટાભાઈ. પલ્લવી દિવ્યેશ પાઠકના પિતા. રૂશાન તથા રેવા જીગર કપાસીના નાના. સાસરાપક્ષે સ્વ નર્મદાબેન વૃજલાલ બેચરદાસ વોરાના જમાઈ તા. ૨૭/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

શરદભાઈ (ઉં. વ. ૭૦) તે સ્વ.ભાનુમતિબેન ગોરધનદાસ કાપડિયાના પુત્ર. સ્વ.કમુબેન જમનાદાસ સંપટના જમાઈ. દીપાબેનના પતિ. એ.સૌ જયતિ દિલીપ તથા ચિ.અદિતીના પિતા, સ્વ.પારિંદાબેન હરીશભાઈ તથા બીનાબેન રાજેનભાઈના ભાઈ. મુંબઈ મુકામે તા.૨૬.૦૩.૨૦૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગુર્જર સુથાર**

મૂળ ગામ આમરણ હાલ ચેમ્બુર, સ્વ.કુબેરભાઈ પ્રેમજીભાઈ વિસાવાડિયાના ધર્મપત્ની કસ્તુરબેન (ઉં. વ. ૯૮) તા.૨૭/૦૩/૨૫ ગુરૂવારના રામશરણ પામેલ છે. તે અંબારાવાળા સ્વ.ભવાનભાઈ લવજીભાઈ સુરેલીયાના પુત્રી. લીલાધરભાઈ, હસમુખભાઈ, નીમુબેનના માતુશ્રી. સ્વ.મંજુલાબેન, અ.સૌ.વંદનાબેન અને ઘનશ્યામભાઇ વસરામભાઈના સાસુજી. સ્વ.વાઘજીભાઈ, સ્વ.વિજયાબેન ગોવિંદભાઈ, સ્વ.માધવજીભાઈ, ગણેશભાઈ, વનિતાબેન મોહનભાઈના ભાભી. સ્મીતા ભરતકુમાર, હેતલ રમેશકુમાર, મનીષા ભાવેશકુમાર, ભાવિકા સચીનકુમાર, વિશાલ, અંકિતના દાદીજી. પ્રાર્થનાસભા તા.૨૯-૦૩-૨૫ શનિવારના ૪.૦૦ થી ૫.૩૦. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭, બજાજ રોડ, વિરલેપાર્લા પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

મુંબઈવાળા હાલ બેન્ગલોર, અ.સૌ. રીટાબેન રવીન્દ્રભાઇના ખખ્ખર (ઉં. વ. ૬૧) તા.૨૫/૩/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામેલ છે. તે રવિન્દ્રભાઈ ખખ્ખરના ધર્મપત્ની. સ્વ.શારદાબેન તથા સ્વ.ગોરધનદાસ દાવડાના સુપુત્રી, સ્વ. ઈશ્વરલાલ (બચુભાઈ), સ્વ.જયાબેન ખખ્ખરના જેષ્ઠ પુત્રવધૂ. કિરીટભાઈ, પ્રદીપભાઈ, અમિતભાઈ દાવડાના બહેન. ગં.સ્વ.દિપીકાબેન દિનેશકુમાર, મયુરભાઈ, જલિયાણભાઈ ખખ્ખરના ભાભી. પરખભાઈ ખખ્ખરના માતૃશ્રી.

# બૉયફ્રેન્ડ પરના કાળાજાદુને નાથવાના ચક્કરમાં યુવતીએ લાખો રૂપિયા ગુમાવ્યા

મુંબઈઃ બૉયફ્રેન્ડ પર એક યુવતીએ કરેલા કાળાજાદુને નાથવાને બહાને ઑનલાઈન ઠગે સાંતાક્રુઝમાં રહેતી યુવતી પાસેથી ૩.૪૭ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું સામે આવ્યું હતું. આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર જ્યોતિષ-કમ-તાંત્રિક તરીકેને ઓળખ આપી યુવતીને છેતરી હતી. વાકોલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર ૩૨ વર્ષની ફરિયાદી યુવતી ઑક્ટોબર, ૨૦૨૪માં પહેલી વાર ઉત્તર પ્રદેશના વતની અને હાલમાં થાણેમાં રહેતા બૉયફ્રેન્ડને મળી હતી. જોકે તાજેતરમાં બૉયફ્રેન્ડ યુવતી સાથે ફોન પર વાતચીત કરવાનું ટાળતો હતો. પરિણામે બૉયફ્રેન્ડનું બીજી યુવતી સાથે અફેર હોવાની શંકા ફરિયાદીને ગઈ હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે જાન્યુઆરી, ૨૦૨૫માં ઈન્સ્ટાગ્રામ પર ફરિયાદીની નજર જ્યોતિષ-કમ-તાંત્રિકની વિગતો પર પડી હતી, જેમાં તાંત્રિકે માત્ર ૨૫૧ રૂપિયા ચૂકવીને કોઈના અંગત જીવનની, તેના સંબંધોની અને કારકિર્દી સહિતની તમામ પ્રકારની માહિતી આપવાનો દાવો કરાયો હતો.

પાંચમા પાનાનું ચાલુ

### ઈદ પર મુંબઈમાં

વિસ્તારમાં પોલીસે સઘન તપાસ કરી હતી, પણ કશું વાંધાજનક મળી આવ્યું નહોતું. હવે સાયબર સેલ આધુનિક ટેક્નિકલ પદ્ધતિથી આવી પોસ્ટ કરનારી વ્યક્તિની શોધ ચલાવી રહી છે.

મુંબઈ પોલીસે ખાતરી આપી છે કે શહેરમાં આવી કોઇ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જાળવા રાખવા જરૂરી પગલાં લેવામાં આવશે. પોલીસે નાગરિકોને અફવાઓ પર વિશ્વાસ ન રાખવાની અપીલ પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ પોલીસને ગયા વર્ષે અફવાના ૧૦૦થી વધુ કૉલ્સ પ્રાપ્ત થયા હતા. રિઝર્વ બૅંક ઓફ ઇન્ડિયાના કસ્ટમર કૅર નંબર પર પણ ધમકીનો કૉલ આવ્યો હતો. કૉલ કરનારે પોતાની ઓળખ લશ્કરે તૈયબાના સીઇઓ તરીકે આપી હતી. એ સિવાય અભિનેતા સલમાન ખાન અને શાહરુખ ખાનને ધમકી આપતા મેસેજ પણ મુંબઈ પોલીસને મળ્યા હતા.

એક મહિલાએ મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમને ૩૦થી વધુ કૉલ કરીને ખોટી માહિતી આપી હતી.

### એમએમઆરડીએનું

મુખર્જી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું અને નાયબ મુખ્ય પ્રધાન અને એમએમઆરડીએના અધ્યક્ષ એકનાથ શિંદે દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે અંદાજિત આવક ૩૬,૯૩૮.૬૯ કરોડ રૂપિયા છે.

એમએમઆરડીએના મતે આ બજેટ મુંબઈ મેટ્રોપોલિટન ક્ષેત્રમાં સંકલિત, સંતુલિત અને ઝડપી વિકાસને વેગ આપશે, મુસાફરીનો સમય અને અંતર ઘટાડશે અને ટ્રાફિક ભીડ હળવી કરશે તેવી અપેક્ષા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે અંદાજિત આવક ૩૬,૯૩૮.૬૯ કરોડ રૂપિયા છે, જ્યારે અંદાજિત ખર્ચ ૪૦,૧૮૭.૪૧ કરોડ રૂપિયા છે, જેના પરિણામે ૩,૨૪૮.૭૨ કરોડ રૂપિયાની બજેટ ખાધ છે. આ ખાધને જમીન વેચાણ, બોન્ડ જારી કરવા, સરકાર તરફથી નાણાકીય સહાય અને નાણાકીય સંસ્થાઓ તરફથી લોન દ્વારા પૂર્ણ કરવાનો પ્રસ્તાવ છે.

કુલ અપેક્ષિત આવક ૩૬,૯૩૮.૬૯ કરોડ રૂપિયા થાય છે, જ્યારે કુલ અંદાજિત ખર્ચ આશરે ૪૦,૧૮૭.૪૧ કરોડ રૂપિયા થાય છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશ મહારાષ્ટ્રના આર્થિક વિકાસનો આધાર છે. એમએમઆરમાં ચાલી રહેલા માળખાકીય પ્રોજેક્ટ્સ રાજ્યના વિકાસને વેગ આપી રહ્યા છે.

મહારાષ્ટ્રે ૧૫.૭૦ લાખ કરોડ રૂપિયાના કુલ ૫૪ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આમાંથી, એમએમઆરડીએએ ૩.૫૦ લાખ કરોડ રૂપિયાના ૧૧ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. આ બજેટ ટ્રિલ્યન ડોલરની અર્થવ્યવસ્થાના વિઝનને પ્રાપ્ત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.' એકનાથ શિંદેએ બજેટને મંજૂરી આપતા કહ્યું હતું કે, 'અમારી ટોચની પ્રાથમિકતા મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશનો સર્વાંગી અને ઝડપી ગતિનો વિકાસ છે. આ બજેટ નવા મેટ્રો કોરિડોરથી લઈને જળ સંસાધન પ્રોજેક્ટ્સ સુધીના તમામ ક્ષેત્રોમાં સમાવિષ્ટ પ્રગતિ સુનિશ્ચિત કરે છે. એમએમઆરડીએની યોજનાઓ મુંબઈને વૈશ્વિક આર્થિક કેન્દ્ર તરીકે સ્થાન આપશે. ૨૦૨૫-૨૬નું બજેટ એમએમઆરના બહુપરીમાણીય વિકાસ માટે એક સ્વપનદ્રષ્ટા અને વ્યાપક દસ્તાવેજ છે.'

#### એમએમઆરમાં ક્યાં કેટલી ફાળવણી?

અ) મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાંઃ

૧. સુભાષચંદ્ર બોઝ ગ્રાઉન્ડથી ઉત્તન સુધીના રસ્તાનું બાંધકામ

૨. ઘોડબંદરથી જેસલ પાર્ક (ઘોડબંદર કિલ્લા સુધી) ૬૦ મીટર/૩૦ મીટર પહોળા રસ્તાનું બાંધકામ

૩. રાષ્ટ્રીય ધોરીમાર્ગની સમાંતર, ઘોડબંદર સાઈ પેલેસથી ઠાકુર મોલ સુધી ૩૦ મીટર પહોળા રસ્તાનું બાંધકામ

૪. મીરા રોડ પૂર્વ અને પશ્ચિમને જોડતા રસ્તા અને રેલવે ઓવર બ્રિજ (આરઓબી)નું બાંધકામ

ઇ) થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાંઃ

૧. ઓવળા-માજીવાડા મતવિસ્તારમાં ૨૩ રસ્તાઓનું બાંધકામ

ઈ) વસઈ-વિરાર ક્ષેત્રમાંઃ

૧. વસઈ-વિરારમાં રસ્તાઓ, ખાડી પુલ અને એફઓબી

૨. વસઈ-વિરાર મ્યુનિસિપલ વિસ્તારમાં ૪ મુખ્ય શહેરો અને આસપાસના ગામોને જોડતા ૪૦ મીટર પહોળા રિંગ રોડનું બાંધકામ

૩. વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૫ આરઓબીનું બાંધકામ

### ખુલ્લામાં કચરો

આવ્યો છે. ખુલ્લામાં કચરો બાળવાથી તેમાંથી ઝેરી વાયુ તથા અન્ય કણો હવામાં સામેલ થતા હોય છે જેથી શ્વાસમાં આ હવા જવાથી બીમાર પડાય છે. અત્યાર સુધી ખુલ્લામાં કચરો બાળનાર પાસેથી ૧૦૦ રૂપિયા દંડ લેવામાં આવતો હતો, પરંતુ હવે દંડની રકમ વધારીને ૧૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. નાગરિકોમાં ખુલ્લામાં કચરો બાળવાથી થતા પરિણામ અંગે જાગરૂકતા પણ લાવવામાં આવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## મુંબઈના માળખાકીય વિકાસને મળશે બુલેટની સ્પીડ

# એમએમઆરડીએનું ૪૦,૧૮૭ કરોડ રૂપિયાનું મેગાબજેટઃ ૮૭ ટકા ઈન્ફ્રાને



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં અને નગર વિકાસ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળની હાજરીમાં, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)એ શુક્રવારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૪૦,૧૮૭.૪૧ કરોડ રૂપિયાનો બજેટ અંદાજ રજૂ કર્યો હતો.

મુંબઈ મેટ્રોપોલિટન રિજનના નાગરિકોને શહેરી સેવાઓ અને માળખાકીય સુવિધાઓ વધારવા અને ઉપલબ્ધ કરાવવા માટે ૩૫,૧૫૧.૧૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે કુલ ખર્ચના આશરે ૮૭ ટકા થવા જાય છે. આમાં મેટ્રો લાઇનનું વિસ્તરણ, નવી ટનલનું બાંધકામ, કોસ્ટલ રોડ, પ્રાદેશિક જળ સ્રોત વિકાસ અને મુખ્ય શહેરી માળખાકીય કાર્યોનો સમાવેશ થાય છે.

આ બજેટ એમએમઆરડીએના મેટ્રોપોલિટન કમિશનર ડૉ. સંજય (જુઓ પાનું ૪)

### ક્યાં કેટલી ફાળવણી? (કરોડમાં રૂપિયા)

| | | |
|---|---|---|
| ૧ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૨બીઃ ડીએન નગર - માંડલે) | ૨,૧૫૫.૮૦ |
| ૨ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૪ઃ વડાલા - ઘાટકોપર - મુલુંડ - થાણે - કાસરવડવલી) | ૩,૨૪૭.૫૧ |
| ૩ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૫ઃ થાણે - ભિવંડી - કલ્યાણ) | ૧,૫૭૯.૯૯ |
| ૪ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૬ઃસ્વામી સમર્થ નગર -કાંજુરમાર્ગ) | ૧,૩૦૩.૪૦ |
| ૫ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૯ઃ દહિસરથી મીરા-ભાયંદર અને લાઈન ૭એ (અંધેરી થી એરપોર્ટ) | ૧,૧૮૨.૯૩ |
| ૬ | મેટ્રો પ્રોજેક્ટ (લાઈન ૧૨ઃ કલ્યાણ - તળોજા) | ૧,૫૦૦.૦૦ |
| ૭ | વિસ્તૃત મુંબઈ શહેરી માળખકીય પ્રોજેક્ટનો અમલ | ૫૨૧.૪૭ |
| ૮ | ચાર-માર્ગની ભૂગર્ભ ટનલઃ થાણેથી બોરીવલી (વાયા સંજય ગાંધી નેશનલ પાર્ક) | ૨,૬૮૪.૦૦ |
| ૯ | કોસ્ટલ કનેક્ટિવિટી ભૂગર્ભ ટનલઃ ઓરેન્જ ગેટ, ઇસ્ટર્ન ફ્રીવેથી મરીન ડ્રાઇવ | ૧,૮૧૩.૪૦ |
| ૧૦ | ઉત્તનથી વિરાર કોસ્ટલ પ્રોજેક્ટ | ૨,૦૦૦.૦૦ |
| ૧૧ | પ્રાદેશિક જળ સ્રોત વિકાસ (સૂર્ય, કાલુ, દેહરજી પ્રોજેક્ટ્સ) | ૧,૬૪૫.૦૦ |
| ૧૨ | થાણે-ઘોડબંદર રોડ પર ગાયમુખથી ફાઉન્ટેન હોટેલ જંકશન સુધી ભૂગર્ભ ટનલ | ૧,૨૦૦.૦૦ |
| ૧૩ | ફાઉન્ટન હોટેલ જંકશનથી ભાયંદર સુધીનો એલિવેટેડ રોડ | ૧,૦૦૦.૦૦ |
| ૧૪ | કેએસસી નવનગર પ્રોજેક્ટ (કરનાળા-સાઈ-ચિરનેર - એનટીડીએ) | ૧,૦૦૦.૦૦ |

### કયા નવા પ્રોજેક્ટ્સ શરૂ કરાયા?

૧. મેટ્રો લાઇન-૫નું વિસ્તરણઃ દુર્ગાડી (કલ્યાણ)થી ઉલ્હાસનગર
૨. મેટ્રો લાઇન-૧૦ઃ ગાયમુખથી શિવાજી ચોક (મીરા રોડ)
૩. મેટ્રો લાઇન-૧૩ઃ શિવાજી ચોક (મીરા રોડ)થી વિરાર
૪. મેટ્રો લાઇન-૧૪ઃ કાંજુરમાર્ગથી બદલાપુર
૫. ગાયમુખથી ફાઉન્ટેન હોટેલ જંકશન ટનલ રોડ- ભાગ ૧
૬. ફાઉન્ટેન હોટેલથી ભાયંદર વચ્ચે એલિવેટેડ રોડની ડિઝાઇન અને બાંધકામ
૭. ઐરોલી ટનલથી કટાઈ નાકા રોડ (ભાગ ૩) - ૬.૭૧ કિમી રોડનો પટ્ટો
૮. વિસ્તૃત મુંબઈ શહેરી માળખાગત પ્રોજેક્ટ (એમયુઆઈપીનું વિસ્તરણ) ■

# પિતા દ્વારા પૈસાના દુરુપયોગને લીધે દિશા સાલિયન ડિપ્રેશનમાં હતી અને તેણે આત્મહત્યા કરી હતી

### આવું તારણ મુંબઈ પોલીસના આ કેસના ક્લોઝર રિપોર્ટમાં છે

મુંબઈઃ દિશા સાલિયન મૃત્યુ કેસમાં મુંબઈ પોલીસના ક્લોઝર રિપોર્ટમાં તેને આત્મહત્યા ગણાવવામાં આવી હતી અને દાવો કરવામાં આવ્યો હતો. પિતા દ્વારા પૈસાના દુરુપયોગ સહિતનાં કારણોસર દિશા ડિપ્રેશનમાં સરી પડી હોવાનું પણ શુક્રવારે એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દિશા સલિયન અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર હતી. પોલીસના જણાવ્યા મુજબ, તેણે આઠમી જૂન, ૨૦૨૦ ના રોજ ઉત્તર મુંબઈના મલાડ વિસ્તારમાં જનકલ્યાણ નગરમાં તેના મકાનના ૧૨મા માળેથી કૂદીને આત્મહત્યા કરી હતી.

આ ઘટનાની તપાસ કરનાર માલવણી પોલીસ દ્વારા ક્લોઝર રિપોર્ટ ચોથી (જુઓ પાનું ૪)

## ડોંગરીમાં રમખાણો, બ્લાસ્ટની ધમકીની સોશ્યલ મીડિયા પોસ્ટ

# ઈદ પર મુંબઈમાં અલર્ટ



**હૈ અલર્ટ હમઃ** ઈદ વખતે મુંબઈમાં નવાજૂની કરવાની દહેશતે ક્રૉફર્ડ માર્કેટ ખાતેની જામા મસ્જિદ સહિતના વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત વધારી દેવાયો છે. (અમય ખરાડે)

મુંબઈઃ રમજાન ઇદ પર ડોંગરી વિસ્તારમાં હિન્દુ-મુસ્લિમ રમખાણો, આગચંપી અને બોમ્બધડાકાની ચેતવણી આપતી સોશ્યલ મીડિયા પોસ્ટ બાદ અલર્ટ થયેલી મુંબઈ પોલીસ સુરક્ષા વધારી દીધી છે. ખાસ કરીને ગેરકાયદે રોહિંગ્યા, પાકિસ્તાની અને બાંગ્લાદેશી ઘૂસણખોરો આવી પ્રવૃત્તિઓમાં સંકળાઇ શકે છે, એવો આરોપ પોસ્ટમાં કરવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ગુરુવારે સવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ પોસ્ટ જોવા મળી હતી. યુઝરે નવી મુંબઈ પોલીસના એક્સ અકાઉન્ટને ટૅગ કરીને લખ્યું હતું કે મુંબઈ પોલીસે સતર્ક રહેવું જોઇએ. ૩૧ માર્ચ અને પહેલી એપ્રિલે ઇદ પર ડોંગરી જેવા વિસ્તારમાં રહેતા અમુક ગેરકાયદે રોહિંગ્યા/પાકિસ્તાની/બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા રમખાણો, આગચંપી અને બોમ્બબ્લાસ્ટ કરાવવામાં આવી શકે છે. આ પોસ્ટ બાદ નવી મુંબઈ પોલીસે તાત્કાલિક મુંબઈ પોલીસના કન્ટ્રોલ રૂમને કૉલ કરીને આ અંગે જાણ કરી હતી. બાદમાં ડોંગરી વિસ્તારમાં પેટ્રોલિંગ વધારાયું હતું. ડોંગરી (જુઓ પાનું ૪)

# બિલ ન ભર્યું : ગોંદિયામાં ૩૨ સરકાર ઑફિસની લાઇટ કાપી નખાઇ

ગોંદિયાઃ મહારાષ્ટ્રના ગોંદિયામાં ચાર માળની ઈમારતમાં આવેલી ૩૨ સરકારી ઓફિસોએ લાઈટ બિલના ૨.૬૫ લાખ રૂપિયા ભર્યા ન હોવાથી સરકારી વીજ વિતરણ કંપની મહાવિતરણએ વીજ પુરવઠો કાપી નાખ્યો હોવાની જાણકારી એક અધિકારીએ શુક્રવારે આપી હતી.

વહીવટી ઇમારતમાં લોબી, પ્રવેશદ્વાર અને શૌચાલયોનો વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો છે. આ જગ્યાનો ઉપયોગ દરરોજ સેંકડો કર્મચારીઓ અને નાગરિકો દ્વારા કરવામાં આવે છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

સબ-ડિવિઝનલ ઓફિસર ચંદ્રભાણ ખંડેતે જણાવ્યું હતું કે ઘણી ઓફિસો આકસ્મિક ભંડોળમાં નિયમિત ફાળો આપતી ન હોવાથી આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે.

જો કે, ઓફિસો હવે તેમના શેરની ચુકવણી કરવા સંમત થઈ હોવાથી વીજ પુરવઠો ટૂંક સમયમાં પૂર્વવત્ થઈ જશે.

# ગુડી પડવાએ મુંબઈગરાને મળશે નેચર વૉક-વેની સોગાદ

મુંબઈઃ મુંબઈમાં વધુ એક પર્યટન સ્થળનો વધારો થવાનો છે. મુંબઈ પાલિકા દ્વારા મુંબઈગરાઓને ગુડી પડવાની ભેટ તરીકે સોમવારથી મલબાર હિલમાં નેચર વોક નાગરિકો માટે ખુલ્લો મુકાશે. ૭૦૦ મીટર લાંબા વોક-વે માટે ટિકિટ લેવી પડશે. મુંબઈ પાલિકા દ્વારા મુંબઈગરાઓને ગુડી પાડવાની ગિફ્ટ તરીકે નવું પર્યટનસ્થળ નેચર વોક-વે મળવાનું છે. રવિવારે તેનું ઉદ્ઘાટન થશે. અહીં વોક કરતી વખતે પર્યટકોને ગીતા, રંગીન લાઇટિંગ અને પ્રકૃત્રિનો અનુભવ થશે. વોક-વેનું બાકીનું કામકાજ જેમકે વૂડન ગેટ બેસાડવાનું કાર્ય, કમલા નહેરુ પાર્ક તરફ ઇમર્જન્સી એક્ઝિટ વગેરેનું કામ પૂર્ણ થઇ ગયું હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

આ વોક-વેની લંબાઇ ૪૭૦ મીટર અને પહોળાઇ ૨.૪ મીટર રહેશે. પર્યટકો આ વોક-વે પરથી જંગલ અને તેના અંતે દરિયો જોઇ શકશે. હાલમાં તેની ટિકિટના દર જાહેર જનતા માટે પચીસ રૂપિયા અને વિદેશી પર્યટકો માટે ૧૦૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. હાલમાં વોક-વેને અંતિમ ઓપ આપવાનું કામ ચાલી રહ્યું છે, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■

# ખુલ્લામાં કચરો બાળવાનો દંડ હવે દસ ગણો કરાયો છે

મુંબઈઃ મુંબઈ પાલિકાની હદમાં ખુલ્લામાં કચરો બાળનારને હવે ૧૦૦ રૂપિયાના બદલે ૧૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે. ખુલ્લામાં કચરો બાળવાથી પર્યાવરણ અને આરોગ્ય પર ગંભીર પરિણામ થતા હોય છે તેથી નાગરિકોને પોતાની જવાબદારીનું ભાન થાય તે માટે પાલિકાએ ૧૦૦૦ રૂપિયા દંડ વસૂલવાનું નક્કી કર્યુ છે. પહેલી એપ્રિલથી આ નિર્ણયને અમલમાં મૂકવામાં આવશે. આ સિવાય ખુલ્લામાં કચરો બાળવા માટે રોકવા વિભાગીય કાર્યાલય (બોર્ડ) સ્તર પર ટીમ બનાવવામાં આવી છે.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના નેતૃત્વ હેઠળ ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોનું જાહેર રીતે પાલન કરવા પર ભાર મૂકવામાં (જુઓ પાનું ૪)

# એક્ટર શ્રેયસ તલપડે સામે છેતરપિંડીનો કેસ

મુંબઈઃ જમ્મુ-કાશ્મીર પોલીસે એક આકર્ષક ચિટફંડ યોજના દ્વારા સેંકડો ગ્રામજનોને છેતરવાના આરોપસર બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડે અને અન્ય ૧૪ જણા સામે છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. આરોપીઓ 'ધ લોણી અર્બન મલ્ટિસ્ટેટ ક્રેડિટ એન્ડ થ્રિફ્ટ કોઓપરેટિવ સોસાયટી લિમિટેડ' નામની કંપની ચલાવતા હતા.

કંપનીના એજન્ટોએ કથિત રૂપે ગ્રામજનોને વચન આપ્યું હતું કે ટૂંકા ગાળામાં તેમનું રોકાણ લગભગ બમણું થઈ જશે.

# બોલો, મંત્રાલયમાં જ પાણીની અછત!

### મુંબઈ સુધરાઈ દ્વારા શહેરના કેટલાક વિસ્તારોમાં ઓછા દબાણથી પુરવઠો કરવામાં આવતો હોવાથી નિર્માણ થઈ સમસ્યાઃ ત્રણ દિવસથી પાણીની તકલીફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય વિધાનસભાના તાજેતરમાં જ પૂર્ણ થયેલા બજેટ સત્રાં રાજ્યમાં પાણીની અછત પર ગંભીર ચર્ચા થઈ હતી, પરંતુ રાજ્ય સરકારનું સંચાલન જ્યાંથી થઈ રહ્યું છે તે મંત્રાલયમાં જ ત્રણ દિવસથી પાણીની અછત હોવાનું જાણવા મળ્યું છે. અપૂરતા અને ઓછા દબાણથી આવતા પાણીને કારણે હવે મંત્રાલયને પાણીના ટેન્કર પર આધાર રાખવાનો આરો આવ્યો છે. મળતી માહિતી અનુસાર મંત્રાલયમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીની અછત વર્તાઈ રહી છે. પીવાનાં પાણીની સાથે મંત્રાલયની કેન્ટિન અને સ્વચ્છતાગૃહોમાં પણ પાણીની સમસ્યા જોવા મળી રહી છે. પીવાના પાણીની અછતને ધ્યાનમાં રાખીને મંત્રાલયના કર્મચારીઓએ બહારથી બાટલીબંધ પાણી મગાવવાની ફરજ પડી રહી છે. મંત્રાલયનાં અનેક સ્વચ્છતાગૃહો પર પાણી નથી એવું લખવાનો વારો આવ્યો હતો અને આવી સ્થિતિ છેલ્લા ત્રણ દિવસથી હોવાનું કેટલાક કર્મચારીઓ પાસેથી જાણવા મળ્યું હતું. જોકે, પાણીની આ અછત કેમ નિર્માણ થઈ છે તેનો જવાબ કોઈની પાસે નહોતો. બીજી તરફ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે મંત્રાલયનો પાણીપુરવઠો ગુરુવારે સાંજથી સામાન્ય કરી નાખવામાં આવ્યો છે, તેમ છતાં પાણીની અછત જોવા મળી રહી હતી. ગુરુવારે મંત્રાલયમાં ત્રણ ટેન્કર દ્વારા પુરવઠો કરવામાં આવ્યો હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■



**ફેંટો અમારી શાનઃ** ગૂડી પડવાએ નવવારી સાડી સાથે મેચિંગ ફેંટો પહેરીને સોળે શણગાર સજવા આ માનુની ગિરગામની દુકાનમાં ખરીદી કરવા નીકળી ત્યારે તે ફેંટા ટ્રાય કરતી વખતે સેલ્ફી લેવાની લાલચ રોકી નહોતી શકી. (અમય ખરાડે)

# ફ્રેન્ડના ઘરે બર્થડે પાર્ટીમાં સગીરા સાથે દુષ્કર્મઃ યુવક વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ફ્રેન્ડના ઘરે બર્થડે પાર્ટીમાં ૧૭ વર્ષની સગીરા સાથે અજાણ્યા યુવકે દુષ્કર્મ આચર્યું હતું, જેને કારણે તે ગર્ભવતી બની હતી.

તબીબી પરીક્ષણમાં આ વાત સામે આવ્યા બાદ જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતા થાણેના કલવા વિસ્તારમાં રહે છે અને તે દક્ષિણ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં ૧૫ ડિસેમ્બરે તેની ફ્રેન્ડ સુનિતા ઘરે બર્થડે પાર્ટી માટે બોલાવાઇ હતી.

ઉજવણી દરમિયાન પીડિતાને અજાણ્યો યુવક બાથરૂમમાં લઇ ગયો હતો, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સગીરાને ઘટનાની જાણ કોઇને પણ ન કરવા માટે ધમકી આપ્યા બાદ યુવક ત્યાંથી ફરાર થઇ ગયો હતો.

બદનામીને કારણે પીડિતાએ આ વાત છૂપી રાખી હતી. જોકે તાજેતરમાં પેટમાં તીવ્ર દુખાવો થતાં તેને જે. જે. હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં તપાસમાં તે સાડાત્રણ મહિલાની ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. પીડિતા સગીર હોવાથી ડોક્ટરોએ આની જાણ જે.જે. માર્ગ પોલીસને કરી હતી, જેને પગલે પોલીસે તેનું નિવેદન નોંધ્યા બાદ ગુનો દાખલ કર્યો હતો. ■

# ત્ર્યંબકેશ્વરમાં ગોદાવરી મુક્તપણે શ્વાસ લેશે, કુશાવર્ત જેવા પવિત્ર તળાવનું નિર્માણ થશેઃ સરકારની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુંભ મેળા માટે નિયુક્ત પ્રધાન ગિરીશ મહાજને શુક્રવારે ત્ર્યંબકેશ્વર નગર પરિષદ ખાતે સાધુ મહંતો સાથે આગામી સિંહસ્થ કુંભ મેળા ૨૦૨૭ના આયોજન અંગે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગોદાવરી નદી વહેતી જોવા મળે, જ્યાં ગોદાવરી અવરોધિત છે ત્યાં તેને ખુલ્લી મૂકવી. જે વ્યાવસાયિકોને સ્થળાંતરિત કરવામાં આવશે તેમનું પુનર્વસન થવું જોઈએ. કુંભ મેળા દરમિયાન શહેરથી દૂર શાહી સ્નાનની વ્યવસ્થા કરવી. કુશાવર્ત તીર્થસ્થળે બધા જશે નહીં. કુંભ મેળાનો વિસ્તાર પ્રયાગરાજની જેમ વિસ્તૃત કરો. ૬૦ કિલોમીટર દૂરના ઘાટ પર સ્નાનની વ્યવસ્થા કરવી વગેરે જેવી માગણીઓ સાધુઓએ ગિરીશ મહાજન પાસે કરી હતી.

ગિરીશ મહાજને કહ્યું હતું કે, ગયા કુંભ મેળાની સરખામણીમાં આ વખતે ભીડ વધશે એવી અપેક્ષા છે. આજે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. કુશાવર્ત તીર્થસ્થળ નાનું છે, ત્યાં આટલા બધા સાધુઓ સ્નાન કેવી રીતે કરી શકે? મને આ વાતની ચિંતા હતી, પરંતુ હવે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કુશાવર્ત તીર્થના સાધુઓને બહાર સ્નાન કરાવવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગોદાવરી પુનર્જીવિત થવા જઈ રહી છે. તેમણે માહિતી આપી કે મુખ્ય પ્રધાનનો અભિપ્રાય છે કે અમે એવી તૈયારી કરીશું કે ગોદાવરી ૧૨ મહિના સુધી વહેતી જોવા મળે અને જો આ માટે અમારે ડેમ બનાવવો પડશે તો પણ અમે તે બનાવીશું.

ગિરીશ મહાજને વધુમાં કહ્યું હતું કે હું કુંભ મેળા નિમિત્તે એક સભા કરી રહ્યો છું. આ બેઠકમાં બધા અખાડાના વડાઓ હાજર છે. પ્રયાગરાજમાં ભીડ જોતાં આ વખતે નાશિકમાં ૩થી ૪ ગણી ભીડ હશે એવી અપેક્ષા છે. કોઈ અકસ્માત ન થાય તે માટે અમે સાવચેતી રાખી રહ્યા છીએ. એક મોટો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. લાખો ભક્તો કુશાવર્તમાં સ્નાન કરવા આવે છે, પરંતુ ત્યાં જગ્યા ખૂબ જ ઓછી છે. ભીડને કારણે ત્યાં સ્નાન કરવું શક્ય નથી. સંતોના સ્નાન માટે કુશાવર્ત તીર્થસ્થળ જેવો પવિત્ર કુંડ બનાવવામાં આવશે. દોઢ વર્ષમાં ત્યાં એક નવો કુંડ બનાવવામાં આવશે. ■

## નાશિકમાંના કુંભમેળાને કયા નામે ઓળખવો?: અખાડાઓમાં વિવાદ

નાશિકઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ૨૩ માર્ચની મુલાકાત પછી ૨૦૨૭માં નાશિકમાં યોજાનારા સિંહસ્થ કુંભ મેળાની તૈયારીઓએ જોર પકડ્યું છે ત્યારે આ ભવ્ય મેળાના નામ અંગે મતભેદ ઉભા થયા છે. મુખ્ય પ્રધાનની મુલાકાત દરમિયાન ત્ર્યંબકેશ્વર અખાડા (ધાર્મિક આદેશો)ના નેતાઓએ માગ કરી હતી કે આ ઉત્સવને ત્ર્યંબકેશ્વર - નાશિક સિંહસ્થ કુંભ મેળો તરીકે ઓળખવામાં આવે. જોકે, તાજેતરમાં નાશિક મહાનગરપાલિકાના વડામથકે સત્તાવાળાઓ સાથેની બેઠક દરમિયાન નાશિક અખાડાઓના નેતાઓએ આ નામ નાશિક કુંભ મેળા તરીકે જાળવી રાખવાનો આગ્રહ રાખ્યો હતો. નાશિક અખાડાના સાધુ અને મહંતોએ એવી પણ માગણી કરી હતી કે તેમને રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવનાર સિંહસ્થ કુંભ મેળા સત્તામંડળમાં સામેલ કરવામાં આવે અને કુંભ માટે ૫૦૦ એકરથી વધુ જમીન કાયમી ધોરણે અનામત રાખવામાં આવે. નાસિકના કલેક્ટર જલજ શર્માને આ અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે 'આ મુદ્દે સંબંધિત માહિતી સરકારને સુપરત કરવામાં આવશે (રેકોર્ડ ચેક કર્યા પછી) અને સૂચના મુજબ નિર્ણય લેવામાં આવશે.' (પીટીઆઈ) ■

# શ્વાનોના ડરથી યુવક કૂવામાં પડ્યોઃ બે દિવસ સુધી લટકેલો રહ્યો

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગર જિલ્લાના કન્નાડ વિસ્તારમાં એક વ્યક્તિ શ્વાનોથી પોતાનો બચાવ કરતી કૂવામાં પડી ગઇ હતી અને ૪૮ કલાક બાદ તેને કૂવામાંથી બહાર કાઢવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સંદીપ ઘાટકાવડે (૩૦) શ્વાનોથી ડરીને કૂવામાં પડ્યો હતો, પરંતુ કૂવાના કિનારે આવેલા દોરડાને તેને પકડી રાખ્યો હતો. ૪૮ કલાકે તેને બચાવી લેવાયો હતો. મંગળવારે સંદીપ ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડ્યો હતો જેમાં ૧૦ ફૂટ સુધીનું પાણી હતું. શ્વાનોથી તે બચવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે કોઇએ તેને કૂવામાં પડતા જોયો નહોતો અને તેનો અવાજ પણ આસપાસથી પસાર થનારા લોકોને સંભળાઇ રહ્યો નહોતો. તે દોરડાને પકડીને જ જેમનો તેમ જ લટકી રહ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ગુરુવારે અમુક બાળકો કૂવા પાસે આવ્યા હતા ત્યારે સંદીપે બૂમો પાડીને તેમને બોલાવ્યા હતા. બાળકોએ તાત્કાલિક અન્ય લોકોને જાણ કરી હતી. ■

# પુણે પોર્શે કાર કેસઃ બે પોલીસને બરતરફ કરાશે

પુણેઃ પોર્શે કાર કેસમાં ગયા વર્ષે સસ્પેન્ડ કરાયેલા બે પોલીસને બરતરફ કરવાનો પ્રસ્તાવ પુણે પોલીસે મહારાષ્ટ્ર ગૃહ વિભાગને મોકલ્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

ગયા વર્ષે ૧૯મી મેના રોજ ૧૭ વર્ષીય સગીરે પોર્શે કાર હેઠળ બે બાઇકસવારને કચડી નાખ્યા હતા.

યેરવડા પોલીસ સ્ટેશન સાથે જોડાયેલા ઇન્સ્પેક્ટર રાહુલ જગદાલે અને એપીઆઇ વિશ્વનાથ તોડકરીને ઘટનાની મોડી જાણ કરવા અને ફરજ પ્રત્યે બેદરકારી દાખવવા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

કેસ નોંધવામાં અને લોહીના નમૂના લેવામાં વિલંબ જેવી બેદરકારી થઇ હોવાનું આંતરિક તપાસમાં જણાવાયું હતું. ■




# હાર્દિકનું આજે અમદાવાદના રણમેદાન પરથી કમબૅક

## ગુજરાત સામે મુંબઈનો મુકાબલો સૌથી રોમાંચક બની શકે



**ગયા વર્ષે ગિલનું ગુજરાત હાર્દિકના મુંબઈ સામે જીતેલું:** ૨૦૨૪ની ૨૪મી માર્ચે અમદાવાદમાં મુંબઈ સામે ગુજરાતનો છ રનથી વિજય થયો હતો. મુંબઈની ટીમનું સુકાન હાર્દિક પંડ્યાએ અને ગુજરાતનું શુભમન ગિલે સંભાળ્યું હતું. (બીસીસીઆઈ)

અમદાવાદ: અહીં મોટેરા ખાતે ક્રિકેટજગતના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને ગુજરાત ટાઇટન્સ (જીટી) વચ્ચે મુકાબલો છે જે આ બે ટીમ વચ્ચેના અત્યાર સુધીના તમામ મુકાબલાઓમાં સૌથી રોમાંચક બની શકે એના કેટલાક કારણો છે.

હાર્દિક પંડ્યા સ્લો ઓવર-રેટને લીધે લાગુ કરાયેલા એક મૅચના સસ્પેન્શન બાદ આજથી ફરી આઇપીએલમાં પોતાની કાબેલિયત અને ક્ષમતા બતાવવા આવી રહ્યો છે. એમઆઇનો આ કૅપ્ટન ૨૦૨૩ની સાલ સુધી જીટીનો સુકાની હતો અને એને તેણે એક ટાઇટલ અપાવ્યું હતું. હવે હાર્દિકે એ જ ભૂતપૂર્વ ટીમ સામે આજે જીતવાનું છે જે તેના માટે મોટી કસોટી બની રહેશે.

આ વખતે એમઆઇની જેમ શુભમન ગિલના સુકાનમાં જીટીની ટીમ પણ પહેલી જીત મેળવવા તત્પર છે એટલે આજે બે પરાજિત ટીમ વચ્ચે થનારી ટક્કરમાં જીતનારી ટીમ પહેલા બે પૉઇન્ટ મેળવશે.

એમઆઇનો ૨૩મી માર્ચે પ્રથમ મૅચમાં સીએસકે સામે ચાર વિકેટે પરાજય થયો હતો. જીટીનો પંજાબ કિંગ્સ સામેના થ્રિલરમાં ૧૧ રનથી પરાજય થયો હતો.

એમઆઇની ટીમને પ્રથમ મૅચ પછી લગભગ અઠવાડિયાનો બ્રેક મળ્યો જેમાં એમઆઇના ખેલાડીઓ જામનગરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની રિફાઇનરી ખાતે ગયા હતા જ્યાં તેમણે અનેક સુવિધાઓ ધરાવતી યુનિટમાં આરામ કર્યો હતો તેમ જ ટીમમાં આપસમાં તાલમેલ વધારવા તેમ જ મેદાન પર પર્ફોર્મન્સ સુધારવાને લગતી પ્રવૃત્તિઓ કરી હતી તેમ જ નેટ પ્રૅક્ટિસ પણ કરી હતી.

એમઆઇને હજી પણ જસપ્રીત બુમરાહની ખોટ ખૂબ વર્તાઈ રહી છે.

હાર્દિક કમબૅક કરી રહ્યો હોવાથી નવા ખેલાડી રૉબિન મિન્ઝને આજે કદાચ પડતો મૂકવામાં આવશે.

અમદાવાદના આ મેદાન પર જીટી અને પંજાબ કિંગ્સ વચ્ચેની મૅચમાં કુલ ૪૭૫ રન બન્યા હોવાથી આજની મૅચ પણ હાઈ-સ્કોરિંગ બની રહેવાની ધારણા છે. મંગળવાર, પચીસમી માર્ચે પંજાબે પાંચ વિકેટે ૨૪૩ રન બનાવ્યા બાદ જીટીની ટીમ પાંચ વિકેટે ૨૩૨ રન બનાવી શકી હતી અને પંજાબનો ૧૧ રનથી વિજય થયો હતો.

જીટીની ટીમ આજે ટોચના સ્પિનર વૉશિંગ્ટન સુંદરને રમવાનો મોકો આપશે? જોકે એમાં શંકા છે. કારણ એ છે કે રાશિદ ખાન ટીમનો સર્વોત્તમ સ્પિનર છે, જ્યારે બીજા સ્પિનર આર. સાઇ કિશોરે પંજાબ સામે મંગળવારે ૩૦ રનમાં ત્રણ વિકેટ લીધી હતી.

મુંબઈ વતી આજે પણ કેરળનો યુવા સ્પિનર વિજ્ઞેશ પુથુર ચમકશે કે કેમ એ જોવું રહ્યું. ૨૩મી માર્ચે ચેન્નઈ સામે તેણે ત્રણ વિકેટ લઈને યાદગાર ડેબ્યૂ કર્યું હતું. ■

# 'ધોનીનું વધુ પડતું વળગણ સીએસકે માટે સારું નહીં': અંબાતી રાયુડુ

## સીએસકેનો જ ભૂતપૂર્વ ખેલાડી કહે છે કે 'માહી મહાન છે, પણ લોકો તેની બૅટિંગ જોવાના ઉત્સાહમાં તેની આગળના બૅટ્સમેન જલદી આઉટ થઈ જાય તેવું ઇચ્છતા હોય છે'

ચેન્નઈ: ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને ૨૦૨૩ની સાલમાં પાંચમું અને છેલ્લું ટાઇટલ અપાવવામાં યોગદાન આપનાર અંબાતી રાયુડુએ પોતાના જ ભૂતપૂર્વ કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોની વિશે ગળે ઊતરે એવી છતાં ચોંકાવનારી વાત કરી છે. અંબાતીનું એવું કહેવું છે કે સીએસકેના બહોળા ચાહકવર્ગમાંથી ધોનીને સતતપણે જે અસાધારણ સપોર્ટ મળી રહ્યો છે એ ધીમે-ધીમે એવા વળગણમાં ફેરવાઈ રહ્યો છે જે સીએસકે ટીમ માટે તેમ જ સીએસકેના અન્ય બૅટ્સમેનના હિતમાં નથી. હંમેશાં સીએસકેની મૅચ વખતે સ્ટેડિયમમાંથી ધોની...ધોની...ધોની...ની જ બૂમો સંભળાતી હોય છે જેને લીધે ટીમના શરૂઆતના બૅટ્સમેનની માનસિકતા પર ઊલટી અસર પડતી હોય છે.





ધોનીએ સીએસકેને પાંચ ટાઇટલ અપાવ્યા છે અને આ વખતે સંભવિત નિવૃત્તિ પહેલાં છઠ્ઠું વિક્રમજનક ટાઇટલ અપાવવા મક્કમ છે. સીએસકેની મૅચોમાં કૅપ્ટન ગાયકવાડને સીધી કે આડકતરી રીતે ધોનીનું માર્ગદર્શન સતત મળતું રહે છે. (બીસીસીઆઇ)

અંબાતી એવું પણ કહે છે કે 'ફૅન્સનો સપોર્ટ સૌથી પહેલાં ધોની માટે હોય છે અને પછી સીએસકે માટે કે સીએસકેના અન્ય ખેલાડીઓ માટે. લોકો જો એક જ વ્યક્તિને નજરસમક્ષ રાખીને એ ટીમને સપોર્ટ કરતા રહે તો ભવિષ્યમાં એ જ ટીમના બ્રૅન્ડિંગને વિપરીત અસર થઈ શકે. સ્ટેડિયમમાંથી લોકો હંમેશાં નીચલા ક્રમે બૅટિંગ કરવા આવતા ધોની પ્રત્યેનો ક્રેઝ જ બતાવતા હોય છે. બીજી રીતે કહું તો ધોની બૅટિંગમાં આવે એ પહેલાં જે બૅટ્સમેન રમવા આવે એ જલદી આઉટ થઈ જાય એવું લોકો આડકતરી રીતે ઇચ્છતા હોય છે કે જેથી કરીને તેમનો નંબર-વન હીરો ધોની બૅટિંગમાં આવી શકે. ટીમનો કોઈ નવો બૅટ્સમૅન મેદાન પર ઊતરે અને લોકો તેને બૂમો પાડીને આવકારે એ સારી વાત છે, પણ પછીથી તેને પણ સમજાઈ જાય છે કે લોકોના મનમાં પહેલાં તો ધોની જ વસે છે અને પછી તેનો અને સીએસકેનો નંબર આવે.'

અંબાતીએ એક જાણીતી ક્રિકેટ વેબસાઇટને સીએસકેને પાંચ ટાઇટલ અપાવનાર ધોનીનો ઉલ્લેખ કરીને એવું પણ જણાવ્યું છે કે 'માહી અજોડ છે એમાં કોઈ શંકા નથી. એટલે જ ચેન્નઈમાં તે થાલા (લીડર) તરીકે ઓળખાય છે. વર્ષોથી સીએસકેની ઓળખ પહેલાં તો ધોનીથી જ થાય છે. એમાં કંઈ ખોટું નથી. ધોનીએ સીએસકે માટે જે કર્યું છે એ જોતાં તે આ લોકપ્રિયતાને પાત્ર છે. જોકે થોડાં વર્ષોથી જોવા મળ્યું છે કે ટીમના કેટલાક ખેલાડીઓ ભલે ખુલ્લેઆમ બોલતા નથી, પરંતુ તેમને પણ વિચાર આવતો જ હશે કે ક્રાઉડ માટે તો બસ, ધોની જ સર્વસ્વ છે. સીએસકેના અમુક ખેલાડીઓને થતું હશે કે તેઓ બૅટિંગ કરવા મેદાન પર ઊતરે ત્યારે ધોની...ધોની...ધોની...ની જે બૂમો સંભળાય એનો સીધો અર્થ એ જ થાય છે કે પોતે (એ ખેલાડી) વહેલો આઉટ થઈ જાય કે જેથી ધોનીને ક્રીઝમાં આવવા મળે અને તેઓ પોતાના આ સુપરહીરોને રમતો જોઈ શકે.'



૪૩ વર્ષના ધોનીએ આંતરરાષ્ટ્રીય કારકિર્દીને ૨૦૨૦માં ગુડબાય કરી દીધી હતી. ૨૦૨૩માં સીએસકેને પાંચમું ટાઇટલ અપાવ્યા બાદ ધોની આઇપીએલમાંથી પણ નિવૃત્ત થઈ જવા માગતો હતો, પણ ચાહકો તેમ જ મિત્રો અને ટીમના સાથી ખેલાડીઓની અભૂતપૂર્વ લાગણીઓ પારખીને તેણે આઇપીએલમાં રમવાનું ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું. ત્યારે (૨૦૨૩માં) તેણે ફાઇનલ બાદ બીજા જ અઠવાડિયે મુંબઈમાં ઘૂંટણની શસ્ત્રક્રિયા કરાવી હતી, ૨૦૨૪ની આઇપીએલમાં પણ રમ્યો હતો અને આ વખતે પણ રમી રહ્યો છે.

ધોની બે વર્ષથી સીએસકેની બૅટિંગ લાઇન-અપમાં નીચલા ક્રમે (સાતમા કે આઠમા નંબરે) બૅટિંગ કરે છે અને તેને માત્ર ૧૦થી ૧૫ બૉલ રમવા મળે છે. તે વિકેટકીપર તરીકે હરીફ ટીમની આખી ઇનિંગ્સમાં જરૂર જોવા મળે છે, પણ લોકોને હજીયે તેની બૅટિંગ જોવી છે એટલે તેની જ બૂમો પાડતા રહેતા હોય છે. ખરેખર તો ધોની મેદાન પર ઊતરે ત્યારથી જ લોકો તેને વધાવવાનું ચાલુ કરી દેતા હોય છે. આવી લોકપ્રિયતા અગાઉ ક્યારેય કોઈ ક્રિકેટરના કિસ્સામાં નથી જોવા મળી.

અંબાતી કહે છે કે 'કોઈ પ્લેયરને સુપરસ્ટારનો દરજ્જો મળે એમાં જરાય ખોટું નથી, પણ જ્યારે ધોની છેવટે રિટાયરમેન્ટ લઈ લેશે ત્યારે સીએસકે ટીમને પોતાની તરફ ક્રાઉડને આકર્ષવામાં તકલીફ પડશે. સીએસકે તરફી ચાહકોનું ધ્યાન ફક્ત ધોની પર જ હોય છે. તેમણે હવે રવીન્દ્ર જાડેજા કે ટીમના બીજા કોઈ સ્ટાર પ્રત્યે ક્રેઝ બતાવવો જોઈએ.' ■

# ધોની સામે તેનો જ શિષ્ય કોહલી મોટી ધમાલ મચાવવામાં નિષ્ફળ

ચેન્નઈ: બાવીસમી માર્ચે ઈડન ગાર્ડન્સમાં કોલકાતા સામે અણનમ ૫૯ રનના યોગદાનથી રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુને વિજયી શરૂઆત કરાવી આપનાર વિરાટ કોહલીની ગઈ કાલે ચેન્નઈ સુપર કિંગ્સના ગઢ સમાન ચેપૉકમાં કસોટી હતી. ખરેખર તો કોહલીએ છેલ્લા બે-ત્રણ દિવસ દરમ્યાન નેટમાંથી જ સીએસકેને આડકતરી ચેતવણી આપી દીધી હતી કે તેણે આ વખતની આઇપીએલમાં ધમાકેદાર શરૂઆત કરી છે એટલે તેનાથી તેમણે ગઈ કાલે ખાસ ચેતવાનું હતું.



કોહલી ગઈ કાલે ફક્ત ૩૧ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. (બીસીસીઆઇ)

કોહલીએ નેટ પ્રૅક્ટિસમાં ખૂબ પસીનો પાડ્યો હતો. તેણે તોફાની ફટકાબાજી કરીને મેદાનની ચારેય દિશામાં વારંવાઅર બૉલ બાઉન્ડરી લાઇનની બહાર મોકલી દીધો હતો. તેનું બૅટ ગઈ કાલે ચેન્નઈના બોલર્સ માટે કાળ જેવું બની શકે એવું મનાતું હતું. જોકે તેને બ્રિટિશ ઓપનર-વિકેટકીપર ફિલ સૉલ્ટનો પણ સારો સાથ મળવો જરૂરી હતો. કોલકાતા સામેની પ્રથમ મૅચમાં સૉલ્ટે હાફ સેન્ચુરી (૫૬ રન) ફટકારી હતી અને બન્ને વચ્ચે ૯૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

ઋતુરાજ ગાયકવાડ ચેન્નઈનો કૅપ્ટન હતો, પરંતુ તેની પાછળ દોરીસંચાર ધોનીનો જ હોય છે. ધોની સામે તેનો શિષ્ય કોહલી મૅચ-વિનિંગ રમવા કોઈ કસર બાકી નહીં રાખે એવું મનાતું હતું.

જોકે કોહલી ફક્ત ૨૯ બૉલ રમીને ૩૦મા બૉલ પર ૩૧ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. તે અફઘાની સ્પિનર નૂર અહમદના બૉલમાં ડીપ મિડવિકેટ પર રચિન રવીન્દ્રના હાથમાં કૅચઆઉટ થયો હતો.

કોહલી આઇપીએલના ઇતિહાસનો સર્વોત્તમ બૅટસમૅન છે. તેણે ૨૫૩ મૅચમાં ૮,૦૯૪ રન બનાવ્યા છે જે ક્રિકેટજગતની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટમાં રમી ચૂકેલા સેંકડો બૅટર્સમાં હાઇએસ્ટ છે. તેના નામે આઠ સેન્ચુરી અને ૫૬ હાફ સેન્ચુરી છે. ૧૧૩ રન તેનો સર્વોત્તમ સ્કોર છે. ■

# કમિન્સ પહેલા ત્રણ બૉલમાં ત્રણ સિક્સર ફટકારનાર આઈપીએલનો ચોથો ખેલાડી

હૈદરાબાદ: લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે સનરાઈઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) ગુરુવારે હારી ગયું હતું, પરંતુ એસઆરએચના કેપ્ટન પૅટ કમિન્સે બોલિંગમાં નહીં, પણ બૅટિંગમાં અનોખા વિક્રમની બરાબરી કરી હતી. કમિન્સે પોતાના પહેલા ત્રણેય બૉલમાં સિક્સર ફટકારી હતી.

આઈપીએલમાં પોતાની ઈનિંગ્સના પહેલા ત્રણેત્રણ બૉલમાં છગ્ગો ફટકારનાર કમિન્સ ચોથો બેટ્સમેન બન્યો છે.

પૅટ કમિન્સના સુકાનમાં ૨૩મી માર્ચે હૈદરાબાદનો રાજસ્થાન સામે ૪૪ રનથી વિજય થયો હતો. જોકે ગુરુવારે લખનઊ સામે હૈદરાબાદનો પાંચ વિકેટે પરાજય થયો હતો.



### કેવી રીતે ફટકારી ત્રણ સિક્સર?

પૅટ કમિન્સ બૅટિંગમાં આવ્યો ત્યારે લખનઊના પેસ બોલર શાર્દુલ ઠાકુરની ઓવરના બે બૉલ બાકી હતા. કમિન્સે પાંચમા અને છઠ્ઠા બૉલમાં સિક્સર ફટકારી હતી. ઇનિંગ્સમાં કમિન્સના આ પહેલા જ બે બૉલ હતા. ત્યાર બાદ આવેશ ખાનની ઓવર શરૂ થઈ હતી જેના પહેલા બૉલમાં હર્ષલ પટેલે એક રન લીધો હતો. કમિન્સ સ્ટ્રાઈક પર આવ્યો હતો અને તેણે પોતાના સતત ત્રીજા બૉલમાં છગ્ગો ફટકારીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ પણ લખાવી દીધું હતું.

### અગાઉ કોણે પહેલા ત્રણ બૉલમાં સિક્સર ફટકારી હતી?

(૧) ૨૦૨૪માં વાનખેડેની મૅચમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ) સામે ચેન્નઇ સુપરકિંગ્સના એમએસ ધોનીએ પહેલા ત્રણ બૉલમાં ત્રણ સિક્સર મારી હતી. સીએસકેની ઇનિંગ્સમાં ત્યારે છેલ્લા ચાર બૉલ બાકી હતા.

ધોની બૅટિંગ કરવા આવ્યો હતો અને તેણે હાર્દિક પંડ્યાના પહેલા ત્રણેય બૉલમાં સિક્સર ફટકારી દીધી હતી અને છેલ્લા બૉલમાં તેણે બે રન લીધા હતા. સીએસકેના ૨૦૬/૪ના સ્કોર સામે એમઆઈ ૧૮૬/૬ના સ્કોર બદલ ૨૦ રનથી હારી ગયું હતું. એમઆઇને ધોનીની પેલી ત્રણ સિક્સર જ છેલ્લે ભારે પડી હતી.

(૨) ૨૦૨૩ની મૅચમાં હૈદરાબાદ સામે લખનઊના નિકોલસ પૂરને બૅટિંગમાં આવ્યા બાદ પોતાના પહેલા ત્રણેય બૉલમાં (હૈદરાબાદના બોલર અભિષેક શર્માના એ ત્રણ બૉલમાં) સિક્સર ફટકારી હતી. લખનઊ એ મૅચ સાત વિકેટથી જીતી ગયું હતું.

(૩) ૨૦૨૧માં કેકેઆરના સુનીલ નારાયણે બેંગલૂરુ સામે પોતાના પહેલા ત્રણેય બૉલમાં સિક્સર ફટકારી હતી. તેણે આ ઐતિહાસિક સિદ્ધિ બેંગલૂરુના ડૅન ક્રિશ્ચનની બોલિંગમાં મેળવી હતી.

### ગુરુવારે લખનઊ કેવી રીતે જીત્યું?

ગુરુવારે હૈદરાબાદના બેટ્સમેન પોતાના જ ગ્રાઉન્ડ પર બૅટિંગમાં અપેક્ષા કરતાં ઊણા ઊતર્યા હતા. લખનઊ સામે તેમણે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૯૦ રન કર્યા હતા. લખનઊએ નિકોલસ પૂરનના ૭૦ રન, મિચલ માર્શના બાવન રન અને અબ્દુલ સામદના બાવીસ રનની મદદથી ૧૬.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૩ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. હૈદરાબાદની ચાર વિકેટ લેનાર લખનઊના પેસ બોલર શાર્દુલ ઠાકોરને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# જૉકોવિચે ફેડરરનો રેકૉર્ડ તોડ્યો, ૧૦૦મા ટાઇટલની લગોલગ

માયામી ગાર્ડન્સ (અમેરિકા): ટેનિસની રમતમાં ગ્રૅન્ડ સ્લૅમ સર્વોત્તમ સ્પર્ધા ગણાય છે, પરંતુ એટીપી (અસોસિયેશન ઑફ ટેનિસ પ્રોફેશનલ્સ) માસ્ટર્સ ૧૦૦૦ નામની સ્પર્ધાનું પણ દરેક ખેલાડીની કરીઅરમાં અનેરું મહત્ત્વ છે અને એમાં ૩૭ વર્ષના નોવાક જૉકોવિચે મોટી સિદ્ધિ મેળવી છે. તે રોજર ફેડરરનો વિક્રમ તોડીને આ સ્પર્ધાની સેમિ ફાઇનલમાં પહોંચનારો સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો છે. એટલું જ નહીં, જૉકોવિચ પ્રોફેશનલ કરીઅરનું ૧૦૦મું ટાઇટલ જીતવાની તૈયારીમાં છે.



જૉકોવિચની ઉંમર ૩૭ વર્ષ અને ૧૦ મહિના છે. ફેડરર એટીપી માસ્ટર્સ ૧૦૦૦ સ્પર્ધાની સેમિ ફાઇનલમાં પહોંચ્યો હતો ત્યારે તેની ઉંમર ૩૭ વર્ષ અને સાત મહિના હતી.

સૌથી વધુ ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર જૉકોવિચ ગુરુવારે માયામી ઓપનમાં અમેરિકાના સૅબાસ્ટિયન કોર્ડાને ૬-૩, ૭-૪થી હરાવીને સેમિમાં પ્રવેશ્યો હતો. જૉકોવિચ-કોર્ડા વચ્ચેની મૅચ બુધવારે રાત્રે રમાવાની હતી, પણ એ રાત્રે એ જ ટેનિસ કોર્ટ પર મહિલા વર્ગમાં જેસિકા પેગુલા અને એમ્મા રાડુકાનુ વચ્ચેની ક્વૉર્ટર ફાઇનલ લાંબી ચાલી હોવાથી જૉકોવિચ-કોર્ડાની મૅચ રાત્રે ૧૧.૦૦ પછી શરૂ થઈ હોત જે એટીપીના નિયમોની વિરુદ્ધમાં કહેવાય. પરિણામે, એ મૅચ ગુરુવારે રમાઈ હતી.

સર્બિયાનો જૉકોવિચ સાતમી વાર માયામી ઓપન જીતવા માગે છે અને એની ફાઇનલમાં તેનો મુકાબલો બલ્ગેરિયાના ગ્રિગૉર દિમીત્રોવ સામે થશે.

દિમીત્રોવ સામે જૉકોવિચનો બહુ સારો રેકૉર્ડ છે. જૉકોવિચ તેને ૧૩માંથી ૧૨ મૅચમાં હરાવી ચૂક્યો છે એટલે જૉકોવિચ માટે ૧૦૦મું પ્રોફેશનલ ટાઇટલ જીતવું હવે બહુ મુશ્કેલ નથી. ■

# આરસીબીએ સીએસકેને એના જ ગઢ ચેન્નઈમાં હરાવ્યું

ચેન્નઈ: અહીં ચેપૉકના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ગઈ કાલે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે ૫૦ રનથી વિજય થયો હતો. આરસીબીએ સાત વિકેટે ૧૯૬ રન બનાવ્યા બાદ સીએસકેની ટીમ ટૉપ-ઑર્ડરની નિષ્ફળતાને કારણે ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૬ રન બનાવી શકી હતી અને પરાસ્ત થઈ હતી. ખરેખર તો આરસીબીના સાધારણ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ અને એણે આપેલા ૧૯૭ રનના સાધારણ લક્ષ્યાંક સામે ગાયકવાડની ટીમ ઝૂકી ગઈ હતી. સીએસકેએ ૧૯૭ રનનો ટાર્ગેટ મળ્યા બાદ આઠમા રન પર ઉપરાઉપરી બે વિકેટ (રાહુલ ત્રિપાઠી, ઋતુરાજ ગાયકવાડ) વિકેટ પડી હતી. ત્યાર બાદ કોઈ જ મોટી ભાગીદારી ન થઈ અને પરિણામ એ આવ્યું કે મૅચ-વિનર તરીકે જાણીતા બે ખેલાડી રવીન્દ્ર જાડેજા (૨૫) અને એમએસ ધોની (૩૦ અણનમ) પર પ્રચંડ બોજ આવી ગયો હતો. ૯૯મા રને અશ્વિનની સાતમી વિકેટ પડી ત્યારે સીએસકેએ ૨૮ બૉલમાં બાકીના ૯૮ રન બનાવવાના હતા જે ધોની-જાડેજા માટે સંભવ નહોતું. આરસીબીએ ૨૦ ઓવરમાં સાત વિકેટના ભોગે ૧૯૬ રન બનાવ્યા હતા. કૅપ્ટન રજત પાટીદાર (૫૧ રન, ૩૨ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)નો સૌથી મોટો ફાળો છે. સ્પિનર નૂર અહમદ ટીમના તમામ બોલર્સમાં સૌથી વધુ ત્રણ વિકેટ લેવામાં સફળ થયો હતો. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ટૉપ-ઑર્ડરની ટંકશાળ

**અગાઉ કોહલી, ગેઈલ, ડિવિલિયર્સની ત્રિપુટી બેંગલૂરુને શરૂઆતથી જ રનનો ઢગલો કરી આપતી એમ હવે હૈદરાબાદના રનનો ધોધ અભિષેક શર્મા, ટ્રૅવિસ હેડ, ઈશાન કિશનથી શરૂ થાય છે**







(ડાબેથી જમણે) ઈશાન કિશન, અભિષેક શર્મા, ટ્રૅવિસ હેડ તેમ જ એબી ડિવિલિયર્સ, વિરાટ કોહલી અને ક્રિસ ગેઈલ

કહેવત છેને કે 'જેની શરૂઆત સારી એનો અંત સારો.' ક્રિકેટ મૅચમાં અને ખાસ કરીને ટી-૨૦ના એટલે કે ફટાફટ ક્રિકેટના આજના જમાનામાં આ કહેવત અચૂક લાગુ પડતી હોય છે. પાવરપ્લેની શરૂઆતની છ ઓવરમાં જો ટીમનો આરંભ ધમાકેદાર ન થયો હોય તો તોતિંગ લક્ષ્યાંકની વાત જવા દો, સાધારણ ટાર્ગેટ મેળવવામાં પણ એના નાકે દમ આવી જાય. ઓપનર્સ સહિતના ટૉપ-ઑર્ડરના બૅટ્સમેન જો ટીમને સારી શરૂઆત કરાવી આપે તો મિડલ-ઑર્ડરના બૅટ્સમેને લક્ષ્ય હાંસલ કરવામાં ઓછી મહેનત કરવી પડે અને નીચલા ક્રમના બૅટ્સમેને સંઘર્ષ ન કરવો પડે.

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ચાલી રહી છે. આ વાર્ષિક ક્રિકેટોત્સવની અઢારમી મોસમ હજી સોળે કળાએ ખીલી નથી. એ ખીલશે ત્યારે કોણ જાણે કેટલા નવા વિક્રમો તૂટશે અને નવા બનશે. ખાસ કહેવાનું કે જેટલા પણ નવા ઊંચા ટીમ-સ્કોર બનશે એમાંના મોટા ભાગના સ્કોર ટૉપ-ઑર્ડરની મહેરબાનીથી જ બન્યા હશે.

આ લેખમાં આપણે આઇપીએલના ટૉપ-ઑર્ડરની જ વાત કરવાની છે. થોડી ભૂતકાળની અને થોડી વર્તમાનની. ટી-૨૦ એટલે બૅટર્સ-ફૉર્મેટ અને એમાં પણ ટોચની હરોળના બૅટ્સમેન જો સારો પાયો નાખી આપે તો મૅચનું પરિણામ મોટા ભાગે તેમની તરફેણમાં જ જોવા મળે છે. અગાઉ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના ટૉપ-ઑર્ડરની બોલબાલા હતી. ક્રિસ ગેઇલ, વિરાટ કોહલી અને એબી ડિવિલિયર્સ પાછળ લોકો ગાંડા હતા. તેમની મૅચ માટેની ટિકિટો મહિનાઓ પહેલાં બુક થઈ જતી હતી. ગેઇલ અને ડિવિલિયર્સની નિવૃત્તિ બાદ હવે વિરાટ લગભગ એકલો પડી ગયો છે. એ ત્રિપુટી બાદ હવે સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)નો ટૉપ-ઑર્ડર સૌથી લોકપ્રિય બન્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આપણે ઘણી વાર જોયું છે કે ઓપનિંગ જોડી ટીમ-સ્કોરની ગગનચુંબી ઇમારતનો પાયો નાખી આપે ત્યાર બાદ વનડાઉનના કે ચોથા-પાંચમા ક્રમના બૅટર્સના મોટાં યોગદાનો આપે અને પછી મૅચ હાઇ-સ્કોરિંગ બનવા લાગે છે. જો હરીફ ટીમ પણ સારી શરૂઆત ન કરે તો એ હાઈ-સ્કોરિંગ મૅચ વન-સાઇડેડ થઈ જાય છે અને પ્રથમ બૅટિંગમાં તોતિંગ સ્કોર કરનારી ટીમ મહાકાય માર્જિનથી જીતી જાય છે.

ક્રિકેટજગતમાં વિવિયન રિચર્ડ્સ પછીનો બીજો વિસ્ફોટક બૅટ્સમૅન કોણ? એવું જો જાણકાર ક્રિકેટપ્રેમીને પૂછવામાં આવે તો તે ફટ દઈને વીરેન્દર સેહવાગનું જ નામ આપશે. વાત જરાય ખોટી નથી. સેહવાગ જેવો લોકપ્રિય ઓપનર અને ધમાકા સાથે દાવની શરૂઆત કરે એવો તો સચિન તેન્ડુલકર પણ નહીં, સૌરવ ગાંગુલી પણ નહીં, ગૌતમ ગંભીર પણ નહીં, ક્રિસ ગેઇલ પણ નહીં, ઍડમ ગિલક્રિસ્ટ પણ નહીં અને ટ્રૅવિસ હેડ પણ નહીં.

સેહવાગે વન-ડે ક્રિકેટમાં ૧૫ સેન્ચુરી ફટકારી હતી. એમાં તેની એકમાત્ર ડબલ સેન્ચુરી હતી અને એ ડબલ તેની વન-ડે કરીઅરની અંતિમ સેન્ચુરી બની હતી. ૨૦૧૧ની આઠમી ડિસેમ્બરે ઇન્દોરમાં વેસ્ટ ઇન્ડિઝ સામે સિરીઝની ચોથી વન-ડે રમાઈ હતી. ખુદ સેહવાગ એમાં કૅપ્ટન હતો. ટૉસ જીતી લેતાં તેણે બૅટિંગ પસંદ કરી હતી. ગૌતમ ગંભીર (૬૭ રન, ૬૭ બૉલ, અગિયાર ફોર) અને સેહવાગ (૨૧૯ રન, ૧૪૯ બૉલ, સાત સિક્સર, પચીસ ફોર) વચ્ચે ૧૭૬ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી અને પછી સેહવાગે સુરેશ રૈના (પંચાવન રન, ૪૪ બૉલ, છ ફોર) સાથે ૧૪૦ રનની ભાગીદારી કરી હતી. બસ, થઈ રહ્યું. કેરિબિયનોની હાર ત્યાં જ નિશ્ચિત થઈ ગઈ હતી. ભારતે ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૪૧૮ રન બનાવ્યા હતા. ડૅરેન સૅમીના સુકાનમાં કેરિબિયન ટીમ ૪૧૯ રનના તોતિંગ લક્ષ્યાંક નીચે જ દબાઈ ગઈ હતી. ખાસ કહેવાનું કે ભારતનો ટૉપ-ઑર્ડર જેમ સુપરહિટ નીવડ્યો એની સામે વેસ્ટ ઇન્ડિઝનો ટૉપ-ઑર્ડર સાવ ફ્લૉપ ગયો હતો. લેન્ડલ સિમન્સે ૩૬ રન, કાઇરન પોવેલે સાત રન, માર્લન સૅમ્યુઅલ્સે ૩૩ રન અને ડૅન્ઝા હ્યાટે ૧૧ રન બનાવ્યા હતા. પાંચમા નંબરના ડેનેશ રામદીને ૯૬ રન બનાવ્યા હતા, પણ એ વિજય અપાવવા માટે પૂરતા નહોતા કારણકે તેમનો ટોચનો બૅટિંગ ઑર્ડર જ નિષ્ફળ ગયો એટલે જીતનો પાયો જ નહોતો નાખી શકાયો.

૧૯૭૦-૧૯૮૦ના દાયકામાં સુનીલ ગાવસકર, ફરોખ એન્જિનિયર, ચેતન ચૌહાણ, કૃષ્ણમાચારી શ્રીકાંત, ગુંડપ્પા વિશ્વનાથ, દિલીપ વેન્ગસરકર, વગેરે ખ્યાતનામ બૅટ્સમેન ટૉપ-ઑર્ડરમાંથી ભારતને ધમાકેદાર શરૂઆત કરાવી આપતા હતા. ત્યાર પછી (ઓપનિંગની જ વાત કરીએ તો) વીરેન્દર સેહવાગ તેમ જ સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલી અને ગૌતમ ગંભીર તથા ત્યાર બાદ શિખર ધવન, રોહિત શર્મા વગેરેએ ટૉપ-ઑર્ડરની અસાધારણ ઇનિંગ્સથી ભારતને ઘણી મૅચો જિતાડી આપી છે. ટૉપ-ઑર્ડર વર્લ્ડમાં તેમના યોગદાન અમૂલ્ય છે.

ફરી આઇપીએલના ટૉપ-ઑર્ડરની વાત પર આવીએ તો હૈદરાબાદ પાસે ગયા વર્ષે જે ટૉપ-ઑર્ડર હતો એમાં થોડો ફેરફાર થયો છે. અભિષેક શર્મા અને ટ્રૅવિસ હેડ ત્યાંના ત્યાં જ છે, ત્રીજા નંબરે રાહુલ ત્રિપાઠીના સ્થાને ઇશાન કિશને એન્ટ્રી મારી છે. ગયા વર્ષે એસઆરએચને ઘણી મૅચોમાં ધમાકેદાર શરૂઆત કરાવી આપનાર અભિષેક અને ટ્રૅવિસ હેડે આ વખતે પહેલી જ મૅચમાં ધમાલ મચાવી દીધી હતી. અભિષેક તો પાંચ ફોરની મદદથી ફક્ત ૨૪ રન બનાવીને અને ટ્રૅવિસ સાથે ૪૫ રનની ભાગીદારી કરીને આઉટ થઈ ગયો હતો, પણ ત્યાર બાદ ટ્રૅવિસ અને ઇશાન કિશને એસઆરએચની ઇનિંગ્સને એવી મજબૂત બનાવી દીધી કે ટીમ-સ્કોરનો વિક્રમ તૂટતા જરાક માટે રહી ગયો હતો. ટ્રૅવિસે ત્રણ છગ્ગા અને નવ ચોક્કા સાથે ૬૭ રન બનાવ્યા, જ્યારે અગાઉ મુંબઈ ઇન્ડિયન્સ વતી રમી ચૂકેલા કિશને હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીને એ ડેબ્યૂ મૅચમાં આઇપીએલ-૨૦૨૫ની પહેલી સેન્ચુરી આપી દીધી હતી. તેણે માત્ર ૪૭ બૉલમાં છ સિક્સર અને અગિયાર ફોર સાથે અણનમ ૧૦૬ રન કર્યા હતા અને હૈદરાબાદે છેવટે રાજસ્થાન રૉયલ્સ સામેની એ મૅચ ૪૪ રનથી જીતી લીધી હતી. કારણ સ્પષ્ટ હતું. રાજસ્થાનનો ટૉપ-ઑર્ડર ફેલ ગયો હતો. ફક્ત ૫૦ રનમાં ત્રણ વિકેટ પડી ગઈ હતી.

પ્લેયર્સ ઑક્શનમાં મોટા ભાગના ફ્રૅન્ચાઇઝીઓ મજબૂત ટૉપ-ઑર્ડર બનાવવા પર જ ધ્યાન આપતા હોય છે અને એમાં અત્યારે હૈદરાબાદની ટીમની લોકપ્રિયતા આસમાને છે. બેંગલૂરુની ટીમના ટૉપ-ઑર્ડરમાં વિરાટ કોહલીને બ્રિટિશ ઓપનર ફિલ સૉલ્ટનો સંગાથ મળ્યો છે અને ત્રીજા નંબરે હમણાં તો દેવદત્ત પડિક્કલને રમવાનો મોકો મળે છે. જોઈએ હવે આ વખતે બીજી કોઈ ટીમનો ટોચનો બૅટિંગ-ઑર્ડર ચમકશે કે હૈદરાબાદના બૅટ્સમેન ધમાકા પર ધમાકા કરવાનું ચાલુ રાખશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ટોક્યોમાં પહેલી સાંજ ને લાલ ટાવર...










ટોક્યો એરપોર્ટ પર 'વેલકમ ટુ જાપાન' કોલાજનો ફોટો પાડ્યા પછી સીધું બાથરૂમ જવાનું થયું અને બીજો ફોટો સીધો ત્યાંનાં લેડીઝ ટોયલેટની ફેન્સી પેનલનો પાડવો પડ્યો. જાપાનનાં ફેન્સી ટોયલેટ્સ વિષે ઘણું સાંભળવામાં આવ્યું હતું, પણ તે સીધાં એરપોર્ટ જેવી પબ્લિક સ્પેસમાં મળી જશે તેની કલ્પના ન હતી. આજકાલ ભારતીય એરપોર્ટ પર પણ ક્લિન ટોયલેટ્સ તો મળી જ જાય છે. મોટાભાગનાં મોટાં શહેરોનાં ભારતીય એરપોર્ટ ફર્સ્ટ વર્લ્ડ અનુભવ કરાવે જ છે. હા, એરપોર્ટની બહારની વાતમાં ન પડીએ તો સારું. જોકે જાપાન તો જાણે એક સદીથી ટોયલેટ્સની ટેકનોલોજીથી ઓબસેસ્ડ હોય તેવું લાગતું હતું. જાપાન જેવાં ટોયલેટ્સ બીજે ક્યાંય મળવાની શક્યતા પણ નથી. આમ તો દુનિયામાં ક્યાંય પણ જાપાનીઝ ટોયલેટ ખરીદીને ઇન્સ્ટોલ કરાવી શકાય, પણ જાપાનમાં દરેક ટોયલેટ ખરેખર આ લેવલ પર જાપાનીઝ હશે તે પણ નહોતું ધાર્યું.

પાણી અને ટોયલેટ સીટનું ટેમ્પ્રેચર અને વોટર પ્રેશર એડજસ્ટ કરી શકાય, એર ફ્રેશનર, મ્યુઝિક, સીટ હીટિંગ, લશ સેન્સર, બધી સગવડની સામે ટોયલેટ પેપર્સ પ્રમાણમાં સાવ પાતળા હોય છે. માત્ર સુવિધાની દૃષ્ટિએ જ નહીં, ત્યાં સ્વચ્છતાની દૃષ્ટિએ પણ અલગ જ સ્તરનો માહોલ હતો. ખાસ કરીને ટોયલેટ ક્લિન રાખવા બાબતે જાણે આખો દેશ અત્યંત ઓબસેસ્ડ હોય તેવું લાગતું હતું. તેની પાછળ કદાચ ત્યાંનો શિન્ટો ધર્મ પણ જવાબદાર હોઈ શકે. ત્યાં પ્રવેશતાંની સાથે જ દેશના હાયજીન અને પ્રાઇવેટ સ્પેસ ડિગ્નિટીની ઝલક તો તરત જ મળી ગઈ. તે પછી લાઇન લગાવવાનો વારો હતો. અહીં દરેક જગ્યાએ લાઈનમાં ઊભા રહેવું પડે તે તો ખબર હતી, પણ અહીંની લાઇનો કેટલી ઓર્ગેનાઇઝ્ડ હતી એ કલ્પના નહોતી.

નારીટા એરપોર્ટ જરા શહેરની બહાર હતું. ટોક્યોથી વધુ નજીક હાનેડા એરપોર્ટ પણ છે. અમને અનુકૂળ આવતી ફ્લાઇટ નારીટા લઈને આવી હતી. અહીંથી સેવન-ઇલેવન એટીએમથી કેશ વિથડ્રો કરી અને હવે બસ પર સવાર થવાનો વારો હતો. બસમાં જે સ્લાઇડરથી સામાન મૂકવામાં આવતો હતો તે જોઈને ત્યાંનાં હાર્ડવેર અને ટેકનોલોજીથી ઇમ્પ્રેસ થયા વિના રહી શકાય તેમ ન હતું. બસ પર વાઇફાઈ ઘણું સ્ટ્રોંગ હતું. ખાસ તો નવા દેશમાં ફોનનો સ્ક્રીન જોયા કરવાને બદલે બારીની બહાર જોવાનું અઘરું પડે તેમ હતું. એવામાં મન મક્કમ કરીને ફોન બંધ જ રાખ્યો. બહાર ટોક્યોનાં પરાં પાસેનાં ગામ, ખેતરો, ઘરો, હાઇવે, બ્રિજ,બધું કોઈ અલગ દુનિયાનું લાગતું હતું. અને થોડી જ મિનિટોમાં ગીચ બહુમાળી ઇમારતોથી લદાયેલું ટોક્યો આવી જ ગયું.

બસે અમને ટોક્યો મેઇન સ્ટેશન પર ઉતાર્યાં. અહીંથી ટેક્સી કરીને અમારે રોપોન્ગી હિલ્સ જવાનું હતું. અમારી હોટલ રોપોન્ગી સ્ટેશનથી સાવ નજીક હતી, પણ પહેલા દિવસે સામાન સાથે ટોક્યોની અન્ડરગ્રાઉન્ડને સર કરવા માટે હજી અમે તૈયાર ન હતાં. તે દિવસે હજી સ્ટેશનને બહારથી જ જોવાનું હતું. અને ઓલરેડી મગજ ચકરાવે ચડી જાય તેવી ભીડ, રંગો, ક્યુટ આઇકોનોગ્રાફી, અને અનોખા પ્રકારનો સેન્સરી ઓવરલોડ ફીલ થતો હતો. કોણ જાણે કેમ, અહીં મગજ સતત વ્યસ્ત રહે તેવાં દૃશ્યોની જરાય કમી નહોતી લાગતી. મોટાભાગની ટેક્સીમાં સ્ક્રીન સાથે સતત જાહેરાતો ચાલતી રહેતી હતી. રોપોન્ગી હિલ્સ વિસ્તાર તરત આવી ગયો અને ટોક્યોના સાંજના ઓફિસ રશને અમે તે દિવસ પૂરતાં તો ટપાવી ગયાં હતાં.

હોટલ પર રૂટિન સુવિધાઓ સાથે ઓરીગામી અને જાપાનીઝ આલ્ફાબેટ 'કાન્જી' શીખવા માટેની શક્યતા પણ હતી. અમે છેલ્લા દિવસે તેનો પણ લાભ લઈ લીધો હતો. જોકે તે પહેલી સાંજે અમે આટલો નાનો રૂમ આટલો સજ્જ કઈ રીતે હોઈ શકે તે વાત પર રહ્યાં ત્યાં સુધી નવાઈ લગાડી. અમે તો પણ ૧૨ સ્કવેર મીટરનો પૂરતો રેકટેન્ગલ રૂમ બૂક કરેલો, બાકી ઘણાં રૂમ તો માત્ર પોડ જેવાં હોય છે, જેમાં રેલ બર્થ જેટલી જ જગ્યા હોય. અહીં અટેચ્ડ બાથરૂમ અને અલગ ટોયલેટ વચ્ચે અમને જગ્યાનો ખાસ અભાવ ન લાગ્યો. અમેરિકા જેટલી જગ્યાની જાહોજલાલી ન હતી, પણ જાપાનની કુખ્યાત સાંકડનો અનુભવ કરવાની અમારી જરાય ઇચ્છા ન હતી.

રોપોન્ગીમાં સાંજે જમવા ક્યાં નીકળીશુંની વાત ચાલી. ઠંડી ખાસ્સી હતી. એવામાં ગરમાગરમ રામેન સૂપની ક્રેવિંગ થઈ આવી. અમારો કસ્ટમાઇઝ્ડ ગૂગલ મેપ આખા શહેરનાં ખાવાલાયક રેસ્ટોરાંનાં બુકમાર્કથી ચમકી રહ્યો હતો. અમે ત્રણ ઓપ્શન સાથે હોટલની બહાર નીકળ્યાં. એક મજેદાર રામેન રેસ્ટોરાંમાં પ્રવેશ્યાં. થોડી વાર વેઇટિંગમાં અમને પ્રાઇવેટ બૂથમાં એક એક કરીને રામેન ટોપિંગ બિલ્ડ કરવા મળ્યાં. આટલી સ્વાદિષ્ટ રામેન પહેલાં કદી હાથ નહોતી લાગી. આવ્યાં ત્યારે નૂડલ્સ, સૂપ અને ટોપિંગ સાથે બાઉલ્સ અત્યંત મોટાં લાગતાં હતાં. થોડી જ પળોમાં ક્યાં ખાવાનું ગાયબ થઈ ગયું ખબર પણ ન પડી.

તે પછી અમે રોપોન્ગીમાં એક નાનકડી લટાર મારવાનું વિચાર્યું. હોટલથી સૌથી નજીકનું મોન્યુમેન્ટ હતું ટોક્યો ટાવર. અમે નકશામાં ટોક્યો ટાવર નજીક છે તે ખાતરી કરવા ગયાં તે પહેલાં તો ગલીના છેડે ચળકતો લાલ અને સફેદ ટાવર નજરે પડી ગયો. ત્યાંથી જ ફોટા પાડવાનું ચાલુ થઈ ગયું. જોકે તે લાગતો હતો એટલો નજીક ન હતો. છતાંય થોડી જ વારમાં ટાવર નજીક આવી ગયો. આસપાસની કાચની હાઇરાઇઝમાં લાલ ટાવરના પડછાયા દેખાવા લાગ્યા હતા. દરેક દિશાથી આ ટાવર જોઈને ઉપર જવું કે નહીં તે ચર્ચા ચાલી. ફરી ક્યારેક દિવસમાં ઉપર જતી લિફ્ટ લઈશું, ત્યાંથી ચોખ્ખા દિવસે માઉન્ટ ફુજી દેખાવાની પણ વાત છે. તે રાતે તો ટોક્યો ટાવરથી નજર અને મન બંને ભરાઈ ગયાં હતાં. હજી તો અહીં માંડ એક સાંજ વીતી હતી. પહેલી સાંજે જ એક વાત નક્કી લાગતી હતી, આ શહેરમાં તો વારંવાર આવવું પડશે. ■

ભાત ભાત કે લોગ

# એક તસવીર જ્યારે લોહી સૂકવી નાખે છે

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

**પરફેક્ટ** ફોટોગ્રાફ કોઈ કવિતાથી કમ નથી હોતો અને એટલે જ ફોટોગ્રાફી માટે 'વિઝ્યુઅલ પોએટ્રી' જેવો શબ્દ વપરાય છે. કવિતારસ કરુણ હોય, તો એક ફોટોગ્રાફ તમારા અંતરને જનોઈવઢ ઘા મારીને ચીરી શકે છે, જેમકે કેવિન કાર્ટર દ્વારા ઝડપાયેલી 'ધ વલ્ચર એન્ડ ધ લિટલ ગર્લ' તરીકે જાણીતી તસ્વીર યાદ છે? સુદાનની એક નાની બાળકી ભૂખથી-કુપોષણથી મરી રહી છે અને એનાથી થોડાક દૂર બેઠેલું ગીધ બાળકીના મરવાની રાહ જોઈ રહ્યું છે !. લગભગ દરેક ઈન્ટરનેટ યુઝરે એકાદ વખત તો આ તસ્વીર જોઈ જ હશે. આ તસવીર બદલ ફોટોગ્રાફર કેવિન કાર્ટરને પુલિત્ઝર પ્રાઈઝથી નવાજવામાં આવ્યા , પણ એ સાથે એક પ્રશ્ન પેદા થઇ જાય છે : બાળકી મરી રહી હતી ત્યારે એને બચાવવાને બદલે કાર્ટરે એના ફોટોઝ ખેંચ્યા? આ પ્રશ્ને કાર્ટરને કોરી ખાધો. પ્રાઈઝ મળ્યાના ચારેક મહિનામાં જ એમણે આત્મહત્યા કરી લીધી!

ઈતિહાસની ઘટનાઓ તસવીરે રે મઢાય, એમ તસવીરો પાછળનો ઈતિહાસ પણ સંવેદનસ્તરો વચ્ચે ક્યાંક કોતરાઈ જતો હોય છે.

૧૯૩૭માં ચીન-જાપાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. આગળ જતા બે દેશ વચ્ચેની આ લડાઈ બીજા વિશ્વયુદ્ધનો હિસ્સો બની. જાપાની સેના શક્તિશાળી હતી. ચીન ઉપરાછાપરી માર ખાતું હતું. ચીનાઓ પીછેહઠ કરતા કરતા શાંઘાઈની વ્હામ્પુ નદી સુધી પહોંચી ગયા. અહીં થાણું નાખીને ચીની સેના બને એટલા જોર સાથે જાપાનનો મુકાબલો કરવા માગતી હતી. સામે જાપાને જાહેર કર્યું કે ૨૮ ઓગસ્ટ, ૧૯૩૭ના દિવસે અમે વિમાનો દ્વારા બોમ્બાર્ડિંગ કરીને ચીની નાકાબંધીનો ખાત્મો કરી નાખીશું! આ જાહેરાત પછી ચીનાઓ ડરના માર્યા ફફડવા સિવાય બીજું કશું કરી શકે એમ નહોતા, કેમકે ચીનની સરખામણીએ જાપાન બળવાન હતું. જાપાને અગાઉથી જ હુમલાની જાહેરાત કરી દીધેલી એટલે 'ઘટના'ને કવર કરવા માટે પત્રકારો ઊમટી પડ્યા.

બીજી તરફ ચીની પ્રજા શહેર ખાલી કરીને દૂરના સ્થળોએ ભાગી જવા માટે ઉતાવળી હતી. હજારો લોકો રેલવે સ્ટેશને ઊભા હતા. પુરુષો તો ગમે એમ પડતા આખડતા ભાગી શકે, પણ સ્ત્રીઓ અને બાળકોને સ્થળાંતર કરવા માટે ટ્રેનની જરૂર હતી.

સાંજે ૪.૦૦ વાગ્યે જાપાનીઝ પ્લેન્સ આવી પહોંચ્યા અને બોમ્બાર્ડિંગ કરીને પાછા ફરી ગયાં, પણ અહીં જાપાનીઓએ બહુ મોટી ભૂલ કરી. જાપાનીઓ શાંઘાઈની વ્હામ્પુ નદી આસપાસ ઘેરો ઘાલીને બેઠેલી ચાઈનીઝ સેના પર બોમ્બ ફેંકવાને બદલે ભૂલમાં રેલવે સ્ટેશન પર બોમ્બમારો કરી આવ્યા હતા ! રેલવે સ્ટેશન પર એ વખતે હજારો નાગરિકો શાંઘાઈ છોડી જવા માટે ટ્રેનની રાહ જોતા બેઠેલા, જેમાં સ્ત્રી-બાળકોની સંખ્યા વધુ હતી. લગભગ ૧,૮૦૦ નાગરિકો એ સમયે રેલવે સ્ટેશન પર હાજર હતા, જેમાંથી દોઢેક હજાર માર્યા ગયા!

એ વખતે એચ. એસ. વોંગ નામનો ફોટોગ્રાફર ત્યાં હાજર હતો. બચાવકર્મીઓ કાટમાળ હેઠળથી જીવિત હોય એવા સ્ત્રીઓ અને બાળકોને એક પછી એક બહાર કાઢી રહ્યા હતા. એ વખતે



બાળકને કાટમાળ હેઠળથી કાઢીને રેલવે પ્લેટફોર્મની ધાર પર મૂક્યું એ તસ્વીરે લોકોને હચમચાવી મૂક્યા.



પીઠે બાંધેલા મૃત નાના ભાઈને દફનાવવા માટે પોતાના વારાની રાહ જોતો મોટો ભાઈ...

થયું એવું કે આવા જ એક બચાવકર્મીએ નાના બાળકને કાટમાળ હેઠળથી કાઢીને રેલવે પ્લેટફોર્મની ધાર પર મૂક્યું. અને તરત બીજા બાળકને બચાવવા નીકળી ગયો. આ દૃશ્ય જોઈ રહેલા વોંગે કેમેરાનું ફોકસ એડજસ્ટ કર્યું અને પ્લેટફોર્મની ધાર પર બેઠેલા પેલા બાળકની તસ્વીર ક્લિક કરી લીધી.

આ એક તસ્વીર કેટલું બધું કહી જતી હતી. થોડી જ મિનિટ્સ પહેલા જે માતાની હૂંફમાં હતું, એ બાળક હવે અનાથ, લાચાર અને નિઃસહાય દશામાં હતું! ઘાયલ બાળકને તાત્કાલિક મદદ કરી શકે એવું ય કોઈ નહોતું. વોંગે આ ક્ષણે જે તસવીર ખેંચી એ છાપામાં પ્રગટ થતાની સાથે જ લોકો હચમચી ઉઠ્યા. માત્ર દોઢ મહિનાના ગાળામાં એ તસવીર વિવિધ માધ્યમોમાં એટલી બધી વખત પુન : પ્રગટ થઈ કે વિશ્વભરમાં લાખો લોકોની નજરે એ ચડી. આ એક તસ્વીરે આખી દુનિયામાં જાપાની સેના વિરુદ્ધ લોકમત ઊભો કરવામાં સિંહફાળો આપ્યો. લોકો જાપાની સેના ઉપર ફિટકાર વરસાવવા માંડ્યા. પરિણામે જાપાની સેના એવી ધુંઆપુઆ થઇ કે ફોટોગ્રાફર એચ. એસ. વોંગના માથાસાટે પચાસ હજાર ડોલર્સનું તગડું ઇનામ જાહેર કર્યું. વોંગના જીવ સામે ખતરો પેદા થયેલો જોઈને બ્રિટિશ સેનાએ વોંગને પોતાના તાબા હેઠળના હોંગકોંગમાં આશ્રય આપવો પડ્યો. ત્યારે વોંગ હેમખેમ બચી ગયો. યુદ્ધમાં આખરે જાપાન હાર્યું અને પાછળથી એચ. એસ. વોંગને 'એશિયન અમેરિકન જર્નાલિસ્ટ એસોસિયેશન' તરફથી સન્માનિત કરવામાં આવ્યા.

કદાચ આ વાંચીને જાપાનીઓ પર તિરસ્કાર આવતો હોય તો બીજી એક તસવીર પાછળની કરુણ કથા પણ જાણી લો.

યુદ્ધ બેધારી તલવાર જેવું હોય છે. અહીં બંને પક્ષે કારી ઘા વેઠવા પડે છે. જાપાને વિશ્વયુદ્ધ દરમિયાન માનવતા કોરાણે મૂકેલી, પણ હિરોશીમા અને નાગાસાકી પર અણુબોમ્બ પડ્યા બાદ ખુદ જાપાની પ્રજાની હાલત કરુણતા ઉપજાવે એવી થઇ ગઈ હતી. બીજી તસવીર એનો જ બોલતો પુરાવો છે.

નાગાસાકી પર બોમ્બ ઝિંકાયો એ પછી કબ્રસ્તાનમાં લાશોની લાઈન લાગી ગઈ. તસ્વીરમાં દેખાય છે એમ એક નાના બાળકે પોતાની પીઠ પર બીજા એક બાળકને બાંધી રાખ્યું છે. બંને બાળક સગા ભાઈ છે. અહીં આઘાતજનક વાત એ છે કે મોટા ભાઈની પીઠે બાંધેલું બાળક મરી ચૂક્યું છે. અને પરિવારમાં કદાચ બીજું કોઈ પણ નથી બચ્યું. એટલે મોટો ભાઈ એકલો જ નાના ભાઈને દફનાવવા માટે પોતાના વારાની રાહ જોઈને ઊભો છે... એ રડવા નહોતો માગતો એટલે દાંત વચ્ચે હોઠ ભીંસી રાખ્યા છે... એટલી હદે ભીંસેલા કે લોહીનું ટશિયું ફૂટી નીકળ્યું!

તમને નીચોવી નાખે એવી કરુણતા અને પેલા બાળકના અપાર પૌરુષના પ્રતીક સમી આ ક્ષણને યુએસ મરિનમાં કામ કરતા ફોટોગ્રાફર જો ઓ'ડોનેલે કેમેરામાં કંડારી લીધી, જે 'બ્રધર્સ એટ નાગાસાકી' નામથી ઓળખાઈ....અને પોતે ખેંચેલી આ એક તસ્વીરને કારણે ફોટોગ્રાફર જો ઓ'ડોનેલ જિંદગીનાં છેલ્લા વર્ષો દરમિયાન ડિપ્રેશનથી પીડાતો રહ્યો!

બીજા શબ્દોમાં કહીએ તો તસવીરોનો પણ એક મૂંગો ઇતિહાસ હોય છે, જે ઈતિહાસની વેદનાઓ લોહી સૂકવી નાખે છે! ■

મસ્તરામની મસ્તી

# ટકા તૂટી જાય એવું હાસ્ય શું કામનું?

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




**આજકાલ** સ્ટેન્ડ અપ કોમેડી આર્ટિસ્ટ સવાર સવારમાં કેળાનો નાસ્તો કરતા હશે કે કેમ પણ જીભ લપસી બહુ જાય છે. અને એમનો લવારો ખૂબ ચર્ચામાં આવી જાય છે. જોકે, મને તો મીડિયા ઉપર અને લોકો ઉપર દયા આવે છે કે આવો કોઈ કોમેડીનો પ્રકાર જ નથી.

જે બીજાને કષ્ટ પહોંચાડે કે દુઃખ પહોંચાડે અને લોકો ખિખિયાટા કરે તો તેને કોમેડી કરી ન કહેવાય માટે છાપવામાં અને બોલવામાં થોડું ધ્યાન રાખો યાર. હા,કોમેડી આર્ટિસ્ટ દ્વારા કરાતું સ્ટેટમેન્ટ જરૂર કહી શકો.

જે કલાકારો ઊભા રહી અને પરફોર્મ કરતા હોય એને સ્ટેન્ડ અપ કોમેડિયન કહે છે, જ્યારે ગુજરાતી કલાકારો સામાન્ય રીતે બેસીને જ પર્ફોર્મ કરે છે.

મારા એક મુંબઈના કાર્યક્રમમાં અમે બે ગુજરાતી કલાકાર અને એક હિન્દી હાસ્ય કવિ કલાકાર હતા. એમણે ગુજરાતીઓની ભાષાના દ્વિઅર્થી સંવાદ થાય અને ગુજરાતીઓ વિશે ઘસાતી વાત કરી. હું કલાકાર છું ને સાથે ગુજરાતી તો ખરો જ ને એટલે જેવો મારો પર્ફોમન્સનો વારો આવ્યો એટલે મેં કહ્યું કે 'ભાઈસાબને ગુજરાતીઓ કે બારેમે બહોત જાનકારી લે રખી હૈ. થોડી જાણકારી મેં ભી દે દુ તાકી અગલે કાર્યક્રમ મેં વો બોલ શકે.'

'હિન્દી હાસ્ય કવિ કો સિર્ફ રોજીરોટી કે લિયે, ગુજરાતી લોગો ને હી બુલાયા હૈ. બાકી હમ દો કાફી હૈ. ઔર હમ બેઠે બેઠે પરફોર્મ કરતે હૈ ક્યોંકી ગુજરાતી લોગો કો અગર બેઠે બેઠે પૈસે મિલ જાય તો વો ખડે હોને કી મહેનત ભી નહીં કરતા. કહી પર ખડા રહેના પડે તો વો આદમી ભાડે પે લે કે ખડા કરતા હૈ.! '

-અને પછી એ પણ ઉમેર્યું કે 'આને કોમેડી ના ગણતા... આ વાસ્તવિકતા છે.'

મેં હમણાં ચુનિયા ને પૂછ્યું કે ઊભા ઊભા જોક્સ કે મિમિક્રી કરવી અને બેઠા બેઠા જોક્સ કે મિમિક્રી કરવી એ બન્નેમાં શું ફર્ક?

બિરબલની ૭૨મી પેઢી જેવો ચુનિયો તરત બોલ્યો :

'માત્ર નામનો ફર્ક છે'

મેં તરત જ પૂછ્યું કે તો ઊભા ઊભા કોમેડી કરવાનો શું અર્થ? નિરાંતે બેસીને મોજ કરાય અને કરાવાય.

ચુનિયો મને કહે : 'મિલનભાઈ, તમે સમજ્યા નહીં. હમણાં આ સ્ટેન્ડ અપ કોમેડિયનો એ એવો ઉપાડો લીધો છે કે ગમે ત્યારે ગમે તેવું બોલાઈ જાય તો જો બેઠા બેઠા બોલ્યું હોય તો તમે ઉભા થાવ તે પહેલા કો' ક આંટી જાય, ઢીકા પાટા મારી લે તેના કરતાં ઊભા ઊભા બોલીએ તો તાત્કાલિક ભાગવું હોય તો વાંધો ન આવે!.'

એ પછી ચુનિયો મને કહે : 'મિલનભાઈ, મને ૮-૧૦ જોક્સ કરતા શીખવી દો મારે કોમેડી શો કરવો છે.'

મેં સલાહ આપી કે 'આઠ- દસ જોક્સ ગોખી નાખવાથી હાસ્ય કલાકાર ના થઈ શકાય.'

એણે મને અડધેથી બોલતો અટકાવ્યો :

'એટલે તો સ્ટેન્ડપ કોમેડિયન થવું છે. આઠ ૧૦ જોક્સ વચ્ચે વચ્ચે ૧૫-૨૦ ગાળ, મારી પાસે તો કોઈએ ન સાંભળી હોય તેવી, આપણે પોતે બનાવેલી મસ્ત ગાળો છે. કોઈ બે મોટી વ્યક્તિને ગમે તેમ બોલી લઈશ એટલે હું મુંબઈમાં વર્લ્ડ ફેમસ થઈ જાઉ તેમાં શંકાને સ્થાન નથી.'

ઓડિયન્સ ચુનિયાને મારે તે પહેલા મેં બે જીકી લીધી.

અત્યારના સંજોગોમાં ઊભા ઊભા કોમેડી ઓછી અને અશ્લીલ વાતો વધારે થાય છે. આવી વાતોમાં નવી પેઢીનું હુટિંગ શું સાબિત કરે છે? આવું સાંભળીએ, આવું બોલીએ તો જ આપણે મોર્ડન કહેવાઈએ? (જવા દો આ બધા ચર્ચાના વિષય છે.)

'ના, એવું નથી અમુક સ્ટેન્ડપ કોમેડિયન બહુ સારું બોલે છે અને શુદ્ધ કોમેડી પણ કરે છે.' મેં કહ્યું.

અત્યારે તો પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે અમારો પારિવારિક હાસ્ય કરતા કલાકારોનો શો કરવો હોય તો સ્ટેજ, માઇક, લાઈટ અને સારું ઓડિયન્સ એટલે શો થઈ જાય, પરંતુ સ્ટેન્ડ અપ કોમેડિયનનો શો રાખવો હોય તો ઉપરોક્ત વસ્તુ તો જોઈએ જ એ ઉપરાંત આઠ દસ હટ્ટા કટ્ટા, અમસ્તે અમસ્તા ગંભીર ચહેરાવાળા અને મોટા મોટા ડોળા કાઢતા જાડા અને હાઈટ વાળા મુસટંડાઓ રાખવા પડે. ક્યારે કલાકાર બોલવામાં લપસી પડે અને ઓડિયન્સ ભુકા કાઢે તે નક્કી નહીં. જોકે અમારા એક બહુ સિનિયર હાસ્ય કલાકારે એવું પણ કહ્યું કે 'મિલનભાઈ, તમને એવું લાગે છે કે ઓડિયન્સ દેકારો કરી મૂકે કે ઉશ્કેરાઈ જાય એવું નથી. લોકો હોંશે હોંશે છીછરી વાતો અને ભૂંડા બોલી ગાળો સાંભળવા પ્રેમથી પૈસા ખર્ચે છે. કોઈને કોઈ ફરક પડતો નથી.'

એનો કોન્ફિડન્સ જોઈને મને દુઃખ થયું.

આમ જુઓ તો હાસ્ય છે તે વક્ર દ્રષ્ટિથી વધારે મળે છે, પરંતુ કોઈને વ્યક્તિગત રીતે ઉતારી પાડવા કે વ્યક્તિગત શારીરિક ક્ષતિઓને હાસ્યાસ્પદ રીતે રજૂ કરવા તે હાસ્ય નથી. ટેલિવિઝનના એક બહુ મોટા શોમાં મોટા હાસ્ય કલાકાર આ જ વાતને લઈને ટીકાનો ભોગ પણ બની ચૂક્યા છે.

હાસ્ય એટલે વાસ્તવિકતાથી પર વાતો. એટલા માટે જ ગુજરાતી કલાકારો પોતાનું એક કાલ્પનિક પાત્ર બનાવી રાખે છે. અને નાની- મોટી કોમેન્ટ તે પાત્ર દ્વારા અને તે પાત્ર પર કરતા હોય છે.

શાહબુદ્દીન રાઠોડ સાહેબ કહે છે કે માણસ જ્યાં મૂર્ખ બને છે અને પછી તે વાત લોકો સમક્ષ રજૂ થાય ત્યારે લોકોને માટે તે હાસ્ય બની જાય છે, પણ તેના માટે જાત ઉપર હસતા આવડવું જરૂરી છે. ડોક્ટર જગદીશ ત્રિવેદી, સાયરામ દવે, ગુણવંત ચુડાસમા, સ્વર્ગસ્થ વસંત પરેશ,... જેવા દિગ્ગજ હાસ્ય કલાકારો પોતાના પરિવાર પર કે પોતાની જાત પર કે કોઈ એક પાત્ર જે કાલ્પનિક છે તેના પર અવાસ્તવિક વાત કરીને પણ હાસ્ય નિષ્પન્ન કરે છે. ઘણીવાર વાસ્તવિક વાતો પણ હાસ્યાસ્પદ હોય તો પણ લોકો સમક્ષ મૂકીને હસાવીએ છીએ.

બીજી તરફ, બહુ ટૂંકા સમયમાં નામ કમાવવા માટે ઘણા કલાકારો વિવાદમાં આવવા અમુક ચેષ્ટા ચાહીને કરતા હોય છે. નેગેટીવ પબ્લિસિટીનો ફાયદો મળશે તેવું માનવાવાળાઓને કહી દઈએ કે દરેક લોકો અમુક તમુક નેતા જેવા નસીબદાર નથી હોતા. કો' ક માથા ફરેલ મળે તો ટકા તોડી નાખે. ■

**વિચારવાયુઃ**

*હસવા જેવી અને હસી કાઢવા જેવી વાતનો ફરક સમજાઈ જાય ત્યારે કોણ હાસ્ય કલાકાર કહેવાય એ ખબર પડે અને કોણ સારો તે પણ સમજાય જાય.*


સ્થાપત્યનું વાઈ-ફાઈ

# બોઝિઝ ચેપલ-સાઉથ આફ્રિકા પ્રતીકાત્મક લયબદ્ધ દૃઢતા

હેમંત વાળા
feedback@bombaysamachar.com







**પરંપરાગત** ચર્ચની રચના આગવી હોય છે. તેમાં વચ્ચેના મુખ્ય ગાળાની બંને તરફ એક કે બે ગાળાનો સમાવેશ કરી લંબીય આકાર બનાવાય છે. તેના એક છેડે પ્રભુનું સ્થાન સ્થાપિત કરવામાં આવે છે તો તેની સામેના છેડે પ્રવેશદ્વાર હોય છે. આ આખી રચનામાં વિશાળતા, સમમિતિયતા, અગ્રતાક્રમ તથા એક પ્રકારની દ્રઢતા ઊભી કરવાનો પ્રયત્ન કરાય છે. ચર્ચ નાનું હોય કે મોટું, આ સિદ્ધાંતો એક યા બીજા પ્રકારે તેની સાથે વણાયેલા રહે છે. સાંપ્રત સમયમાં ચર્ચની રચના માટે નિતનવા પ્રયોગ કરવામાં આવે છે.

સાઉથ આફ્રિકામાં સન ૨૦૧૬માં પૂર્ણ થયેલ લંડનના સ્ટેઈન સ્ટુડિયો દ્વારા નિર્ધારિત કરાયેલ આ એક રસપ્રદ ચર્ચ છે. આશરે ૪૩૦ ચોમીના બાંધકામમાં અહીં તરંગો જેવો આકાર ઉપયોગમાં લેવાયો છે. મજાની વાત એ છે કે આ તરંગોને બે ચોરસની અંદર એકત્રિત કરી ગોઠવવામાં આવ્યા છે. આ ચર્ચનું તલદર્શન જોતાં તરંગો નથી જાણતા, પરંતુ એની ત્રિપરિમાણીય અનુભૂતિમાં આ તરંગો વર્તાય છે. અર્થાત આ લંબચોરસમાં ગોઠવાયેલા ત્રિપરિમાણીય તરંગો છે. આ તરંગોને કારણે અનુભૂતિમાં ચલિતતા આવે છે તો લંબચોરસ આકારને કારણે એ ચલિતતા સ્થિર થઈ જાય છે. આ સમગ્ર રચનામાં જે પ્રવાહી લાવવાનો પ્રયત્ન કરાયો છે તેને સંતુલિત કરવા બાકીનાં બધાં જ સ્થાપત્યકીય નિર્ણય શુદ્ધ ભૌમિતિક ચોરસ આકારને આધારિત છે. લંબકોણ અને વળાંક વચ્ચેનો આ સરસ સમન્વય છે.

એક તરફ જમીન અને બીજી તરફ પાણી વચ્ચે ગોઠવાયેલા આ ચર્ચની પરવલયાકાર છત, સ્વાભાવિક રીતે કોન્ક્રીટમાંથી બનાવાઈ હોય. એક તરફના પાણીના હોજને કારણે આ ચર્ચની તરંગો સમાન છતનું પ્રતિબિંબ પાણીના તરંગો સાથે વાર્તાલાપ કરતું જણાય છે. એક રીતે આ ચર્ચ વળાંકાકાર છાપરા વડે આચ્છાદિત કાચની પેટી જેવું પણ જણાય છે. ચારે તરફ રહેલી કાચની બારીઓને કારણે આજુબાજુની પરિસ્થિતિ સાથે સંકળાયેલા હોવાનો ભાવ પણ જાગી શકે. આ બધું જ શુદ્ધ ભૌમિતિક આકારોમાં ગોઠવાયું છે. આ ચર્ચની માળખાકીય રચના નજરે ન ચડે તે પ્રકારની છે. આશરે ૭૫ ઘન મીટર કોન્ક્રીટ અને ૮૨૦૦ કિલોગ્રામ લોખંડ વડે બનાવાયેલા છતના ટેકા માટે ચાર બટરેસીસ ગોઠવવામાં આવી છે. આ આખી માળખાકીય રચના ચર્ચની દૃશ્ય અનુભૂતિમાં જરા પણ ખલેલ ન પહોંચાડે તેનું ધ્યાન રખાયું છે.


રચનામાં રહેલી સરળતા આ ચર્ચની શક્તિ છે. અહીં કશું જ માનવી પર હાવી થઈ જાય તેવું નથી. ૨૦૧૨ મીટરની વળાંકાકાર છતવાળું અને આશરે ૪૩૦ ચોરસ મીટર વિસ્તારનું, પ્રમાણમાં નાનું કહી શકાય તેવું ક્ષેત્રફળ હોવાને કારણે અહીં છતની મહત્તમ ઊંચાઈ ૬ મીટર હોવા છતાં પણ અનુભૂતિ વિશાળતાની નથી આવતી. આ ઊંચાઈને કારણે માનવીય પ્રમાણમાપ પર થોડું દબાણ ઊભું થાય, પણ ચર્ચ જેવી પરિસ્થિતિ માટે તે માન્ય ગણાય. તેમાં પણ ચારે બાજુ રહેલી કાચની બારીઓને કારણે આ દબાણની માત્રા સારી એવી ઓછી થઈ જતી જણાય છે. ચર્ચમાં જરૂરી જણાય તે દરેક પ્રકારની ઉપયોગિતા અહીં સંભવ છે, માત્ર ક્યાંક 'જરૂરી' ગોપનીયતા માટે 'બહાર'નો કહી શકાય તેવો નિર્ણય લેવો પડે.

આ ચર્ચની આજુબાજુ નાના મોટા ડુંગર છે. એક રીતે જોવાં જઈએ તો આ તરંગ જેવો આકાર ડુંગરા સાથે મેળ પણ ખાય છે અને તે આકારની નાજુકતા તે જ ડુંગરા સાથે વિરોધાભાસ પણ ઊભો કરે છે. પ્રમાણમાં હલકું જણાતું આ મકાન તેની ભૌમિતિક ચોકસાઈને દ્રઢતાથી રજૂ કરે છે. તે સ્થિર જણાતું હોવા છતાં તેનામાં અંતર્ગત ચલિતતા રહેલી છે. એક તરફથી તે તરતું લાગે છે તો બીજી તરફથી તેણે તેની સ્થિતિ નક્કી કરી દીધી હોય તેવી પ્રતીતિ થાય છે. એક તરફ જમીન અને બીજી તરફ પાણીને કારણે તે અમુક અંશે અંતરાલ કે વચગાળાની સ્થિતિ જેવી ઘટના છે. છતની રચનામાં એક પ્રકારની મૃદુતા વ્યક્ત થાય છે તો એ મૃદુતાને ટેકો આપતી ઘટનાઓ ચોકસાઈ ભરેલી છે. એકંદરે વિરોધી બાબતોની વચ્ચે સંતુલન સ્થાપવાનો રસપ્રદ અને સફળ પ્રયત્ન છે.

પરંપરાગત દળદાર ચર્ચની સરખામણીમાં આ ચર્ચ હલકું લાગે છે. અહીં ઊંચાઈને મહત્ત્વ નથી અપાયું. અહીં કોઈ ચોક્કસ અક્ષને પ્રતિબધ્ધતાથી વિશાળતામાં પરાવર્તિત કરવાનો પ્રયત્ન નથી થયો. પરંપરાગત ચર્ચમાં જે પ્રકારની રંગીન કાચની બારીઓ જોવા મળે છે તેની પણ અહીં બાદબાકી થઈ ગઈ છે. આ બધા સાથે પણ અહીં ધાર્મિકતા જળવાઈ રહે તેવા પ્રતીકો અને તેવી નાની નાની સ્થાપત્યકીય ઘટનાઓનો સમાવેશ કરાયો છે.

પરંપરાગત બાંધકામ તે વખતની જરૂરિયાત મુજબનું હતું. સમય બદલાયો છે, સામગ્રી પણ બદલાઈ છે અને તેના ઉપયોગ માટે નવી નવી તક્નીક શોધાઈ છે, ધર્મ માટેના વિચારોમાં પણ પરિવર્તન આવે છે. આ બધાની અસર ધાર્મિક સ્થાપત્ય પર પડે તે સ્વાભાવિક છે. અગત્યનું એ છે કે આ પ્રકારની નવી રચનામાં ધાર્મિક શ્રદ્ધા જળવાઈ રહેવી જોઈએ અને પરંપરાગત મૂલ્યોનું ખંડન ન થવું જોઈએ. વળી ધાર્મિક ક્રિયા-કાંડમાં પણ અડચણ ન ઊભી થવી જોઈએ. એ રીતે જોતા પણ આ ચર્ચ ઉલ્લેખનીય છે. એમ પણ કહેવાય છે કે આ આકારની પ્રેરણા બાઇબલની કોઈ ઘટનાને આધારિત છે.

આ એક શાંત શિલ્પ છે. સરળ સૌમ્ય કાવ્ય છે. તક્નીક સાથે વણાયેલું લાવણ્ય છે. ભાર વિનાનું અસ્તિત્વ છે. જમીન અને પાણી સાથે સમાનતાથી જોડાયેલ નાટકીયતા છે. આકાર અને પ્રતિબિંબ વચ્ચેનો સુ-સંવાદ છે. ચોક્કસ પ્રકારની હકારાત્મક વિચારધારાનું પ્રતીક છે - એકંદરે આ એક પ્રશંસનીય રચના છે. ■




**અહીં આવ્યો ત્યારે સહુપ્રથમ નિર્મલઆનંદે દીવાલ પર મારો હાથ ચોંટાડી મને પોતાની શક્તિનો ચમત્કાર બતાવ્યો હતો. આજે હવે 'તમારામાંથી કોણ ફરી પાછો મારો હાથ આ થાંભલા સાથે ચીટકાવી દઈ શકશે? મારે એ પ્રયોગ આજ ફરીથી જોવો છે.!'**

**મારી** ઓરડીમાં ઊંઘવા ગયો ત્યારે ઊંઘના બદલે એ જ વિચારો આવ્યા કરતા હતા. આપણે કોઈને મિત્ર બનાવવા જઈએ છીએ ત્યારે શા માટે કેટલાંકને દુશ્મન બનાવી મૂકીએ છીએ? ક્યાંક આપણા પ્રેમમાં સ્વાર્થ તો નથી? ક્યાંક આપણી દોસ્તીની ભાવનામાં તો ક્ષતિ નથી? ખોટ ક્યાં છે? કે પછી માણસોને પ્રેમ-દોસ્તી સામે જ દુશ્મની છે?

આંખ મિચાંતી અને જાણે કોઈ હથેળીમાં ખીલા ઠોકતું હોય એવી ભ્રમણા થવા લાગતી. એક કરુણાર્દ ચહેરો સામે આવતો - પીઠ લોહીથી ચીપચીપી બની જતી - ચહેરો કોનો હોય?

ચૈતન્યાનંદનો? અલખ આનંદનો? વિતથનાથનો કે પછી?

* * * * * * *

સૂરજ પહાડ પરથી ડોકિયું કરવા લાગ્યો ત્યારે હું થાંભલાને અઢેલીને પરસાળમાં ઊભો હતો. અમાસનો દિવસ એ અઘોરીઓની સાધનાનો મહત્ત્વનો દિવસ હતો. મારો ત્યાં અંતિમ દિવસ હતો. કોણ જાણે કેમ પણ ત્યાંથી પરત ઘેર જવાનો આનંદ નહોતો થતો, ઊલટું મન વિષાદથી ભરાઈ ગયું હતું. મારા જીવનના આ યાદગાર પાંચ દિવસ અને આ અઘોરીઓ!

અલખઆનંદથી શરૂઆત થઈ વિતથનાથ સુધી પહોંચેલી એ ચર્ચાઓ, એમનો પ્રેમ! અદિતિજી અને નિકુંભઆનંદ અને નિર્મલઆનંદ, પ્રચંડ વામદેવ અને યુવાન સુનંદ!

બલિદાન! મૂઠ- વશીકરણ- ખેચરી ક્રિયા - પરકાયા પ્રવેશ. કેવા કેવા રોમાંચક અનુભવો રહ્યા એ બધા?!

જગજીત સદા યાદ આવ્યા કર્યો હતો- અને કેટલું બધું ભુલાઈ પણ ગયું હતું? બહારના આખા જગતનું અસ્તિત્વ જાણે ખતમ થઈ ગયું હતું. અખબારો, ટી.વી. અને રેડિયો. લોકલ ટ્રેનો અને મિત્રોની ભીડ. સતત રણકતી ટેલિફોનની ઘંટડી જાણે સપનું બની ગઈ હતી. પ્રૂફ્સ અને ગેલીઓ અને કોલમોની દુનિયામાંથી મુક્તિ મળી હતી. કોફી અને ચા પીતાં હોટલના ટેબલ પરની એકધારી બહસ!?

આ બધું ભુલાઈ ગયેલું એક સ્વપ્નની જેમ યાદ આવવા લાગ્યું... પાછું એ દુનિયામાં જવાનું! એક નિઃશ્વાસ નખાઈ ગયો મારાથી.

મારા સાપ્તાહિકના કાર્યાલયમાં આર્ટ ડિરેક્ટર સોદાગરની ચા ઠંડી થતી હશે ને બીડી ફૂંકતો કામ કરતો હશે. ભાનુ આગલા અંકની ચિંતામાં નકામા નકામા બરાડા નાખતો હશે અને બેફિકર વિવેક હોતા હૈ ચલતા હૈ કરી કોઈ મેગઝિનના પાનાં ઉથલાવતો હશે અને ઘેર? રસોઈ થઈ ગઈ હશે અને જમવાની, નહાવાની અને સ્કૂલ-કોલેજ જવાની ધમાલ ચાલતી હશે...!

-પાછો જ ન ફરું તો એ દુનિયામાં તો ?

માથું ઝાટકી મેં એ વિચારને ખંખેરી નાખ્યો. એક ભયની આછી લહર શરીરમાંથી પસાર થઈ ગઈ. કદાચ પાછો જ ન ફરી શક્યો તો? મને શિવાનંદની યાદ આવી. ત્યાં નિકુંભ મારી પાસે આવ્યો કહ્યું:

'અદિતિજી બોલાવે છે.'

ચૂપચાપ હું એની સાથે ચાલી નીકળ્યો. વચ્ચે જ આવતા એક ઓરડામાં વિતથનાથના દેહને રાખવામાં આવ્યો હતો. બે ઘડી હું ત્યાં ઊભો. ત્રણેક અઘોરી દેહનું ધ્યાન રાખતા ત્યાં બેઠા હતાં. વિતથનાથ શાંત સમાધિમાં હોય એવા લાગતા હતા. શરીર પરની કરચલીઓ ફક્ત વધુ સ્પષ્ટ બની હતી. બે હાથ જોડી નમસ્કાર કરી અમે આગળ ચાલ્યા.

જેનું બલિદાન અપાનાર હતું એ માસૂમ છોકરીને જ્યાં રાખવામાં આવી હતી એ ઓરડામાં જ અદિતિ બેઠાં હતાં. ત્યાં ખાસ્સી ભીડ હતી. છોકરી ત્યારે સાવ જાગૃત અવસ્થામાં શાંત બેઠી હતી. વામદેવ એક નાના યજ્ઞકુંડમાં કંઈક હવન જેવું એ છોકરી પાસે કરાવી રહ્યો હતો. સ્વાહાના ઉચ્ચાર સાથે એ અડદ, જવ આદિના દાણા હોમવાનું સૂચન કરતો હતો અને છોકરી ચાવી દીધેલાં પૂતળાંની જેમ આજ્ઞાને અનુસરતી હતી. અને છોકરીના ચહેરા પર ચંદન સુખડનો લેપ હતો. એને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં હતાં. અડદ અને જવના દાણા તડતડાટી સાથે ફૂટતા અને એ નિર્દોષ છોકરીના ચહેરા પર સ્મિત ફેલાઈ જતું હતું.

આ બધું જ ધાર્મિક રીતે થતું હતું! ધર્મના નામ પર થતું હતું અને ધર્મ માટે થતું હતું!

ધૂંધવાઈને જોયા કર્યા સિવાય હું શું કરી શકું?

અડધાએક કલાક પછી ત્યાંથી અમે વિદાય થયા ત્યારે ફરી એકવાર લાચારીથી- હતાશાથી મન ભરાઈ ગયું હતું. અદિતિજી પાસે હૈયું હળવું કર્યું. એને મારી વ્યથા સમજાઈ હશે કે નહીં એ નથી ખબર પણ એમની મમતાએ મને એમ કરવા પ્રેર્યો હતો.

'તમે જે કહો છો, વિચારો છો એમાં તમને શ્રદ્ધા છે?' અદિતિજીએ પૂછ્યું.

એનો સવાલ તલવારની ધાર જેવો અને આંખ ઉઘાડનારો હતો.

'અહીં જે કંઈ ચાલે છે તે પાછળ અદ્ભુત શ્રદ્ધા છે. તમે કદાચ એને અંધશ્રદ્ધા કહેશો પણ એવી જરીક શ્રદ્ધા પણ તમને તમારામાં છે?'

મારી પાસે આનો જવાબ નહોતો. જીવનમાં એવી હજારો પળો આવી હતી જ્યારે હું હતાશ બન્યો છું. નિરાશ બન્યો છું. ત્યારે ત્યારે મેં અનુભવ્યું છે-હતું કે મારી શ્રદ્ધા ડગી રહી છે-મારું સ્વાભિમાન ડોલવા લાગ્યું છે. તે દિવસે પણ મારી શ્રદ્ધા ડગમગવા લાગી હતી

'જ્ઞાન, સત્યનો સાક્ષાત્કાર અને પરમપ્રેમનો અનુભવ કશું જ જ્યારે કામ ન આવતું હોય ત્યારે-?'

'એક બીજી વાત કહું?' અદિતિજી પ્રશ્ન કરી થોડી વાર થોભીને મારી સમ્મતિ માની બોલ્યાં:

'તમને અસંતોષ તો અમારા અઘોરીઓ કરતાં પણ વધારે છે!'

અદિતિજીએ મારેલી આ બીજી થપ્પડ હતી અને એમની વાત સાચી હતી. એ આગળ બોલ્યાં:

'પાંચ દિવસમાં તમે અહીં જે અનુભવ્યું, તમે જે કંઈ કર્યું એનાથી બે અઘોરીનો જીવનરાહ બદલી નાખ્યો, કેટલાંકને વિચારતા કરી મૂકયા અને નિકુંભ, નિર્મલ અને પરાત્પર જેવાને પણ હચમચાવી મૂક્યા તે કમ નથી. તમે એક દિવસમાં જગતને બદલવા ઈચ્છો છો? એ શક્ય નથી. આટલા બધા આશાવાદી બનશો તો સદા નિરાશા સહન કરવી પડશે અને નિરાશા તમારી શ્રદ્ધાને ડગાવ્યા કરશે. ફૂલે સુગંધ ફેલાવવી જોઈએ. આખું જગત એનાથી મહેકી ઊઠે એવી ચિંતા કરવાની એણે કોઈ જરૂર ખરી?'

અદિતિજીના મુખેથી ચૈતન્યાનંદ બોલતા હોય એમ હું સાંભળી રહ્યો. નિરાશા ચાલી ગઈ. એક સંતોષ-પરિતોષની ભાવના જાગવા લાગી.

'ફૂલે તો સુંગધ ફેલાવવી-બસ.' અદિતિજીનું આ વાક્ય જંગલમાંથી-પહાડો પરથી અને આકાશમાંથી પડઘાવા લાગ્યું.

મને થયું કે મેં ઘણું ઘણું મેળવી લીધું છે. મેં અનાયાસ અદિતિજીના ચરણનો સ્પર્શ કર્યો. એમણે મારો હાથ ઝાલી કહ્યું:

'તમારા પાસેથી શીખેલું જ મેં તમને કહ્યું છે.'

'તમારી ખૂબ ખૂબ ઉદારતા મને હમેશાં યાદ રહેશે.' થોડી વાર પછી મેં ઉમેર્યું:

'અદિતિજી, હું ક્યારનો ધર્મ વિશે વિચારતો હતો. ધર્મ શું છે અને અધર્મ શું છે? ધર્મ અધર્મ શા માટે બની જાય છે. ધાર્મિકતાના નામે પાખંડો શા માટે ચાલે છે? મનુષ્યોને પોતાના કર્તવ્યનો બોધ શા માટે નથી થતો? મનુષ્ય દુઃખી શા માટે છે, બધાં જ પ્રશ્નોનો જાણે જવાબ એકાએક મળી ગયો છે '

સ્વાભાવિક છે કે સહજ સુગંધ ફેલાવવી એ ધર્મ છે. એ સુગંધને બીજા ગ્રહણ કરે- સ્વીકારે એવી કામના કરવી એ અધર્મ છે. સુગંધ જ્યારે બીજા પર લાદવામાં આવે છે ત્યારે એ દુર્ગંધ બને છે અને લાદવાની આખી પ્રક્રિયા અનેક પાખંડોનું સર્જન કરે છે. પાખંડ લાદનારાઓ અન્યનું શોષણ કરી દુઃખ ઉત્પન્ન કરે છે. સહજ રીતે સુગંધ ફેલાવવાનું કર્તવ્ય જ્યારે ભુલાય છે ત્યારે માનવીને અકર્તવ્યોની લંગાર ઘેરી વળે છે.

-મારી શ્રદ્ધામાં, મારા સ્વાભિમાનમાં આજે અપૂર્વ વધારો થયો.

* * * * * * *

ભોજન પતાવ્યું ત્યાં સુધી તો બધું ઠીક ઠીક ચાલ્યું. અચાનક નિકુંભઆનંદ આવી ચડ્યો. મારી સાવ નજીક બેસી ખૂબ ધીરેથી બોલ્યો:

'તમારે નાસી જવું પડશે. વામદેવના કેટલાક સાથીઓનો ઈરાદો સારો હોય એમ લાગતું નથી. તમે બલિદાન જોઈને જશો એવું ભૈરવનાથ જાહેર કરશે, પણ મધ્યાહ્ન પછી જ્યારે ચોગાનમાં મહાપૂજા શરૂ થાય ત્યારે છટકી જજો. નિર્મલ તમારી રાહ જોતો કેડી પર ઊભો હશે. પહાડ પસાર કર્યા પછી વાહનનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. અદિતિજીએ પણ તમને આમ કરવા કહ્યું છે.'

ક્ષણેક ફફડાટ થઈ આવ્યો, પણ સાવ નચિંત બની ગયો. હેમખેમ પાછા ફરવા વિશે મને કોઈ શંકા હવે રહી નહોતી. કોઈ અઘોરી મારું કશું બગાડી શકવાનો નથી. મારો વાળ પણ વાંકો કરી શકવાનો નથી એવી શ્રદ્ધા આપોઆપ જાગૃત થઈ આવી હતી. આમ છતાં ભૈરવનાથની સૂચનાને અનુસરવાનું મેં નક્કી કર્યું હતું.

બપોરના યજ્ઞકુંડ અને ચામુંડાની મૂર્તિ સામે એક મોટી ચિતા ખડકી નાખવામાં આવી હતી. ચામુંડાની મૂર્તિને જંગલી ફૂલોથી શણગારવામાં આવી હતી. મધ્યાહ્નથી જ અઘોરીઓ બેફામ નાચવા લાગ્યા હતા. બધાંએ ખૂબ મદિરા પીધી હતી. માંસની જયાફત જોરશોરથી ચાલુ હતી. વામદેવ અને અન્ય અઘોરીઓ યજ્ઞકુંડ પાસે બેસી મંત્રોચ્ચાર કરતા હતા. પરાત્પર બાજુમાં જ એક ઊંચા આસન પર બેઠા હતા. એક અઘોરીએ પોતાનું ત્રિશૂળ જમીનમાં ખોસી ઊભું કર્યું. પછી પોતાની મંત્રશક્તિથી એણે લોખંડના ત્રિશૂળને સ્પર્શ કર્યા વગર જ વાળી નાખ્યું. બીજા એક અઘોરીએ આગ પર ચાલવાનો પ્રયત્ન કર્યો તો એનો પ્રયોગ સંપૂર્ણ સફળ થયો. ત્રિશૂળ ભોંકવા છતાં લોહી ન નીકળે એવો પ્રયોગ એક અઘોરીએ બીજા અઘોરી પર કર્યો.

હું ચૂપચાપ આ તમાશો જોયા કરતો હતો. વામદેવે મને નજીક બોલાવ્યો :

'તમે અમારા અતિથિ છો. તમારે કોઈ વિશેષ પ્રયોગ જોવાની ઈચ્છા છે?'

એના સવાલમાં વ્યંગ અને તિરસ્કાર હતો જે હું સ્પષ્ટ અનુભવી શકતો હતો. એકાદ ક્ષણ હોઠ ભીડીને ઊભા રહ્યા પછી મેં નિશ્ચિય કરી કહ્યું:

'અહીં આવ્યો ત્યારે સહુપ્રથમ નિર્મલઆનંદે દીવાલ પર મારો હાથ ચોંટાડી મને પોતાની શક્તિનો ચમત્કાર બતાવ્યો હતો. આજે મારે એ ચમત્કાર ફરી જોવો છે.'

એમ કહી મેં મારો હાથ બાજુના થાંભલા પર મૂક્યો. મારો પંજો મેં જોરથી એ થાંભલાં પર પછાડ્યો અને કહ્યું:

'તમારામાંથી કોણ મારો હાથ આ થાંભલા સાથે ચીટકાવી દઈ શકશે? મારે એ પ્રયોગ આજ ફરીથી જોવો છે.'

એક અઘોરી તરત જ મારી સામે આવ્યો. એ યુવાન હતો. ચહેરો કરડો હતો અને આંખોમાંની ક્રૂરતા એ વામદેવનો શિષ્ય હોવાની ચાડી ખાતી હતી. ખોપરીમાં વધેલી મદિરામાં જમણો હાથે ઝબોળી એણે કંઈક મંત્ર બોલી એના છાંટા મારા હાથ પર નાખ્યા. હું મારા પંજાને થાંભલા પર મૂકતો અને ઊંચકતો હતો. મારા હાથને કશી અસર થઈ નહોતી. બેએક વાર ફરીને પેલા અઘોરીએ મંત્રેલી મદિરા છાંટી પણ મારો હાથ છૂટો જ રહ્યો.

સ્તબ્ધ થયેલા બીજા અઘોરીઓએ ઉપહાસમાં અચાનક અટ્ટહાસ્ય કર્યું અને પેલો અઘોરી શરમાઈને બેસી ગયો.

'ખામોશ.' ત્રાડ પાડીને વામદેવ પોતાના આસન પરથી ઊભો થઈ ગયો. ટોળું સ્તબ્ધ બની ગયું. આશ્ચર્યકારક રીતે મેં મારી સ્વસ્થતા ગુમાવી નહોતી. પ્રચંડ, ભયાનક વામદેવ મારી સામે આવી ઊભો રહ્યો. છોકરીને ઊંચકી આવતો વામદેવ, પૂતલિકા પ્રયોગ કરતો વામદેવ, પરકાયા પ્રવેશનું નાટક કરતો વામદેવ-એક ભયાનક સ્વપ્નની જેમ મને યાદ આવી ગયા. આંખ ઊઠાવી મેં એની સામે જોયું અને મને સમજાયું કે મેં એ ભૂલ કરી હતી. આંખનો દોર પકડી એ મને વશીભૂત કરવા ઈચ્છતો હતો. એક ક્ષણમાં તો મેં અનુભવ્યું કે હું એના પ્રચંડ પ્રભાવમાં આવી ગયો છું. શરીરમાંથી ઠંડી ધ્રુજારી પસાર થઈ ગઈ. થાંભલા પર મૂકેલા હાથ પર કીડીઓ ચાલવા લાગી હોય એવો અનુભવ થયો, ખૂબ પ્રયત્નપૂર્વક મેં મારા મનને દ્રઢ કરી આંખોને આકાશ તરફ ફેરવી, ઝટકા સાથે સંમોહનનો પ્રભાવ તૂટ્યો. હું લથડી પડ્યો. બીજી જ પળે મેં મારી જાતને સંભાળી લીધી અને ફરીથી થાંભલા પર મારો પંજો મૂકવા અને ઊંચકવા લાગ્યો. વામદેવ મંત્રોચ્ચાર કરી મદિરા છાંટવા લાગ્યો. એણે સંતુલન ગુમાવ્યું હતું અને હવે એ ક્રોધથી કાંપતો હતો. મંત્રો બોલવામાં ભૂલ થવા લાગી. મંત્રોના અંતે મદિરા છાંટવાનું પણ એ ભૂલી જવા લાગ્યો. મેં હસીને એની સામે જોઈ પંજો ઊંચકવા-મૂકવાની ક્રિયા ચાલુ રાખી.

અચાનક વામદેવે પોતાનું ત્રિશૂળ ઊંચક્યું. મૃત્યુ મારી નજર સામે દેખાવા લાગ્યું. મન પ્રસન્નતાથી સભર બની છલકાવા લાગ્યું હતું. મારી આસપાસ કશું જ ન હોય એવો મેં અનુભવ કર્યો. શાંત-નિર્મલ-સ્નેહસભર સુગંધથી આકાશ જાણે છવાઈ ગયું હતું. ચૈતન્યાનંદનો હસતો ચહેરો ક્ષણભર નજર સામે આવ્યો અને ચાલ્યો ગયો. આનંદના એ અદ્ભુત અનુભવમાંથી બહાર આવ્યો. ત્યારે મેં જોયું કે ભૈરવનાથ અને પરાત્પર વામદેવને સમજાવી દૂર લઈ જઈ રહ્યા હતા. ટોળું ચૂપચાપ વીખરાવા લાગ્યું હતું અને અદિતિજીએ પાસે આવી કહ્યું,

'નિર્મલ તમારી રાહ જુએ છે. તમને વિદાય કરતા અમને દુઃખ થાય છે, પણ...'

મેં હસીને એમને પ્રણામ કર્યા અને નિર્મલ આનંદ સાથે ચાલી નીકળ્યો.

*****************

ટેકરીની ટોચ પર પહોંચ્યો ત્યારે હજી સાંજ ઢળી નહોતી. ધાર પર જઈ અમે નીચે નજર કરી. ચિતાનો અગ્નિ પ્રગટી ચૂકેલો ત્યાંથી સ્પષ્ટ દેખાતો હતો. નગારાનો એકધારો અવાજ ધીમો પણ સ્પષ્ટ સંભળાતો હતો. કીડી જેટલા ઝીણા દેખાતા અઘોરીઓ ચિતાની આસપાસ ગોળાકારમાં ઝૂમી રહ્યા હતા. સૂરજ ઢળવા લાગ્યો ત્યાં સુધી ત્યાં જ ઊભીને એ દૃશ્ય મેં જોયા કર્યું. એકાએક એક માસૂમ છોકરીની દર્દનાક ચીસથી જાણે આખું આકાશ કંપી ઊઠ્યું અને બીજી જ ક્ષણે નગારાના અને અઘોરીઓના 'હૂ હૂ' ના અવાજોમાં એ ચીસ જાણે ધીરે ધીરે ડૂબવા લાગી. મેં આંખ બંધ કરી કાન પર હાથ મૂકી દીધા. આંખ ખોલી ત્યારે આકાશ સંધ્યાના લાલ રંગે રંગાઈ ચૂક્યું હતું.

'તે દિવસે મારા જેવા સાવ નવાસવા અઘોરીએ તમારો હાથ આસાનીથી ચોંટાડી દીધો હતો અને આજે વામદેવ જેવા સમર્થને તમે નિષ્ફળ કેવી રીતે કરી શક્યા?' ઢાળ ઊતરતાં હતાં ત્યારે નિર્મલ આનંદે મને પૂછ્યું.

'આ પાંચ દિવસમાં હું ખૂબ જ બદલાઈ ચૂક્યો છું નિર્મલ, તમારા પર શું અસર થઈ એની મને ખબર નથી. અલખઆનંદ કે વિતથનાથ પર થયેલી અસર પણ એમની જ શક્તિ અને ભાવના જાગૃત થવાનું પરિણામ હતું. મેં કશું જ કર્યું નહોતું. કદાચ હું નિમિત્ત બન્યો, પણ મારામાં પણ તમે બધાયે મળીને એક જબરજસ્ત પરિવર્તન લાવી દીધું છે. કંઈ કેટલાયે પ્રશ્નો મને મૂંઝવતા હતા તે તમારા સહવાસથી આપોઆપ ઊકલી ગયા છે. હું અહીં આવી રહ્યો હતો ત્યારે ડેનિયલ અને લિલિયન નામના બે હિપ્પી મને ટ્રેનમાં મળ્યા હતા. ડેનિયલના એકરાર પછી મને થયું કે મનુષ્ય અઘોરી શા માટે બને છે એનું રહસ્ય સમજાયું છે. જેમ સતીઓના કારણે સમાજમાં વેશ્યાઓ અને ધનવાનોના કારણે નિર્ધન સર્જાય છે એ સંયમીઓના કારણે અસંયમી અઘોરીઓનું સર્જન થતું હશે એમ મને લાગ્યું હતું. પણ એ મારી ભૂલ હતી

'જડ- ચેતન અને ભાવનાત્મક ત્રિગુણ તત્ત્વો માનવીને પોતપોતાના બંધનમાં બાંધે છે જ્યાં સુધી એ જીવનના રહસ્યને જાણી નથી શકતો ત્યાં સુધી એ આ તત્ત્વોની લાલસામાં અટવાયા કરે છે. જડતત્ત્વ માનવીને જડદ્રવ્યના મોહમાં નાખે છે. એવી જ રીતે ચેતનતત્ત્વ એને સત્તાના મોહમાં નાખે છે. ભાવનાત્મક તત્ત્વ પણ માનવીને સ્નેહ કે પ્રેરણાના બંધનમાં નાખે છે-અને મને આ પાંચ દિવસમાં જે સત્ય મળ્યું છે તે આ છે...

'પ્રેમ કરવો અને પ્રેમમય બનવું એમાં આસમાન જમીનનો ફરક છે. પ્રેમ કરવા માટે અન્યની જરૂર પડે છે, પ્રેમમય બનવા માટે નહીં. ફૂલ સુગંધ આપે છે. અને દીપક પ્રકાશ આપે છે. કોઈ એ સુગંધ કે પ્રકાશને આવકારે- અવગણે તેમાં એમને શું? એ સુગંધ ફેલાવશે. એ પ્રકાશ ફેલાવશે. બસ, એ ફક્ત પ્રેમમય બનશે પરિણામ કે પારિતોષિકની પરવા કર્યા વગર.

'જે દિવસે આવ્યો ત્યારથી પેલી માસૂમ છોકરીની મને ચિંતા થયા કરતી હતી તમારા અઘોરીઓ પર ક્રોધ આવતો હતો. આજે એમાંનું કશું નથી. છોકરીની ચિંતા નથી. અઘોરીઓ પર કોઈ રોષ નથી.' સહેજ થોભીને મેં મારી વાત આગળ ચલાવી :

'નિર્મલ. મારી ક્ષતિઓ, મારી ઊણપોનું મેં અહીં આ પાંચ દિવસમાં નિરીક્ષણ કર્યું છે. હું પ્રેમમય બન્યા સિવાય પ્રેમ કરવા નીકળ્યો હતો. કોઈ પોતાના પ્રકાશનો ઉપયોગ નથી કરતું એવો દીપકને અફસોસ થાય ખરો? થાય તો કેવું હાસ્યાસ્પદ લાગે? આ તેં હાથ ચોંટાડ્યો હતો અને વામદેવે આજે નિષ્ફળ પ્રયત્ન કર્યો તેમાં ફક્ત એટલો જ ફરક પડ્યો છે. તે દિવસે મારા હાથ ગંદા હતા. પાંચ દિવસના તમારા સહવાસ પછી એ કંઈક ચોખ્ખા બન્યા છે અને મને આજે સમજાયું છે કે આપણે આપણને ફક્ત સ્વચ્છ કરવાની જરૂર છે. વિશેષ કશું જ નહીં.'

ઝાંખા અજવાળામાં મેં નિર્મળની વિદાય લીધી ત્યારે અમારા બન્નેની આંખો અનાયાસ ભીની બની હતી. નિકુંભને યાદ અને બાબા ભૈરવનાથ તથા માતા અદિતિજીને અને પરાત્પર સહિત સહુને પ્રણામ કહી મેં નિર્મલ તરફથી ઝડપથી મારું મુખ ફેરવી લીધું.

સ્ટેશન વેગનની બત્તીઓ પ્રકાશી ઊઠી. એકાદ ગીત ગણગણવાની ઈચ્છા થઈ આવી. અમાસની કાળી રાત્રે ટમટમતાં તારાઓ તરફ એક નજર નાખી અને મેં સ્ટેશન વેગનમાં પ્રવેશ કર્યો. મારા આશ્ચર્ય વચ્ચે સ્વામી શિવાનંદ મને ભેટી પડ્યા!.

(ક્રમશઃ) ■

## ફોકસ


અપરાજિતા
feedback@bombaysamachar.com

# પૃથ્વી પરની સૌથી જટિલ ને રહસ્યમય વસ્તુ છે માનવ મગજ

**આપણા મગજમાં અંદાજે ૨૫ લાખ ગીગાબાઈટ ડેટા સ્ટોર કરવાની ક્ષમતા છે અને એ પણ જાણી લો કે આટલો બધો ડેટા હોવા છતાં આપણું મગજ આ તમામ ડેટાને એક સેકન્ડથી પણ ઓછા સમયમાં પ્રોસેસ કરી શકે છે, જ્યારે વિશ્વનું સૌથી શક્તિશાળી કમ્પ્યુટર આટલા ઓછા સમયમાં આટલા ડેટાને પ્રોસેસ કરવાની કલ્પના પણ કરી શકતું નથી**

**વિશ્વમાં** એકથી એક જટિલ મશીનરી છે, એકથી એક જટિલ મેથેમેટિકલ થિયરી છે, પરંતુ માનવ મગજની સામે આ બધું કંઈ જ નથી. માનવ મન નિઃશંકપણે પૃથ્વી પરની એવી શક્તિ અને જટિલતાનું રહસ્ય છે કે વિજ્ઞાન હજી સુધી તેને સંપૂર્ણ અથવા આંશિક રીતે સમજી શક્યું નથી. માનવ મગજ માત્ર સૌથી જટિલ જ નથી, સૌથી શક્તિશાળી પણ છે. માનવ મગજની શક્તિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દરરોજ ૭૦,૦૦૦ થી વધુ નવા વિચારો તેના મગજમાં આવે છે, એ અલગ વાત છે કે મોટામાં મોટા જીનિયસ પણ તેના મગજનો માત્ર ૧૦ ટકા જ ઉપયોગ કરી શકતા હોય છે. મહાન પ્રતિભાઓનું પણ ૯૦ ટકા મગજ વણવપરાયેલ રહી જાય છે, તો કલ્પના કરો કે સામાન્ય લોકોનું શું થતું હશે.

વૈજ્ઞાનિકો માને છે કે સામાન્ય લોકો સામાન્ય રીતે તેમના સમગ્ર જીવનમાં તેમના મગજનો માત્ર બેથી અઢી ટકા જ ઉપયોગ કરી શકતા હોય છે. માનવ મગજ કેટલું શક્તિશાળી છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આપણું મગજ શરીરના કુલ ઓક્સિજન અને લોહીના ૨૦% એકલું જ વાપરે છે. માનવીની માનસિક ક્ષમતાનો અંદાજ એ વાત પરથી પણ લગાવી શકાય છે કે આપણું મગજ ૩૦ લાખ કલાકનો વીડિયોને માત્ર યાદ જ નથી રાખી શકતું પરંતુ દોઢથી પાંચ સેકન્ડમાં તેની રિવ્યુ ઇમેજ પણ બનાવી શકે છે. મનુષ્ય તેના જીવનના પ્રથમ ત્રણ વર્ષની ઘટનાઓ યાદ રાખી શકતો નથી કારણ કે ત્યાં સુધી માનવ મગજનો આગળનો ભાગ એટલે કે હિપ્પોકેમ્પસનો ભાગ સંપૂર્ણ રીતે વિકસિત થતો નથી.



ત્રણ વર્ષ પછી, વ્યક્તિ ઇચ્છે તો, તે તેના જીવનની દરેક વસ્તુને યાદ રાખી શકે છે. હા, તેણે પોતાની ક્ષમતાઓનો વ્યવસ્થિત ઉપયોગ કરતા શીખવું પડશે. જો કે, માનવ મગજની જટિલતા અને તેની વિશિષ્ટતા એ હકીકત પરથી પણ જાણી શકાય છે કે આપણા મગજમાં ૧૦૦ અબજ ન્યુરોન્સ છે. માનવ મગજની એક વિશેષતા એ પણ છે કે સર્જરી દ્વારા આપણા મગજનો અડધો ભાગ કાઢી નાખવામાં આવે તો પણ આપણી યાદશક્તિમાં કોઈ ફરક નહીં પડે. આપણા મગજમાં અંદાજે ૨૫ લાખ ગીગાબાઈટ ડેટા સ્ટોર કરવાની ક્ષમતા છે અને એ પણ જાણી લો કે આટલો બધો ડેટા હોવા છતાં આપણું મગજ આ તમામ ડેટાને એક સેકન્ડથી પણ ઓછા સમયમાં પ્રોસેસ કરી શકે છે, જ્યારે વિશ્વનું સૌથી શક્તિશાળી કમ્પ્યુટર આટલા ઓછા સમયમાં આટલા ડેટાને પ્રોસેસ કરવાની કલ્પના પણ કરી શકતું નથી. માનવ મગજ એક સેકન્ડમાં જેટલો ડેટા પ્રોસેસ કરે છે તેટલો ડેટા પ્રોસેસ કરવામાં વિશ્વનું સૌથી શક્તિશાળી સુપર કોમ્પ્યુટર ૪૦ મિનિટનો સમય લે છે. તેથી જ મનની સરખામણીમાં ટેક્નોલોજીની સફર હજુ પ્રારંભિક સ્તરે છે. એક વ્યક્તિને તેના મગજમાં કોઈ ઈમેજને પ્રોસેસ કરવામાં માત્ર ૧૩ મિલિસેકન્ડનો સમય લાગે છે. આપણું મગજ એટલી ઝડપથી માહિતીની આપલે કરે છે કે સૌથી ઝડપી ફોર્મ્યુલા રેસિંગ કાર પણ તેની સાથે સ્પર્ધા કરી શકતી નથી. જો કે, આટલું શક્તિશાળી હોવા છતાં, જો વ્યક્તિના મગજને ૫ થી ૬ મિનિટ સુધી ઓક્સિજન ન મળે તો તે મૃત્યુ પામે છે.

આપણે બીજું એક સત્ય પણ જાણી લેવું જોઈએ. આપણને લાગે છે કે આખા દિવસ દરમિયાન આપણે જે નિર્ણયો લઈએ છીએ તે આપણું મગજ જ લે છે. જોકે, એવું નથી. આપણા ૨૪ કલાકના ૯૫ ટકાથી વધુ નિર્ણયો આપણા મગજ દ્વારા નહીં, પરંતુ આપણા અર્ધજાગ્રત મન દ્વારા લેવામાં આવે છે. વ્યક્તિના સમગ્ર જીવનમાં માત્ર એકથી દોઢ ટકા નિર્ણયો જ મન દ્વારા લેવામાં આવે છે. એક સ્વસ્થ વ્યક્તિના મગજનું વજન આશરે ૧.૪ કિગ્રા હોય છે. જો આપણે મગજના વજન પર નજર કરીએ તો, વિશ્વનું સૌથી મોટું મગજ સ્પર્મ વ્હેલ ધરાવે છે, જે લગભગ ૯ કિલોનું હોય છે.

### આ રીતે મજબૂત બનાવો તમારા મન-મગજને...

દરેક વ્યક્તિના મગજ અલગ-અલગ સ્તરના હોવા છતાં આપણે તેની તાકાત વધારી શકીએ છીએ. કહેવાનો અર્થ એ છે કે જે રીતે આપણે રોજિંદા કસરત દ્વારા આપણા શરીરને સંતુલિત અને મજબૂત બનાવીએ છીએ, તે જ રીતે માનસિક કસરત દ્વારા આપણે આપણા મનને મજબૂત બનાવી શકીએ છીએ. પ્રશ્ન એ છે કે આ માટે શું કરવું? ચાલો જોઈએ.

* વ્યક્તિએ દરરોજ કોઈની સાથે અર્થહીન, પરંતુ બુદ્ધિશાળી વાતચીત કરવી જોઈએ.

* યોગ અને કસરત શરીરની જેમ મગજને પણ મજબૂત બનાવે છે.

* ગુસ્સા પર નિયંત્રણ રાખવું અને હસી મજાક કરતા રહેવું એ પણ મગજની શક્તિ વધારવાનું એક સાધન છે.

* ધીમા અવાજમાં મધુર ગીતો સાંભળવાથી અને પૌષ્ટિક ખોરાક ખાવાથી પણ મગજ સ્વસ્થ રહે છે.

* અને સૌથી મહત્ત્વની વાત એ છે કે જે રીતે આપણે આપણા શરીરની ભૂખ સંતોષવા માટે ભોજનની વ્યવસ્થા કરીએ છીએ, તેવી જ રીતે આપણા મનની ભૂખ સંતોષવા માટે આપણે બ્રેન ગેમ્સ, કોયડાઓ અને એવી ઘણી બધી રમતો રમવી જોઈએ, જેમાં આપણને વિચારવાની જરૂર પડતી હોય. ■

વિશેષ

વિવેક કુમાર
feedback@bombaysamachar.com

# જ્યાં આટલા દિવસો રહી એ સુનિતા વિલિયમ્સનું રહસ્યમય અંતરિક્ષ મથક





ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સે જ્યાં મહિનાઓ વીતાવ્યા હતા એ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકનું આંતરિક વિશ્વ સાયન્સ ફિક્શનના રહસ્ય મહેલ જેવું છે. તમે ક્યારેક કલ્પના કરી હશે કે અવકાશમથકની આંતરિક દુનિયા કેવી હશે? તો જાણી લો કે એ કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મના સેટ કરતાં ઓછી નથી.

અંતરિક્ષ યાત્રીઓ ત્યાં મહિનાઓ રહે છે અને અનેક પ્રકારના પ્રયોગ કરે છે અને પૃથ્વીથી આટલે દૂર રહીને પણ પૃથ્વીવાસીઓ માટે માનવતાના નવા રસ્તાઓ ખોલે છે. માનવતાના આ મહાન તપસ્વીઓની અનોખી દુનિયાની ઝાંખી કરવી સહજ છે. ચાલો જોઈએ.

**અવકાશ મથક અંદરથી આવું હોય છે**

અવકાશ મથકની અંદર ખૂબ જ નાના, પરંતુ હાઈ ટૅક કોરિડોર હોય છે. અરબો ડૉલરને ખર્ચે તૈયાર કરવામાં આવતાં હોવા છતાં અવકાશ મથકની અંદરની જગ્યા સીમિત હોય છ અને એટલે જ તેની દીવાલોમાં ઠેકઠેકાણ મોનિટર્સ, વાયરિંગ અને જુદાં જુદાં ઉપકરણોની ભરમાર જોવા મળે છે.

અવકાશ મથકમાં દરેક વસ્તુ મૉડ્યુલર હોય છે-મતલબ જેને જરૂરિયાત મુજબ જોડી કે અલગ કરી શકાય છે. આ કારણે જ અવકાશ મથકમાં વધુ અને નવા નવા વૈજ્ઞાનિક પ્રયોગો કરી શકાય છે. જે રીતે સુનિતા વિલિયમ્સ અને તેનાં સાથીદારોએ કર્યા હતા. અવકાશ યાત્રીઓ અવકાશ મથકમાં રહીને વૈજ્ઞાનિક, જૈવિક, ભૌતિક અને મેડિકલ ક્ષેત્રને લગતા તમામ પ્રયોગો કરે છે જેનો ઉપયોગ ભવિષ્યમાં અવકાશ પ્રવાસ અને માનવજીવનને સરળ બનાવવામાં કરાશે.

**હવામાં તરતા રહે છે અવકાશયાત્રીઓ**

હા, તમે બરાબર વાંચ્યું. અવકાશમથકમાં કોઈ ઊપર કે નીચે નથી હોતું. દરેક વસ્તુ શૂન્ય ગુરુત્વાકર્ષણ કે ઝીરો ગ્રેવિટીમાં હોય છે અને અવકાશયાત્રીઓ હવામાં તરતા તરતા જ એક મોડ્યુલથી બીજા મોડ્યુલમાં આવે-જાય છે. આ બધું સાંભળવામાં ભલે ગમે તેટલું રોમાંચક લાગે, પરંતુ હકીકતમાં તે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ પડકારરૂપ હોય છે. મહિનાઓ સુધી અવકાશમાં રહેવાને કારણે શરીર પર ગુરુત્વાકર્ષણના અભાવની અનેક પ્રકારની અસર પડે છે અને તેને કારણે શરીરનાં હાડકાં નબળાં પડી જાય છે. માનસિક રીતે પોતાની જાતને સ્થિર રાખવી એ પણ એક પ્રકારનો જંગ બની જાય છે.

**અવકાશ મથકમાંથી દેખાય છે અદ્ભુત દૃશ્ય**

અવકાશમથકના અમુક હિસ્સામાં મોટી મોટી બારીઓ પણ હોય છે જ્યાંથી અવકાશયાત્રીઓ પૃથ્વીને ફરતી જોઈ શકે છે. સૂરજ અહીં ૯૦ મિનિટમાં ઊગે છે અને અસ્ત પામે છે. એક જ દિવસમાં સૂરજને અનેકવાર ઊગતા અને અસ્ત પામતાં જોવો એ એક અવિશ્વસનીય અનુભવ હોય છે. અવકાશમથકમાં અનેક હેતુલક્ષી વૈજ્ઞાનિક પ્રયોગશાળા પણ બનાવવામાં આવી છે. આ વિશેષ પ્રયોગશાળા અંતરિક્ષની વિશેષ પરિસ્થિતિઓમાં પ્રયોગ કરવા બનાવવામાં આવેલી હોય છે.

આ પ્રયોગશાળામાં મેડિકલ, જૈવિક અને ભૌતિક બાબતો સંબંધિત સંશોધન કરે છે. અહીં વૃક્ષનો વિકાસ, માનવશરીર પર ગુરુત્વાકર્ષના અભાવની અસર અને નવી દવાઓ પર સંશોધન કરવામાં આવે છે.

**રહેવાના ઓરડાઓ**

અવકાશમથકમાં પ્રત્યેક અવકાશયાત્રી માટે એક નાની કૅપ્સ્યૂલ ઊંઘવા માટેનું સ્થાન હોય છે. અવકાશયાત્રીઓ અહીં સ્લિપિંગ બૅગમાં પોતાને બાંધીને ઊંઘે છે જેથી કરીને તેઓ હવામાં તરતા ન રહે. અહીં મનોરંજન માટે લેપટોપ, મ્યુઝિક પ્લેયર અને વીડિયો કૉલની સુવિધા પણ હોય છે.

અવકાશમથકમાં ડાયનિંગ એરિયા પણ હોય છે જેને ગૅલેલી મોડ્યુલ કહેવામાં આવે છે. ત્યાં વિશેષ રીતે પૅક કરેલા ફૂડ પાઉચ હોય છે જેને પાણી કે હિટિંગ સિસ્ટમની મદદથી ખાઈ શકાય છે. કોઈ પણ વસ્તુ પ્લેટમાં નથી રાખી શકાતી કેમ કે એમ કરતાં જ તે હવામાં તરવા લાગે છે અને એટલે જ અહીં કોફી પણ સ્પે. સિલબંધ કપમાં મળે છે.

**પ્રસાધન સુવિધા એટલે કે સ્પેસ ટૉયલેટ**

અહીં ટૉયલેટ જમીન પર નહીં, પરંતુ એક સક્શન સિસ્ટમથી કામ કરે છે જે વિષ્ટાને ખેંચીને અલગ રાખે છે. અહીં યાત્રીઓનાં પેશાબ અને પરસેવાને રિસાઈકલ કરીને પીવા યોગ્ય પાણી બનાવવામાં આવે છે.

**એક્સરસાઈઝ ઝોન**

અવકાશયાત્રીઓનાં હાડકાં અને માંસપેશીઓ નબળી ન પડે તે માટે તેઓ દરરોજ ટ્રેડમિલ કે સાઈકલ પર કસરત કરે છે. અહીં કસરત કરવી એટલે પણ જરૂરી છે કેમ કે ગુરુત્વાકર્ષણના અભાવમાં હાડકાં નબળાં પડી જાય છે ને પોતાને માનસિક રીતે સજ્જ રાખવાનું પડકારરૂપ બની જાય છે.

**સ્પેસ એરિયા**

અહીંની ટર્મિનોલોજીમાં આને ઍરલૉક કે ઈવા ઝોન કહે છે. આ હિસ્સો એ વિસ્તાર હોય છે જ્યાંથી અવકાશયાત્રી બહારનું સમારકામ કે સ્પેસવૉક કરવા માટે જાય છે. ઘણીવાર કોઈ સાયન્સ ફિક્શન જેવી ઘટનાઓ પણ બને છે જેમ કે હાથમાંથી કોઈ વસ્તુ છટકી જાય તો તે હવામાં તરતી તરતી અન્ય મૉડ્યુલની બીજીતરફ જઈને ફસાઈ જાય છે.

**સ્પેસ સ્ટેશનમાં ગુંજતો અવાજ**

અવકાશમથકમાં દરેક બાબત શૂન્ય ગુરુત્વાકર્ષણમાં થતી હોવાને કારણે અહીં અવાજ પણ જુદી રીતે સંભળાય છે. ઘણીવાર અવકાશયાત્રી બીજી તરફથી સહયાત્રીને બોલાવે છે, પરંતુ તેમને દીવાલોમાં અવાજ સંભળાય છે, પરંતુ આવી પરિસ્થિતિમાં પણ જીવવાની મજા માણી શકાય છે.

સ્પેસ સ્ટેશનમાં રહીને સુનિતા વિલિયમ્સે પોતાનો જન્મદિન પણ ઉજવ્યો હતો અને કેક હવામાં તરી રહી હતી ત્યારે તેને કાપી હતી.

**સામાન્ય લોકો પણ ક્યારેક અહીં જશે**

સ્પેસ ટૂરિઝમ જે ઝડપથી હકીકત બની રહ્યું છે તે જોતાં આવનારાં દિવસોમાં સામાન્ય માણસ પણ પૈસા ખર્ચીને થોડા દિવસ માટે અવકાશમથક પર રહેવા જઈ શકશે. પ્રશ્ન એ છે કે શું તમને જવા મળશે તો તમે જશો? ■

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ભગવાન બચાવે 'બુદ્ધિજીવીઓ'થી



દુનિયામાં ઘણા અલગ અલગ પ્રકારના સજીવ પ્રાણીઓ હોય છે. સ્તનપાન કરનારા સ્તનજીવી પ્રાણી કહેવાય, ઝેર પીનારા વિષજીવી, બિયર પીનારા બાટલીજીવી, કોફી પીનારા કોફીજીવી કહેવાય છે. એવી જ રીતે બુદ્ધિજીવીઓ પણ હોય છે.

શું એ લોકો બુદ્ધિ ખાઈને જીવે છે? ના, જેમ શ્રમજીવીઓ પોતાની મહેનત વેચીને જીવે છે એવી જ રીતે બુદ્ધિજીવીઓ પોતાની બુદ્ધિ વેચીને જીવે છે. શ્રમજીવીઓ સ્વીકારે છે કે એ પોતાની મહેનત વેચે છે, પણ બુદ્ધિજીવી વ્યક્તિ સ્વીકારશે નહીં કે એ પોતાની બુદ્ધિ વેચે છે.જો એ પોતાની બુદ્ધિ વેચી નાખશે તો એની પાસે રહેશે શું? બુદ્ધિજીવી માટે એની બુદ્ધિ એક કૂવો છે. એમાં ડોલ નાખીને એ વિચારોને બહાર કાઢે રાખે છે. પછી ડોલ ભરીને વિચારો વેચે છે. જો નહીં વેચાય તો એ પોતે પોતાના વિચારોથી નાહી લે છે. એનાથી સ્ફૂર્તિ આવે છે. પછી પાછો એ ડોલ કૂવામાં નાખે છે ને એમાંથી વિચારો બહાર કાઢે છે.

આમ એ જ કૂવો, એ જ ડોલ ને એના એ જ વિચારો હોય છે, પણ બુદ્ધિજીવી સ્વીકારશે નહીં કે વિચારો એના એ જ હોય છે. એ તો કહેશે : 'ના, ના, મારા વિચારો તો નવા જ છે, કારણ કે એણે એ વિચારોને વેચવાના છેને? જીવવા માટે આવું કરવું એ એની મજબૂરી છે.

જો કે બુદ્ધિજીવીના માથા પર શિંગડા કે શરીર પર સુરખાબ જેવી પાંખ ઊગેલી નથી હોતી.

બે પગ, બે હાથ, પેટ, છાતી, કામચલાઉ કાન, જોઈ શકે તેવી આંખો, કરડી શકે તેવા દાંત, ગૂંગળાવી શકાય એવું ગળું અને અન્ય જરૂરી ઇન્દ્રિયો પોતપોતાની જગ્યાએ છે. એ આપણાં જેવો જ હોય છે. એના પગમાં પણ ફોલ્લા પડે છે, ઘૂંટણથી પેટ તરફ વળાય છે, છાતીમાં બળતરા થાય છે... સામાન્ય માણસમાં હોય એવા બધા શારીરિક ગુણદુર્ગુણ એનામાં હોય છે, પણ હા, વધારે પડતી બુદ્ધિ હોવી બુદ્ધિજીવી બનવા માટે જરૂરી છે.

બહુ ગૂંચવાયેલું વ્યક્તિત્વ હોય છે બુદ્ધિજીવીનું. છાતી આત્મસન્માનની અદામાં, ભાષા ચતુર ચમચાઓની, આંખો વિચારક જેવી, હાસ્ય દોસ્તારનું પોતે ખૂબ જ હોંશિયાર, ચારે બાજુથી ચોક્કસ, ધ્યાન સતત મફત બોટલ અને નાસ્તા પર, જ્યાં ત્યાં જ્ઞાન છાટતો, વાતો દેશની પણ ચિંતા વાતે વાતે શેર- શાયરી- કહેવતો કહેનારો અને છોકરીને પસાર થતી જોઈને તરત ચોંકનારો શાણો, ઈત્યાદિ...

ગરીબ માણસને ખેંચીને પોલીસ સ્ટેશન લઈ જવાય ત્યારે બુદ્ધિજીવી અચાનક એ ગરીબ માટે અજાણ્યો બની જાય. સ્ત્રીને અધોગતિના રસ્તાઓમાં ખેંચી જવામાં આવી રહી હોય તો બુદ્ધિજીવી પીઠ ફેરવી લેશે. નિરાશ વૃદ્ધ માણસ ખાસતાં ખાસતાં છેલ્લા શ્વાસ લેતો હશે ત્યારે બુદ્ધિજીવી મિત્રો સાથે બેઠો હશે અને જનરેશન ગેપનું વિશ્લેષણ કરી રહ્યો હશે. બુદ્ધિજીવીનું બુદ્ધિજીવી હોવું એ જ સૌથી મોટી ઢાલ છે.

આવા બુદ્ધિજીવી વ્યક્તિ ખાસ કરીને જ્યારે સમૂહમાં હોય ત્યારે એકલા રહેવાનું પસંદ કરે છે, પણ એકલો હોય છે ત્યારે એ માણસોને શોધે છે. સમૂહમાં એને ભીડ ગમતી નથી. એકાંતમાં. એ એકલતાથી કંટાળી જાય છે એટલા માટે એ અહીંથી ત્યાં, ત્યાંથી અહીં આવ-જા કરી ફાંફાં મારે છે.

રાજ્યોની રાજધાનીમાં કે દેશની રાજધાની દિલ્લીમાં બુદ્ધિજીવીઓ ખૂબ જોવા મળે છે. એવા શહેરી બુદ્ધિજીવીની એક આંખ પુસ્તક કે મેગેઝિન પર અને બીજી કોઈ સરકારી સંસ્થા કે મકાન પર સતત ચોંટેલી હોય છે, જ્યાંથી એને બુદ્ધિજીવી હોવાના કારણે લાભ મળી શકે, જેમ કે- અકાદમી એવૉર્ડ, પરિષદો, રેડિયો, ટીવી, યુનિવર્સિટીઓ, પ્રકાશનગૃહો, દૂતાવાસો, કોલેજો, સેવાભાવી ટ્રસ્ટો અને સરકારના પૈસે સેમિનારોનું આયોજન કરતી સંસ્થાઓ, ઇનામઅકરામ કે અને સન્માન આપતી સંસ્થાઓ, વગેરેની આસપાસ માખીની જેમ ઊડે. એમાંથી જ બુદ્ધિજીવીનાં પુસ્તકો છપાતાં રહે ને કમાણી ચાલે.

મોટાભાગનાં બુદ્ધિજીવીઓ જ્ઞાન વિશે વાત કરે છે, ત્યારે એમાંથી લાભની ગંધ આવે છે. જ્યારે લાભ વિશે વાત કરે છે, ત્યારે એને કોઈ કાયદા કે નિયમમાં લપેટી લે છે ને મસ્ત શબ્દોથી શણગારે છે. રાજકારણ વિશે વાતો કરે છે, ત્યારે લાભ મેળવવાની ભાવિ યોજનાઓ કલ્પી લે છે.

આવો બુદ્ધિજીવી સતત સાહિત્ય અને સંસ્કૃતિની પીઠ પર સવારી કરતો દેખાશે. હક મેળવવા હડિયાપાટીમાં એનો દિવસ, ગર્વથી ભરેલી સાંજ અને નશામાં ડૂબેલી રાતનાં પ્રોગ્રમનું આયોજન કરવા માટે કલા ને પુસ્તકોને આશરે હોય.

આવા બુદ્ધિશાળી કયાં મળે ?

વેલ, એ તમારી આસપાસ પણ તમારાથી દૂર, તમને મૂર્ખ માનનારો એ આટલામાં જ હશે! ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| અનિલ | ઇચ્છા |
| આત્મજ | શિકાર |
| એષણા | પવન |
| આખેટ | સમય |
| અવસર | સંતાન |

## ઓળખાણ પડી?

વિજ્ઞાનને કેન્દ્રમાં રાખી બાંધવામાં આવેલું આ 'એટોમિયમ' યુરોપના કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી?



અ) ડેનમાર્ક બ) જર્મની ક) બેલ્જિયમ ડ) ઑસ્ટ્રિયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સા | ર | ૨ સં | ૩ ભા | ળ | ■ | ૪ ક | થા | ૫ સા | ૬ ર |
| ધ | ■ | ૭ વા | ર | ■ | ૮ આ | શા | ■ | ૯ ઠ | ગ |
| ૧૦ ના | ૧૧ ર | દ | ■ | ૧૨ નિ | શ્ચ | ય | ■ | ■ | સિ |
| ■ | સિ | ■ | ૧૩ નિ | વા | ર્ય | ■ | ૧૪ ધા | રી | યું |
| ૧૫ પ | ક | ૧૬ ડ | ■ | ૧૭ સ | કા | ૧૮ રાં | ત | ■ | ■ |
| રિ | ■ | ૧૯ ર | વિ | ■ | ૨૦ ર | ડી | ■ | ૨૧ રા | ૨૨ બ |
| ૨૩ સ્થિ | ૨૪ ર | તા | ■ | ■ | ૨૫ ક | રાં | ઠું | ■ | ળ |
| ૨૬ તિ | સ | ■ | ૨૭ સં | ત | ■ | ડ | ■ | ૨૮ ગા | ■ |
| ■ | ક્ષ | ■ | ચ | ■ | ૨૯ હૃ | ■ | ૩૦ પા | ર | ૩૧ દ |
| ૩૨ અ | તિ | શ | ય | ■ | ૩૩ સ્વ | પ્ન | સું | દ | રી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | | ૫ | |
| ૬ | | ■ | | ■ | ૭ | | ■ | | ■ |
| ૮ | | ૯ | ■ | ૧૦ | | | ૧૧ | ■ | ૧૨ |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | | |
| ૧૫ | ૧૬ | | ■ | ■ | ૧૭ | | | ■ | |
| ■ | ૧૮ | | ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ | ■ |
| ૨૨ | | ■ | | ■ | ■ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ૨૮ | ■ | |
| ૨૯ | ૩૦ | | ■ | ૩૧ | | | | ■ | |
| ૩૨ | | | | | | ■ | ૩૩ | | |

**આડી ચાવી**

૧. સત્તાવાર ઢંઢોરો, જાહેરાત (૫)
૪. વનમાં લાગેલી આગ (૪)
૬. --- જમીન ને જોરુ, એ કજિયાનાં છોરુ (૨)
૭. અમે, અમારું (૨)
૮. એક માપ (૩)
૧૦. જે નમે નહીં તે (૪)
૧૩. બીક, ભય (૨)
૧૪. ભીમની પ્રથમ પત્ની (૩)
૧૫. તંદુરસ્ત, જમાબંધીવાળી જમીન (૩)
૧૭. જોરાવર, ચાલાક (૩)
૧૮. સળગતું, બળ્યા કરતું, પીડાતું (૫)
૨૦. જોઇતું, યોગ્ય, પ્રમાણે (૨)
૨૨. 'ફરવું'નું આજ્ઞાર્થ (૨)
૨૪. બ્રાહ્મણ (૨)
૨૬. -- ઊભા થવા એટલે રોમાંચ થવો (૨)
૨૭. સમાપ્ત, ખતમ પૂરું (૩)
૨૯. એક ઓજાર (૩)
૩૧. નાનું, નાજુક વયનું (જો. છૂ.) (૪)
૩૨. અસ્તવ્યસ્ત, વેરણ છેરણ (૬)
૩૩. બિલ્ડર --- બાંધે (૩)

**ઊભી ચાવી**

૧. દેદીપ્યમાન, રૂઆબદાર (૫)
૨. આશ્ચર્ય, નવાઇ (૩)
૩. ધ્વનિ, અવાજ (૨)
૪. છેડો, પાલવ (હિ.) (૩)
૫. --- તે વહુના હાથમાં રૂમાલ (૨)
૭. અયોગ્ય (૫)
૯. ઝઘડો, કજિયો (૪)
૧૧. કમાન આકાર બાંધકામ (૪)
૧૨. મુસીબત, આફત (૩)
૧૬. લખેલું ભૂંસો (૩)
૧૯. શરીરનો આંતરિક અવયવ (૩)
૨૧. સૂર્ય (૨)
૨૨. ઠપકો, ડાંટ (૪)
૨૩. ખારવો (૩)
૨૫. રાજવહીવટ (૪)
૨૬. --- છે તો ખખડે ય ખરાં (૩)
૨૭. એક ગુજરાતી ફરસાણ (૩)
૨૮. પ્રિયા, માશુકા (૩)
૩૦. આંખ --- થવી એટલે ભીની થવી (૨)
૩૧. ઓછું, ખરાબ (૨)

## ગુજરાત મોરી મોરી રે

૧૯૫૦થી ૧૯૫૪ દરમિયાન સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ પર કોણ હતું એ આપેલા વિકલ્પમાંથી શોધી જણાવો.

અ) જીવરાજ મહેતા બ) રસિકલાલ પરીખ
ક) મોરારજી દેસાઈ ડ) ઉચ્છંગરાય ઢેબર

## જાણવા જેવું

ભારતનાં પ્રાચીન શહેરોમાંનું એક અજમેર રાજસ્થાનમાં આવેલું છે. આ શહેરને રાજસ્થાનના 'હૃદય' તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટિશ શાસન દરમિયાન તારાગઢના કિલ્લાનો ઉપયોગ શસ્ત્રાગાર તરીકે થયો હતો. અહીંનું ચામુંડા માતાનું મંદિર પણ દર્શનીય છે. ભારતની ૧૦૮ શક્તિપીઠમાં તેનો સમાવેશ થાય છે.

## સુડોકુ-૮૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | | ૬ | | ૧ | | ૯ | ૫ |
| | | ૬ | ૪ | | ૯ | ૨ | | |
| | ૧ | | | | | | ૩ | |
| ૧ | | | | ૫ | | | | ૯ |
| | | | ૧ | | ૭ | | | |
| ૬ | | | | ૪ | | | | ૨ |
| | ૪ | | | | | | ૨ | |
| | | ૭ | ૩ | | ૮ | ૯ | | |
| ૩ | ૬ | | ૭ | | ૪ | | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ |
| ૪ | ૮ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૯ | ૮ | ૧ | ૭ | ૪ |
| ૯ | ૨ | ૬ | ૭ | ૧ | ૪ | ૩ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૬ | ૭ | ૪ | ૨ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ | ૨ | ૯ |
| ૧ | ૯ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ | ૩ | ૭ |

## ચતુર આપો જવાબ

આપણા દેશમાં રેલવે લાઈન વિશાળ છે. આજની તારીખમાં કયા રાજ્યમાં રેલવે લાઈન છે જ નહીં એ જણાવી શકશો?

અ) મણિપુર
બ) સિક્કિમ
ક) નાગાલૅન્ડ
ડ) કેરળ

## માથું ખંજવાળો

## નોંધી રાખો

આનંદ એવી વસ્તુ છે જે તમારી પાસે રાખવા કરતાં બીજાને આપો તો એ વધી જાય અને વધુ આનંદ આપે.

## માઈન્ડ ગેમ

૬૦૦ના ૪૦% રકમને બમણી કરી એમાંથી મૂળ રકમના ૧૦ ટકા ઉમેરવાથી કઈ સંખ્યા મળે એ ગણતરી કરી જણાવો.

અ) ૩૭૫ બ) ૪૨૦
ક) ૫૦૦ ડ) ૫૪૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| આદત | લત |
| આવરદા | ઉંમર |
| આવાસ | ઘર |
| આંગડ | જરજોખમ |
| અનલ | આગ |

ગુજરાત મોરી મોરી રે
એચ એમ પટેલ

ઓળખાણ પડી
ગોળ ગુંબજ

માઈન્ડ ગેમ
૨૦૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ગ્લુકોમા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી પ્રકાશ કટકિયા (૨) પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) વિભા મહેશ્વરી (૮) ખુશરૂ કાપડિયા (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) ભારતી બુચ (૧૪) મહેશ દોશી (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) મીનળ કાપડિયા (૨૨) નુતન વિપીન (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) ભાવના કર્વે (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) રમેશ દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) હિના દલાલ (૩૩) કલ્પના આશર (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નિતિન બજરિયા (૩૬) અંજુ ટોલિયા (૩૭) જગદીશ ઠક્કર (૩૮) નંદકિશોર સંજાણવાળા (૩૯) મહેશ સંઘવી (૪૦) અરવિંદ કામદાર (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) મહેશ દોશી (૪૩) અલકા વાણી (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૯) જયવંત પદમશી ચિખલ (૫૦) શિલ્પા શ્રોફ

# ટેરિફની ચિંતા વચ્ચે નબળા પડેલા વિશ્વબજાર પાછળ સ્થાનિક શૅરબજારની પીછેહઠ, નિફ્ટીએ જોકે ૨૩,૫૦૦ની સપાટી ટકાવી રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ પ્રેસિડેન્ટ બીજી એપ્રિલે શું કરશે એ અંગેની અનિશ્ચિતતા અને ઓટો ઇમ્પોર્ટ પર લાદેલી ૨૫ ટકા ટેરિફને કારણે કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે વિશ્વબજારમાં આવેલી નબળાઇ પાછળ સપ્તાહના અંતિમ સત્રમાં ભારે લેણ અને વેચાણના ઉપરાછાપરી ખેલ વચ્ચે અંતે બંને બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમાં ગબડી પડ્યા હતા.

સત્ર દરમિયાન ૪૨૦.૮૧ પોઇન્ટ અથવા તો ૦.૫૪ ટકાના કડાકા સાથે ૭૭,૧૮૫.૬૨ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે સેન્સેક્સ ૧૯૧.૫૧ પોંઈટ અથવા તો ૦.૨૫ ટકાના ઘટાડા સાથે ૭૭,૪૧૪.૯૨ પોંઈનટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી બેન્ચમાર્ક ૭૨.૬૦ પોઇન્ટ અથવા તો ૦.૩૧ ટકાના ઘટાડા સાથે ૨૩,૫૧૯.૩૫ની સપાટીએ બધ થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ઇન્ડસઇન્ડ બેન્ક ૩.૫૦ ટકાના કડાકા સાથે ટોપ લુઝર બન્યો હતો. આ પછી બે ટકાના કડાકા સાથે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો ક્રમ હતો. અન્ય ટોચના ઘટનારા શેરોમાં એચસીએલ ટેક, મારુતિ, ઇન્ફોસિસ, ઝોમેટો, પાવનરગ્રીડ, અદાણી પોર્ટ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો. ટોપ ગેઇનર્સ શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, હિંદુસ્તાન યુનિલીવર, આઇસીઆઇસીઆઇ બેન્ક, ટાટા મોટર્સ, નેસ્લે અને ભારતી એરટેલનો સમાવેશ હતો.

જોકે, વિદેશી ફંડોની લેવાલી ચાલુ રહી હતી. એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ. ૧૧,૧૧૧.૨૫ કરોડની લેવાલી સાથે એકધારા છ સત્રમાં ૩૨,૦૦૦ કરોડથી વધુની લેવાલી નોંધાવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સેન્સેક્સમાં ૩૭૬૩.૫૭ પોઇન્ટ અથવા તો ૫.૧૦ ટકાનો અને નિફ્ટીમાં ૧૧૯૨.૪૫ પોઇન્ટ અથવા તો ૫.૩૪ ટકાનો ઉછાળો નોંધાયો છે.

સેબીએ નવું કન્સ્લટેશન પેપર બહાર પાડ્યુ હોવાથી એનએસઇએ તમામ ઇન્ડેક્સ અને સ્ટોક્સ ડેરિવેડિવ્ઝની એક્સપાઇરીનો દિવસ ગુરુવારને બદલે સોમવાર કરવાનો પોતાનો નિર્ણય સેબીની નવી સૂચના સુધી મુલતવી રાખ્યો છે. ઓએનજીસી એનટીપીસી ગ્રીન પ્રાઇવેટ લિમિટેડે રૂ. ૬૨૪૮.૫૦ કરોડમાં આયના રિન્યુએબલ પાવરનો ૧૦૦ ટકા હિસ્સો હસ્તગત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. જાહેર ક્ષેત્રની કંપની ઇરેડાએ સ્ટેટ બેન્કની ટોકિયો બ્રાન્ચ પાસેથી ૧૦ અબજ જાપાનીઝ યેનના ગ્રીન શૂ ઓપ્શન સહિત ૨૬ અબજ જાપાનીઝ યેનની એક્સટર્નલ કમર્શિઅલ બોરોઇંગ ફેસિલિટી હાંસલ કરી લીધી છે.

જાહેર ક્ષેત્રની બીઇએમએલને બેંગલોર મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ પાસેથી રૂ. ૪૦૫ કરોડનો કોન્ટ્રેક્ટ મળ્યો છે. અશોક લેલેન્ડને સંરક્ષણ દળો પાસેથી રૂ. ૭૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. જાહેર ક્ષેત્રની ભેલ કંપનીને છત્તીસગઢ સ્ટેટ પાવર જેનરેશન કંપની લિમિટેડ (જેનકો) તરફથી રૂ. ૧૧,૮૦૦ કરોડના ઓર્ડર માટે ઇરાદાપત્ર મળ્યો છે. ઝેન ચેકનોલોજીને ડિફેન્સ મિનિસ્ટ્રી પાસેથી રૂ. ૧૫૨ કરોડનો ઓર્ડર મળ્યો છે.

ટ્રમ્પે આયાતી કાર પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કર્યા પછી ઓટોમોબાઇલ શેરોમાં વેચવાલી વધી હતી, જોકે અમુક નિષ્ણાતો માને છે કે આ ટેરિફની ભારતીય ઓટો કંપનીઓ પર ઝાઝી અસર થવાની શક્યતા નથી. નિફ્ટી ઇન્ડેક્સના ઘટકોમાં ફેરફાર થયો છે. ઝોમેટો અને જીઓ ફાઇનાન્શિયલ ઇન્ડેક્સમાં ઉમેરાયા છે, જ્યારે બીપીસીએલ, બ્રિટાનિયાની બેન્ચમાર્કમાંથી બાકાતી થઇ છે. આ ફેરફાર સાથે ૮૨૨ મિલિયન ડોલરનો ઇનફ્લો જોવા મળશે, એવું નિષ્ણાતો જણાવે છે.

બેન્ચમાર્કના પ્રવેશના પહેલા દિવસે શુક્રવારે જીઓના શેરમાં ૦.૬ ટકાના મામૂલી સુધારા સાથે ૨૨૭.૦૩ની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે ઝોમેટો ૨.૫૦ ટકાના કડાકા સાથે રૂ. ૨૦૧.૨૦ની સપાટીએ ગબડ્યો હતો. આ તરફ બેન્ચમાર્કમાંથી બહાર થયેલો બીપીસીએલ પ્રારંભિક સુત્રનો સુધારો ગમાવ્યા બાદ ૦.૮૦ ટકાના વધારા સાથે રૂ. ૨૭૮.૩૫ની સપાટીએ સ્થિર થયો હતો, જ્યારે બ્રિટાનિયા ૨.૩૦ ટકાના વધારા સાથે રૂ. ૪૯૫૦ની સપાટીએ સ્થિર થયો હતો.



ઝોમેટો અને જીઓ ફાઇનાન્શિયલનો નિફ્ટી-૫૦ બેન્ચમાર્કમાં ઉમેરો થવા સાથે તેમાં અનુક્રમે ૫૪૪ મિલિયન ડોલરનો અને ૨૭૮ મિલિયન ડોલરનો પેસીવ ઇન્ફ્લો ઠલવાતો જોવા મળશે. જ્યારે બીપીસીએલ અને બ્રિટાનિયાની બેન્ચમાર્કમાંથી બાકાતીને કારણે અનુક્રમે ૨૦૪ મિલિયન ડોલરનો અને ૨૧૫ મિલિયન ડોલરનો અંદાજિત આઉટફ્લો નોંધાશે.

એ જ સાથે ઇન્ડિયન હોટેલ્સ, બજાજ હાઉસિંગ, સ્વિગી નિફ્ટી ૧૦૦ અને નેક્સ્ટ ૫૦ ઇન્ડેક્સમાં ઉમોરાયા છે, જ્યારે ભેલ, આઈઆરસીટીસી, અદાણી ટોટલ ગેસ ઉપરોક્ત ઉપરોક્ત ઇન્ડેક્સમાંથી પડતા મૂકાયા છે. આ ફેરફારો આજે ૨૮ માર્ચ, ૨૦૨૫ના રોજથી અમલી બન્યા છે અને તે મુખ્ય ઇન્ડેક્સ ફંડ-આધારિત ટ્રેડને ટ્રિગર કરશે.

દરમિયાન ટોચના ગ્લોબલ ચાર્ટિસ્ટે જણાવ્યું હતું કે નિફ્ટી ૨૬,૦૦૦ના આંકને પાર કરી શકે છે. તે માને છે કે બજારો માટેનો સૌથી ખરાબ તબક્કો પૂરો થઈ ગયો છે અને ભારતને ઊભરતાં બજારો માટે ચાવીરૂપ ચાલક તરીકે ચાલુ રહે છે. તેમના મતે ખાનગી બેંકો અને મોટી નોન બેંકિંગ ફાઇનાન્શિયલ કંપનીઓ માર્કેટ રેલીના આગલા તબક્કામાં નેતૃત્વ કરે તેવી શક્યતા છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર શેરો પણ સંભવિત સુધારાના કેટલાક સંકેતો દર્શાવે છે, જોકે સેક્ટરમાં મજબૂત વલણની પુષ્ટિ કરતા પહેલા વધુ પુરાવાની જરૂર છે.

સપ્તાહના છેલ્લા દિવસે ભારે અફડાતફડી બાદ બેન્ચમાર્ક નેગેટીવ ઝોનમં સરકી ગયો હતો. સત્ર દરમિયાન, આઈટી, રિયલ્ટી અને ટેક ઇન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો, એફએમસીજી, બેન્કેક્સ અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ વધ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૭,૬૦૬.૪૩ના બંધ સામે શુક્રવારે ૧૯૧.૫૧ પોઈન્ટ્સ (૦.૨૫ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૭,૬૯૦.૬૯ ખૂલીને ઊંચામાં ૭૭,૭૬૬.૭૦ સુધી અને નીચામાં ૭૭,૧૮૫.૬૨ સુધી જઈને અંતે ૭૭,૪૧૪.૯૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૯ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૧૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૪૯૭ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૯૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૨૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૩૫ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૨૨ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ એફએમસીજી ૦.૬૭ ટકા, બેન્કેક્સ ૦.૩૬ ટકા, અને ઓઈલ એન્ડ ગેસ ૦.૩૨ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૮૭ ટકા, આઈટી ૧.૭૭ ટકા, રિયલ્ટી ૧.૪૪ ટકા, ટેક ૧.૩૯ ટકા, યુટિલિટીઝ ૧.૦૮ ટકા, ઓટો ૧.૦૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧ ટકા, પાવર ૦.૯૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન અને સર્વિસીસ ૦.૭૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૨ ટકા, મેટલ ૦.૪૩ ટકા, કોમોડિટીઝ ૦.૩૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૬ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૧૫ ટકા અને હેલ્થકેર ૦.૧૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં કોટક બેન્ક ૧.૮૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૦૧ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૭ ટકા, તાતા મોટર્સ ૦.૮૨ ટકા, નેસ્લે ૦.૭૫ ટકા, ભારતી એરટેલ ૦.૪૪ ટકા એક્સિસ બેન્ક ૦.૩૧ ટકા, એચડીએફસી બેન્ક ૦.૧૮ ટકા આઈટીસી ૦.૧૦ ટકા, સન ફાર્મા ૦.૦૬ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૦૩ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૫૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૪૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૨.૨૦ ટકા, મારુતિ ૨.૧૦ ટકા, ઈન્ફોસિસ ૨.૦૭ ટકા, ઝોમેટો ૨.૦૭ ટકા, પાવર ગ્રીડ ૩.૫૭ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૩ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૨૯ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૦ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૮૪.૭૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૭૨ સોદામાં ૧,૧૮૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૮,૧૨,૯૨૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૮૮,૭૩,૧૭૫.૨૯ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો ૨૫ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧,૧૧૧.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૯ પૈસા ઊછળીને ૮૫.૪૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

તેમ જ વર્તમાન માર્ચ મહિનામાં ડૉલર સામે રૂપિયામાં નવેમ્બર, ૨૦૧૮માં જોવા મળેલા પાંચ ટકા પછીનો સૌથી મોટો ૨.૧૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત બીજી એપ્રિલ, ૨૦૨૪ની ૮૩.૪૨ની સપાટીને ધ્યાનમાં લેતા વર્ષ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં બે ટકા જેટલું ધોવાણ થઈ ગયું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વિદેશી રોકાણકારોએ ગઈકાલ સુધીનાં છ સત્રમાં ઈક્વિટીમાં રૂ. ૩૨,૦૦૦ કરોડથી વધુ માત્રામાં રોકાણ કર્યું હોવાથી સ્થાનિક બજાર વધુ તૂટતી અટકી છે અને ડૉલર સામે રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૬૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૦ અને ઉપરમાં ૮૫.૪૦ની રેન્જમાં અથડાઈને અંતે ૮૫.૪૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

તાજેતરમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં લેવાલીને ટેકે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેશે તેમ છતાં માસાન્તને કારણે તેલ માર્કેટિંગ કંપનીઓની ડૉલરમાં લેવાલી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો રૂપિયાના સુધારાને મર્યાદિત રાખી શકે છે અને અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ૮૫.૧૫થી ૮૫.૭૦ની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા વધીને ૧૦૪.૪૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા વધીને બેરલદીઠ ૭૪.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૯૧.૫૧ પૉઈન્ટનો અને ૭૨.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવા છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૧,૧૧૧.૨૫ કરોડની ચોખ્ખી લેવાલીને ટેકે રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફ નીતિને કારણે ટ્રેડ વૉરની ભીતિ સપાટીએઃ વૈશ્વિક સોનું નવી ટોચે

## સ્થાનિકમાં ચાંદીએ ફરી ₹ એક લાખની સપાટી કુદાવી, શુદ્ધ સોનું ₹ ૭૪૭ ઝળકીને ₹ ૮૯,૦૦૦ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફની નીતિને કારણે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના-ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગ ખૂલતાં એક તબક્કે સોનાના ભાવ વધીને ૩૦૮૬.૨૧ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ સાધારણ નીચે આવ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ઊંચી સપાટીએ ટકેલા રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૪થી ૭૪૭નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯,૦૦૦ની સપાટી કુદાવી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૫ પૈસા મજબૂત રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીમાં પણ ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૭ની તેજી સાથે રૂ. એક લાખની સપાટી કુદાવી ગયા હતા. બજારના સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક



વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૭ના ઉછાળા સાથે ફરી રૂ. એક લાખની સપાટી વટાવીને રૂ. ૧,૦૦,૮૯૨ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૪૪ વધીને રૂ. ૮૮,૮૦૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૪૭ વધીને રૂ. ૮૯,૧૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતા. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની આગામી બીજી એપ્રિલથી અમલી થનારી રેસિપ્રોકલ ટેરિફની નીતિને કારણે વૈશ્વિક બજારમાં ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સલામતી માટેની માગને ટેકે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૦૮૬.૨૧ ડૉલર સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ૩૦૭૫.૭૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બે ટકાનો ઉછાળો આવ્યો છે. તેમ જ વાયદામાં પણ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકો વધીને ઔંસદીઠ ૩૦૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલની ઊંચી ઔંસદીઠ ૩૪.૪૩ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા.

અમેરિકાની વેપાર નીતિ અને તેની નાણાનીતિ પર પડનારી સંભવિત અસરો તથા રાજકીય-ભૌગોલિક તણાવ જેવા કારણોસર સોનામાં સલામતી માટેની માગને ટેકે તેજીનો પવન ફૂંકાયો હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં સોનામાં ઔંસદીઠ ૩૧૦૦ ડૉલરની સપાટી નવો માઈલ સ્ટોન પુરવાર થશે.

તાજેતરમાં ટેરિફની અનિશ્ચિતતા, ઓછા રેટ કટની શક્યતા, રાજકીય-ભૌગોલિક વિવાદો અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીએ સોનામાં તેજીનું ઈંધણ પૂરતા ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા છે. હજુ ટેરિફના અમલ પશ્ચાત્ બીજા દેશો કેવાં પગલાં લેશે તેના પર બજાર મીટ માંડીને બેઠુ હોવાનું મારેકસનાં વિશ્લેષક એડવર્ડ મેઈરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે બીએમઆઈના વિશ્લેષકે પણ અમેરિકી ટેરિફની અનિશ્ચિતતા, વેપારી તણાવ, રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસ વચ્ચેના લશ્કરી વિવાદો, ફુગાવામાં વધારા અને બૃહદ આર્થિક અનિશ્ચિતતા જેવા પરિબળોને ધ્યાનમાં લેતા સોનામાં તેજીનું વલણ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી. જાકે, આજે બજાર વર્તુળોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખાંડમાં ₹ ૬થી ૨૪નો સુધારો

### એપ્રિલના મુક્ત વેચાણ માટે ૨૩.૫૦ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

નવી મુંબઈઃ ગઈકાલે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦ના સુધારા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦થી ૨૪નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા. દરમિયાન ગઈકાલે ખાદ્યાન્ન અને જાહેર વિતરણ વિભાગે આગામી એપ્રિલ મહિનાના મુક્ત વેચાણ માટે ૨૩.૫૦ લાખ ટન ખાંડ છૂટી કરવાની સાથે આગામી ૧૦મી એપ્રિલ સુધી માર્ચ મહિનાના વણવેચાયેલા ક્વૉટાનું એક્સ્ટેન્શન આપ્યું હોવાના અહેવાલ હતા. ગત સાલ એપ્રિલ મહિનામાં ચૂંટણીનો સમયગાળો હોવાથી સરકારે મુક્ત વેચાણ માટે ૨૫ લાખ ટન ખાંડ છૂટી કરી હતી તેની સામે એપ્રિલ, ૨૦૨૫ માટે છૂટો કરવામાં આવેલો ક્વૉટા પર્યાપ્ત હોવાનું જણાવતા ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશનના અધ્યક્ષ પ્રફુલ્લભાઈ વિઠ્ઠલાણીએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન માર્ચ મહિનો નાણાકીય વર્ષાન્તનો આખર મહિનો હોવાથી વેપાર-ઉદ્યોગ નાણાભીડનો સામનો કરી રહ્યો છે. તેમ જ ઘણી ટ્રકો નિકાસ માટે વિકેન્દ્રિત થઈ હોવાથી પરિવહનની સમસ્યાનો સામનો કરી રહ્યો હોવાથી અમે સરકારને એકથી ૧.૫૦ લાખ ટનનો વણવેચાયેલો ક્વૉટા એપ્રિલમાં છૂટો કરવા માટે એક્સ્ટેન્શનની માગણી કરી હતી જે સરકારે માન્ય રાખી છે તે આવકાર્ય બાબત હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજે હાજરમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ વધીને રૂ. ૩૯૬૬થી ૪૦૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી રૂ. છ વધીને રૂ. ૪૦૧૨થી ૪૧૨૨માં થયા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ ઉપરાંત મથકો પર ભાવ વધી આવતા વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે સ્મોલ ગ્રેડની ખાંડના રૂ. ૩૮૭૦થી ૩૯૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં થયાના અહેવાલ હતા.

## ટીન અને નિકલમાં ઉછાળો, અન્ય તમામ ધાતુઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી બીજી એપ્રિલથી અમેરિકાના રેસિપ્રોકલ ટેક્સના અમલની ભીતિ હેઠળ આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં માત્ર ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૬ અને રૂ. બાવીસના વધારાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૬ વધીને રૂ. ૩૧૫૦ અને રૂ. બાવીસ વધીને રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા ડીલરો પણ નવી લેવાલીથી દૂર રહેતાં તમામ ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૯૦૧, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને અનુક્રમે રૂ. ૮૫૬થી ૮૪૭, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૭૭૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ, સાત ઘટીને રૂ. ૮૩૮, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૬૦૦, રૂ. ૫૫૫ અને રૂ. ૨૭૩, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૫૪, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૦૨ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા.

## વિશ્વ બજાર પાછળ ખાદ્યતેલમાં ઉછાળા વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૬૩ સેન્ટની તેજી આવી હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૦૮ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી-આયાતી તેલના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૩૦, સરસવ અને સન રિફાઈન્ડમાં રૂ. ૨૦, સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. જોકે, હાલમાં વર્તમાન નાણાકીય વર્ષના આખર દિવસો ચાલી રહ્યા હોવાથી તેમ જ આજે વધ્યા મથાળેથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન, સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૪૫, રૂ. ૧૨૭૫ અને રૂ. ૧૪૦૦ અને અદાણીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૪૦ અને રૂ. ૧૩૯૦ તથા રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને અલાના તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામલિનના રૂ. ૧૩૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટ શહેર મહિલા કૉંગ્રેસના કાર્યકરો દ્વારા ૩૩ ટકા મહિલા અનામત બિલનો અમલ તાત્કાલીક ધોરણે કરવામાં આવે તથા રાજ્યમાં કથળી રહેલી મહિલા સુરક્ષા, બળાત્કાર, અત્યાચાર વગેરે બાબતે કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. (તસવીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# માંડવીના લાયજાના પેટ્રોલ પંપના ૭૧.૯૩ લાખની ઠગાઈના ગુનામાં મેનેજર ઉપરાંત ફરિયાદીનો સાળો પણ સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના માંડવી તાલુકાના મોટા લાયજા ગામ મધ્યે આવેલા પેટ્રોલ પંપના ૭૧.૯૩ લાખ રોકડા તથા ૧ કરોડની રૂપિયાની ક્રેડિટ ગબન કરવાના બનેલા ચકચારી ગુનામાં કચ્છ બહારથી પકડાયેલા પંપના મેનેજર સાથે આ પંપનું સંચાલન કરતાં ફરિયાદીના સાળાની પણ સંડોવણી પોલીસ તપાસમાં સ્પષ્ટ થઈ હતી.

વધુ રીમાન્ડની માગણી સાથે માંડવી પોલીસે બંને આરોપીને નામદાર અદાલત સમક્ષ રજૂ કર્યા પરંતુ અદાલતે રીમાન્ડ નામંજૂર કરી, તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા. નખત્રાણાના મણિનગરમાં રહેતા મૂળ અબડાસાના વિંઝાણ ગામના વતની ૪૯ વર્ષિય મનહરસિંહ વનરાજસિંહ જાડેજાએ ગત ૧૩મી માર્ચે માંડવી પોલીસ મથકે લાયજા નજીક ભાગીદારમાં ચાલતાં પેટ્રોલ પંપ પર કામ કરતાં મેનેજર મહમદ હબીબ આમદ ચૌહાણ સામે છેતરપિંડી સબબની ફરિયાદ નોંધાવી હતી. ૧૦ માર્ચથી હબીબ ભેદી સંજોગોમાં લાપત્તા થઈ જતાં તેના પિતાએ માંડવી પોલીસ મથકે પુત્ર ગૂમ હોવાની નોંધ દાખલ કરી હતી.

શક પડતાં ફરિયાદીએ પેટ્રોલ પંપના હિસાબો તપાસતાં હબીબે ૧ કરોડની ક્રેડિટ બારોબાર વાપરી હોવા ઉપરાંત ૭૧.૯૩ લાખ રોકડાં રૂપિયા હજમ કર્યા હોવાનું સ્પષ્ટ થતાં મનહરસિંહે હબીબ સામે ફરિયાદ નોંધાવી હતી.

હબીબ મુંબઈ હોવાનો ઇનપુટ મળતાં સ્થાનિક ગુન્હાશોધક શાખા તેને મુંબઈથી દબોચી, ભુજ પરત લાવ્યા બાદ તેને માંડવી પોલીસ મથકે સુપ્રત કરી દીધો હતો. રિમાન્ડ દરમ્યાન હબીબની પૂછપરછમાં તેણે પોતાને મહોરો બનાવાઈ રહ્યો હોવાનું જણાવીને બધા રૂપિયા ફરિયાદી મનહરસિંહનો સાળો અશ્વિનસિંહ લગધીરસિંહ ગોહિલ (રહે. મૂળ ભાવનગર, હાલ રહે. મોટા લાયજા) ગબન કરી ગયો હોવાનો ઘટસ્ફોટ કરતાં પોલીસે ગહન તપાસ કરીને અશ્વિનની પણ ધરપકડ કરી હતી. ■

# ભુજ-રાજકોટ-ભુજ સ્પેશિયલ ટ્રેનને જામનગર સુધી લંબાવવા રેલવેના મુખ્ય વિભાગીય નિયામક સમક્ષ રજૂઆત કરાઈ

ભુજ: બે દાયકાના લાંબા સમયગાળા બાદ માત્ર ત્રણ માસ પૂરતી પ્રાયોગિક ધોરણે શરૂ થયેલી ભુજ-રાજકોટ-ભુજ સ્પેશિયલ ટ્રેનને જામનગર સુધી લંબાવવા માટે કચ્છ કોંગ્રેસના પૂર્વ પ્રધાન ડો. દિનેશ પરમારે રેલવેના મુખ્ય વિભાગીય નિયામક સમક્ષ રજૂઆત કરી હતી. ડૉ. પરમારે રજૂઆતમાં જણાવ્યું હતું કે, આ ખાસ ટ્રેનને જામનગર સુધી લંબાવવાના કારણે વધુ પ્રવાસીઓ સાથે વેપારીઓને પણ ઉત્તમ સવલતો મળી શકશે. આ વિસ્તરણ કચ્છ અને સૌરાષ્ટ્રના વધુ વિસ્તારોને સીધા જોડીને પરિવહન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૨૧ માર્ચ શુક્રવારથી ભુજ રાજકોટ વચ્ચે દૈનિક ટ્રેન સેવાનો પ્રારંભ થયો છે. પ્રવાસીઓની નારાજગી બાદ અંજાર અને આદિપુરને પણ સ્ટોપેજમાં સમાવી લેવાયાં છે. ખાસ કરીને, અન્ય ખાનગી વાહનોના ભાડાંની તુલનાએ ટ્રેનનું ભાડું કિફાયતી છે. જો આ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ટ્રેનને સારો પ્રતિસાદ મળશે તો પશ્ચિમ રેલવે આ સેવાને કાયમી ધોરણે ચાલું રાખવા અંગે પણ વિચારશે તેવું જાણવા મળી રહ્યું છે. ■

# પાંચ માસ અગાઉ થયેલી હિંસક જૂથ અથડામણના ચર્ચાસ્પદ પ્રકરણમાં માધાપર પોલીસે મહિલા સરપંચ વિરુદ્ધ પગલાં ન લેતાં ફરિયાદી જૂથનો ચક્કાજામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજના માધાપર ગામના પોલીસ મથકમાં મહેશ્વરી સમાજના બે જૂથ વચ્ચે ગત ૨૦મી ઓક્ટોબર, ૨૦૨૪ની મોડી રાત્રે થયેલાં ઘર્ષણ બાદ મહિલા સરપંચ સામે નોંધાયેલી ફરિયાદ અન્વયે પોલીસ રાજકીય દબાણથી ધરપકડ ના કરતી હોવાના મુદ્દે આજે એક જૂથે ચક્કાજામ કરી પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં પોલીસ બેડામાં દોધામ મચી ગઈ હતી.

ગત ઓક્ટોબર માસમાં માધાપર જૂના વાસ ગ્રામ પંચાયતની મહિલા સદસ્ય રીના જોશી અને તેણીના પતિ મયૂર જોશી સામે એટ્રોસીટી તળે ફરિયાદ નોંધાવવાના વિરોધ અને સમર્થનમાં સરપંચના પરિવાર અને સામેના જૂથ વચ્ચેના મતભેદમાં હિંસક અથડામણ થઇ હતી. આ અંગે ફરિયાદ નોંધાવવા પહોંચેલા બંને જૂથના ટોળાં વચ્ચે પોલીસ મથકના પ્રાંગણમાં જ ધોકા, પાઈપ, કુહાડી વડે ઘર્ષણ થતાં બંને જૂથે પાંચ અજાણ્યા શખ્સો સહિત ૧૩ લોકો વિરુદ્ધ સામસામી ફરિયાદો નોંધાવી હતી.

રીનાબેનના સમર્થનમાં સમાજ સંગઠનના પૂર્વ હોદ્દેદારો તથા સરપંચ ગંગાબેન નારાણ મહેશ્વરી અને તેમના પુત્ર નીતિન સહિતના પરિવારજનો, સમર્થકો અને વિરોધી જૂથ વચ્ચે પણ હાથાપાઈ થઇ હતી. ઓક્ટોબરમાં ગુનો દાખલ થયાને પાંચ મહિના વીત્યાં બાદ પણ પોલીસે આજ દિન સુધી ગંગાબેનની અટક કે ધરપકડ ના કરતાં ગત ગુરુવારની રાત્રે વીફરેલાં જૂથે માધાપર પોલીસ મથકના સર્કલ પર જ સૂત્રોચ્ચાર કરવા સાથે ટ્રાફિકથી સતત ધમધમતા માર્ગ પર અડિંગો જમાવી, ચક્કાજામ કરી દેતાં ભુજથી પૂર્વ કચ્છ તરફ જતો ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે ભુજથી અન્ય પોલીસ મથકો અને બ્રાન્ચોના સ્ટાફને બોલાવવો પડ્યો હતો. પોલીસે ટોળાંની સમજાવટ કરીને માંડ માંડ વાહન વ્યવહારને પૂર્વવત્ કરાવ્યો હતો. ■

# રાપરમાં અસામાજિક શખ્સોના બિનઅધિકૃત શોપિંગ કોમ્પ્લેક્ષ પર પોલીસનું બુલડોઝર ફરી વળ્યું

ભુજ: કચ્છના રાપર વિસ્તારના રાજકીય અગ્રણી સહિત ચાર શખ્સના ગેરકાયેદેસર ચણી દેવાયેલા શોપિંગ કોમ્પ્લેક્સને સ્થાનિક પોલીસે અન્ય સરકારી તંત્રો સાથે મળીને તોડાવી નાખ્યો હતો.




(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

રાપરના પાવરહાઉસ વિસ્તારમાં રહેનાર રામજી રૂપા પીરાણા, રાજુ રામજી પીરાણા, દિનેશ રામજી પીરાણા તથા પ્રભુ રામજી પીરાણા સામે રાપર પોલીસ મથકે શરીર સંબંધી, મારામારીના તેમજ એટ્રોસીટી સહિતના ગુના નોંધાયેલા છે. રાપર નગાસર તળાવની સામે એચ.પી. પેટ્રોલપંપની બાજુમાં આ શખ્સોએ કાયદાની બીક વગર બિનઅધિકૃત રીતે કરેલું બાંધકામ ૧૦૦ કલાકમાં અસામાજિક તત્ત્વોની તૈયાર કરેલી યાદીમાં ધ્યાને ચડ્યું હતું.

આ દરમ્યાન, બિનઅધિકૃત રીતે ઊભું કરાયેલું પાંચ દુકાનનું આલીશાન શોપિંગ કોમ્પ્લેક્સ સ્થાનિક મામલતદાર, પાલિકાના મુખ્ય અધિકારી સહિતની ટુકડી સાથે પહોંચેલી રાપર પોલીસ દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. પૂર્વ કચ્છમાં પોલીસે અસામાજિક તત્ત્વો વિરુદ્ધની ઝુંબેશ જારી રાખી છે જે આગામી સમયમાં અન્યોના પણ બિનઅધિકૃત રીતે કરાયેલા દબાણો તોડી પડાશે તેવું જાણવા મળ્યું હતું. ■

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉનાળુ સમય પત્રક જાહેર:

## મુંબઈની દૈનિક પાંચ ફ્લાઈટ ઉડાન ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં હિરાસર ખાતેના ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉનાળુ સમયપત્રક જાહેર કરવામાં આવ્યું હતું. જે ત્રીજી માર્ચથી ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધી અમલી રહેશે. આ સમયપત્રક પ્રમાણે એરપોર્ટથી રોજની ૧૨ ફ્લાઈટો ઉડાન ભરશે. જેમાં મુંબઈની દૈનિક પાંચ, દિલ્હીની બે, જ્યારે સપ્તાહમાં ચાર દિવસ પુના અને ગોવાની ફ્લાઈટ ઉડાન ભરશે. તે ઉપરાંત દિલ્હી જવા માટે સવારના સમયે એકપણ ફ્લાઈટ રાખવામાં આવી નથી.

આ ઉપરાંત ઈન્ટર ડિસ્ટ્રીક્ટની હવાઈ સેવામાં દરરોજ બપોરે રાજકોટ-સુરત ૯ સીટરનું નાનુ વિમાન ઉડશે. ઈન્ડિગો એર લાઈન્સ કંપનીએ એક વધારાની ફ્લાઈટ દિલ્હી-રાજકોટ-પુના મૂકી છે જે ડેઈલી બપોરે ૧૩-૨૫ કલાકે લેન્ડ થઈ ૧૪-૦૦ કલાકે પુના જવા ઉડાન ભરશે. સાપ્તાહિક સેવામાં પુના-રાજકોટ- પુના સપ્તાહમાં દર મંગળ, બુધ, ગુરુ, રવિવારે અને ગોવા-રાજકોટ- ગોવા સપ્તાહમાં દર સોમ, મંગળ, ગુરુ અને શનિવારે ઉડ્ડયન શરૂ રહેશે.

ઉનાળુ સમય પત્રક પૂર્વે ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટે ઈન્ડિગો અને એર ઈન્ડિયા એક્સપ્રેસ એર લાઈન્સ કંપનીએ દુબઈ, બેંગકોક સહિતની વિદેશની ફ્લાઈટ શરૂ કરવા સર્વે હાથ ધર્યો હતો, પરંતુ હજુ સુધી એક પણ ફ્લાઈટ શરૂ કરવા કંપની આગળ આવી નથી. પરિણામે રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થવાના હજુ કોઈ એંધાણ દેખાતા નથી. ■

# કચ્છમાં ગુલાબી વાતાવરણ: ૧૫ ડિગ્રી લઘુતમ, જયારે ૩૪ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે નલિયા અને ભુજમાં હિલસ્ટેશન જેવો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ફાગણ મહિનો અંત ભણી આગળ ધપી રહ્યો છે ત્યારે ઋતુ સંધીકાળના શરૂ થઇ ચૂકેલા સમયગાળા દરમ્યાન દેશના પહાડી વિસ્તારોમાં મોસમી ગડબડીને પગલે પલટાયેલા વાતાવરણને પગલે ઉત્તર ભારતમાં પડી રહેલી કાળઝાળ ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને શિયાળાની ઋતુ દરમ્યાન એકધારા સિંગલ ડિજિટ લઘુતમ તાપમાન સાથે ઠરીને ઠીકરું થઇ જનારા અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં આજે લાંબા અંતરાલ બાદ ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા, વહેલી સવારે ઠંડી અનુભવાઈ હતી અને મહત્તમ તાપમાનનો પારો પણ ઊંચે ચઢીને ૩૪ ડિગ્રી પર પહોંચી જતાં જાણે અકળાવનારી ગરમી ગાયબ જ થઇ ગઈ છે.

નલિયા ઉપરાંત ભુજમાં પણ ઉત્તરાદિ પવનો ફૂંકાવા ઓછા થવાની સાથે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સે. જયારે લઘુતમ તાપમાન ૨૧ ડિગ્રી પર પહોંચી જતાં ભુજ શહેર જાણે ગરમી મુક્ત શહેર બન્યું છે.

કચ્છની રણકાંધીના વિસ્તારો ખાવડા, બન્ની, ધોળાવીરામાં પણ ગરમીની આણ વર્તાઈ રહી છે તેમજ માંડવીમાં મહત્તમ આંક ૩૧ ડિગ્રી અને લઘુતમ આંક ૧૮ ડિગ્રી પર રહેતાં વાતાવરણ આહલાદાયક બન્યું છે.

કચ્છના મોટાભાગના મથકોમાં તાપમાનનો આંક ૪થી ૬ ડિગ્રી સેલ્સિયસ જેટલો નીચે આવી જતાં ગરમીથી ભારે રાહત થઇ છે. ભેજના પ્રમાણમાં વધારો થતાં વહેલી સવારે ઠંડીના ચમકારા સાથે ઝાકળવર્ષાથી માર્ગો ભીંજાયેલા જોવા મળી રહ્યા છે. ■

# ભાવનગરની સર્વોત્તમ ડેરી દ્વારા તા.૧ એપ્રિલ ના રોજ રજત જયંતી વર્ષના ઉદ્ઘાટન સમારોહની ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સર્વોત્તમ ડેરી ગૌરવપૂર્ણ ૨૪ વર્ષ પૂર્ણ કરી ૨૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે. જે નિમિતે ૨૦૨૫-૨૬ નું વર્ષ રજત જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. રજત જયંતી વર્ષનું ઉદ્ઘાટન આમંત્રિત મહેમાનો તેમજ સર્વોત્તમ ડેરી સાથે સંયોજિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કાર્યવાહકો, કર્મચારીઓ, પશુપાલકોની વિશાળ હાજરીમાં તા. ૧/૪/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારના ૧૦ કલાકે સર્વોત્તમ ડેરીના સર ચિલિંગ સેન્ટર મુ. સર, તા. સિહોર જિ. ભાવનગર ખાતે રાખવામાં આવ્યું છે.

રજત જયંતી વર્ષ દરમ્યાન સંઘમાં અનેક પ્રકારના ધાર્મિક ઉત્સવો, રમત ગમત, સંસ્થાના જન્મદિવસની ઉજવણી, દૂધ ઉત્પાદકો માટે તેમજ દૂધ મંડળી માટે ઇનામી હરીફાઈ, દૂધ વધારવાના પગલાઓ, દાણ વેચાણ વધારી જિલ્લાભરના પશુઓની તંદુરસ્તી સુધારવી, સેક્સ સીમેન ડોઝ નો પ્રચાર-પ્રસાર, સંઘ તમારા દ્વારે અંતર્ગત ગામડે ગામડે પશુપાલકો ની પાસે જઈ તેઓની પ્રશ્નોની જાણકારી મેળવી તેને ઉકેલવાના પ્રયત્નો કરવા વિગેરે અનેક પ્રકારના આયોજનો થવાના છે.

દૂધ ઉત્પાદકો શ્વેતક્રાંતિ થકી આર્થિક ક્રાંતિ કરી તેઓના જીવનધોરણ ઊંચા આવે તે માટે તા. ૧/૪/૨૦૨૫ ના રોજથી રૂ.૮૫૦/- નો રેકોર્ડબ્રેક ભાવ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ■

# ભાવનગરના તળાજા ભાજપ લઘુમતિ મોરચા દ્વારા સોગાદ એ મોદી કાર્યક્રમ હેઠળ ૧૦૦ પરિવાર ને તૈયાર વસ્ત્રો અપાયાં

ભાવનગર: રાષ્ટ્રીય ભાજપ સંગઠન દ્વારા દેશમાં પ્રથમ વખત ખાસ મુસ્લિમ બિરાદરો ને લઈ કાર્યક્રમ 'સૌગાદ એ મોદી' કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જેને લઈ જિલ્લા લેવલ નો કાર્યક્રમ ભાજપ લઘુમતી મોરચા દ્વારા તળાજા ખાતે યોજવામાં આવ્યો હતો.



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

મુસ્લિમ બિરાદરો માટે ખાસ રાષ્ટ્રીય લેવલે 'સૌગાદ એ મોદી' કાર્યક્રમ જાહેર કર્યા બાદ આ કાર્યક્રમ હાલ ચર્ચા સ્થાને છે. તર્ક એવો થઈ રહ્યો છે કે ભાજપની નજર હવે મુસ્લિમ મતો ઉપર હોઈ શકે છે. આગામી સમયમાં હિન્દુ વોટબેન્ક ના મતો કમી થાય તો આ લઘુમતી વોટબેન્ક સત્તા સુધી પહોંચવામાં કામ લાગી શકે છે.

ખાસ કરીને સ્થાનિક સ્વરાજની પાલિકા, તાલુકા જિલ્લા પંચાયતમાં મુસ્લિમ મત બેન્ક મહત્ત્વની પુરવાર તળાજા માટે થઈ રહી છે. તળાજા નગરમા મુસ્લિમ મતો આશરે છ હજારથી વધુ આંકવામાં આવી રહ્યા છે. આ મતો આગામી કોઈપણ ચૂંટણી સમયે ઉમેદવારને જીતાડવા માટે મહત્ત્વના સાબિત થઈ શકે તેમ છે. તેને લક્ષમાં રાખીને કહી શકાય કે જિલ્લા લેવલનો કાર્યક્રમ તળાજા ખાતે યોજવામાં આવ્યો હતો. જિલ્લા લઘુમતી મોરચાના મહામંત્રી હનીફભાઈ તુર્કી એ જણાવ્યું હતુ કે આ કાર્યક્રમ પોતાના ઘરે જ રાખવામાં આવ્યો હતો. પોતાના દ્વારા જ જરૂરિયાતમંદ મુસ્લિમ પરિવારના બાળકો, મહિલા અને પુરુષ મળીને એકસો પરિવારને નવા તૈયાર વસ્ત્રોની ભેટ આપવામાં આવી હતી. આ પ્રકારનો ભાજપ લઘુમતિ મોરચા દ્વારા પ્રથમ વખત તળાજા ખાતે યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ ઇદ ઉત્સાહપૂર્વક ઉજવી શકે તેવો છે. ■

# અમરેલીના બગસરા બાદ ડિસામાં પણ શાળાના વિદ્યાર્થીઓએ બ્લેડથી હાથ પર કાપા માર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાજેતરમાં અમરેલી જિલ્લાના બગસરાની શાળામાં ભણતા એક વિદ્યાર્થીએ તેના સાથી વિદ્યાર્થીઓને હાથ પર કાપા મારવા ૧૦ રૂપિયાની ઓફર આપી હતી અને શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ બ્લેડથી હાથ અને પગ પર કાપા માર્યા હતાં. આ ઘટના બાદ હવે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડિસામાં શાળાના વિદ્યાર્થીઓએ એકબીજાને ચેલેન્જ આપીને હાથ પર બ્લેડના કાપા માર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

આ ઘટના અંગે ડીસાની રાજપુર પે સેન્ટર શાળાના આચાર્ય શ્રવણભાઇએ મીડિયાને જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં ઓનલાઇન ગેમ અંગે જાગૃતિ આવે તે માટે સેમિનારનું આયોજન કરાયુ હતું. વિદ્યાર્થીઓને આવી ગેમ ન રમવા અને તેની ગંભીરતા વિશે સમજ આપવામાં આવી હતી. આ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ અમારું ધ્યાન દોર્યું કે તેમના ક્લાસના વિદ્યાર્થીઓએ હાથ પર કાપા માર્યા હતાં.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ જણાવ્યા બાદ ચેકિંગ હાથ ધરતાં એક વિદ્યાર્થીના હાથ પર કાપા અને લિસોટા હતા. આ વિદ્યાર્થીએ આવું કરવા પાછળનું કારણ જણાવતાં કહ્યું હતું કે, મારા એક મિત્રએ મને કહ્યું કે જો હું મારા હાથ પર કાપા મારી શકું છું, તારામાં આવી હિંમત છે? તો સામે આ વિદ્યાર્થીએ કહ્યું કે હા હું પણ કેમ ના કરી શકું એમ કહીને હાથ પર ઘસકા માર્યા હતા. બીજા એક વિદ્યાર્થીએ કહ્યું કે, મારા મિત્રએ મારા માતા-પિતાના સોગંધ આપ્યા હતા એટલે મે આવું કર્યું છે.

આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે, અમરેલીના બગસરામાં પણ તાજેતરમાં આ પ્રકારની ઘટના બનવા અંગેની જાણ થતાં જ અમે ૧૦૯૮ હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. કાઉન્સેલિંગની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને મળી તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હવે સરકાર પણ બાળકો દ્વારા થતા સોશિયલ મીડિયા અને મોબાઈલના ઉપયોગ અંગે માર્ગદર્શિકા જાહેર કરવાની તૈયારીઓ કરી રહી છે. ■

# પ્રાચીન દ્વારકાના વારસાને ઉજાગર કરવા સંશોધન શરૂ: ગોમતી નદીના મુખ પાસે ડાઈવિંગ ઓપરેશન હાથ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા અને બેટ દ્વારકામાં પ્રાચિન વારસાને ઉજાગર કરવા માટે સઘન સંશોધન શરૂકરવામાં આવ્યું છે. જેના માટે અન્ડરવોટર આર્કિયોલોજી વિંગની રચના પણ કરવામાં આવી છે. હાલ પ્રથમ તબક્કામાં ગોમતી નદીના મુખ પાસે ડાઈવિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા વિભાગના વડા આલોક ત્રિપાઠીએ પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, દ્વારકા વિસ્તારમાં સંશોધન કાર્યની શરૂઆત ૧૯૭૯માં થઈ હતી. ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન લેન્ડ અને વોટર વિભાગમાં વ્યાપક સંશોધન હાથ ધરાયું હતું. તે સમયે ૨ નોટિકલ માઈલ બાય ૧ નોટિકલ માઈલના વિસ્તારમાં સર્વે કરાયો હતો. મર્યાદિત સંસાધનોને કારણે માત્ર ૫૦ મીટર બાય ૫૦ મીટરના વિસ્તારમાં જ સંશોધન શક્ય બન્યું હતું. હવે સરકારે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા અંતર્ગત અન્ડરવોટર આર્કિયોલોજિકલ વિંગની રચના કરી છે. હાલમાં ત્રણ ટીમોમાંથી બે ટીમો બેટ દ્વારકામાં અને એક ટીમ દ્વારકામાં સંશોધન કરી રહી છે.

આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા વિભાગના વડા આલોક ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, દ્વારકા એ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે. પુરાતત્ત્વવિદ અને ઈતિહાસકારો દ્વારા એક સદીથી વધુ સમયથી આ વિસ્તારમાં કામગીરી કરવામાં આવી રહી છે.હવે સરકાર દ્વારા સમગ્ર દ્વારકા તથા બેટ દ્વારકા વિસ્તારમાં સંશોધન કાર્ય હાથ ધરવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય આ વિસ્તારના ઐતિહાસિક મહત્ત્વને વિશ્વફલક પર ઉજાગર કરવાનો રહેશે. ■

# સમાજવાદી પાર્ટીના સાસંદે રાણા સાંગા વિરુદ્ધ કરેલી ટીપ્પણી મામલે જૂનાગઢ, સુરેન્દ્રનગર અને મોરબીમાં વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમાજવાદી પાર્ટીના સાંસદે રાણા સાંગા વિરુદ્ધ કરેલી અભદ્ર ટીપ્પણી મુદ્દે સમગ્ર દેશમાં ક્ષત્રિય સમાજ રોષે ભરાયો છે. આ મામલે ગુજરાતમાં સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કરણીસેના અને સામાજિક સંસ્થાઓના આગેવાનોએ જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદન આપી સાંસદનું સભ્યપદ રદ કરવા માગ કરી હતી. તે ઉપરાંત જૂનાગઢમાં વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ અને કરણી સેના સહિતના હિંદુ સંગઠનોએ કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવ્યું હતું.

સુરેન્દ્રનગરમાં પણ ક્ષત્રિય સમાજના લોકોએ સાંસદની ટિપ્પણી સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. રાજપુત કરણી સેના અને અન્ય સામાજિક સંગઠનોએ આ મુદ્દે એકજૂટતા દર્શાવી હતી. બીજી તરફ આ મામલે મોરબીમાં બજરંગદળ અને કરણી સેનાએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં સાંસદને તેમના પદ પરથી હટાવવા માગ કરાઈ હતી. કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રપતિને પણ આ સાંસદ સામે કાર્યવાહી કરવા માગ કરાઈ હતી.

ગત ૨૧ માર્ચે રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ રામજીલાલ સુમને મહારાણા સાંગાને 'ગદ્દાર' જેવા શબ્દોથી સંબોધ્યા હતા. ત્યારબાદ સમગ્ર દેશમાં વિરોધ શરૂ થયો હતો. સાંસદ સુમન જાહેરમાં માફી માગીને પોતાના શબ્દો પાછા ખેંચે તેવી માગ કરાઈ હતી. તેમજ તેમને સાંસદના પદ પરથી હટાવી દેવા ઠેર ઠેર આવેદનપત્રો અપાયા હતાં. ■

# ગુજરાત એસટી નિગમે બસ ભાડાંમાં ૧૦ ટકાનો વધારો કર્યો: શુક્રવારની મધ્યરાત્રિથી જ અમલ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા બસ સેવાનાં ભાડાંમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જે શુક્રવારે મધ્યરાત્રિથી લાગુ કરવામાં આવ્યો છે. એસટી નિગમના આ નિર્ણયથી રાજ્યના ૨૭ લાખ મુસાફરોને સીધી અસર થશે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા લાગુ થનારા નવા ભાડાંમાં ૪૮ કિમી સુધી રૂ. એકથી લઈને ૬ રૂપિયા સુધીનો વધારો કરાયો છે. ગુજરાતમાં દરરોજ ૧૮.૨૧ લાખ ગ્રામીણ મુસાફરો, ૪૬ હજાર શહેરી મુસાફરો અને ૮.૩૦ લાખ વિદ્યાર્થીઓ એમ કુલ મળીને ૨૭.૧૮ લાખ મુસાફરો રાજ્યની એસ.ટી. બસમાં મુસાફરી કરે છે.

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની કુલ ૮,૩૨૦ બસો રોજ ૪૨,૦૮૩ જેટલી ટ્રીપ પૂરી કરે છે. બધી બસો ૩૪.૫૨ લાખ કિલોમીટર જેટલું અંતર દરરોજ કાપે છે. ગુજરાતના ૧૮,૩૬૭ ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે. રોજ સરેરાશ ૬૮,૦૦૦ ટિકિટ ઓનલાઇન બુક થાય છે. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના રાજ્યમાં કુલ ૧૬ ડિવિઝન, ૧૨૫ બસ ડેપો, ૧૫૧ બસ સ્ટેશન્સ અને ૧૫૫૪ જેટલા પીકઅપ સ્ટેન્ડ છે. ■